Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૩૧૪
તા.૨૩-૧૨-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ પોષ સુદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૮ સૂર્યાસ્ત : ૦૬:૦૦

તાપમાન: ડીસા ૧૨.૯, અમદાવાદ ૧૩.૫, ગાંધીનગર ૧૩.૦, વડોદરા ૧૪.૬, સુરત ૧૭.૦, નલિયા ૧૨.૬

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...




## વિધાનસભાની ચૂંટણી બાદ નવા ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યોની બેઠકમાં સર્વસંમતિથી નેતા ચૂંટાયા : જેટલી દ્વારા જાહેરાત : ૨૫મીએ શપથની શક્યતા

અમદાવાદ

ગુજરાતમાં નવા મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળો અને સસ્પેન્સનો આજે અંત આવ્યો હતો. વિજય રૂપાણી ઉપર વિશ્વાસ વ્યક્ત કરીને ફરી એકવાર તેમને મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવાનો નિર્ણય કરાયો છે. વિજય રૂપાણીને મુખ્યમંત્રી તરીકે અને નીતિન પટેલને નાયબ મુખ્યમંત્રી તરીકે જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજે અનેક પ્રકારની ઉત્સુકતા વચ્ચે ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠક કમલમ ખાતે યોજાઈ હતી જેમાં સર્વસંમતિથી વિજય રૂપાણીની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીયમંત્રી અરુણ જેટલી દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપના વરિષ્ઠ નેતા ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા તેમના નામનું સૂચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામે સમર્થન આપ્યું હતું. પાર્ટીમાં વાતચીત કરવાની પ્રક્રિયા જારી રાખવામાં આવી છે. પત્રકારો સાથે વાતચીતમાં અરુણ જેટલીએ કહ્યું હતું કે, જો તેમની પાસે કોઈ વિકલ્પ છે તો નામ સૂચવી શકે છે પરંતુ કોઈ નામ સુચવવામાં આવ્યા ન હતા જેથી રૂપાણી અને નીતિન પટેલ સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, શપથવિધિને લઈને પ્રાથમિક તૈયારીઓ શરૂ કરવામાં આવી ચુકી છે. નાણામંત્રી અરુણ જેટલી અને ભાજપના જનરલ સેક્રેટરી સરોજ પાંડેની દેખરેખ હેઠળ ગુજરાતના નવા મુખ્યમંત્રી પસંદગી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

હાર્દિક અભિનંદન



આપ થરાદ વિધાનસભાની ચૂંટણીમાં વિજયી થયા તે બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપ ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન સર કરો એવી શુભેચ્છા.

શ્રી પરબતભાઈ પટેલ
નવનિયુક્ત ધારાસભ્ય, થરાદ વિધાનસભા

લિ.
ઠાકોર રાણાજી સોમાજી



પ્રવેશ જાહેરાત

UGC, Govt. of Gujarat માન્ય

S.I.- સેનેટરી ઈન્સ્પેક્ટર - ધો.૧૨ પાસ

કાઉન્સીલીંગ- ઘરેબેઠા / રેગ્યુલર કોર્ષ

L.I., D.V.Sci., DMLT, B.A., B.Com., B.Sc., Diploma, B.Tech (All)

શ્રી શક્તિ પોલિટેકનીક્સ ઈન્સ્ટીટ્યુટ
સૌંદર્ય સિલ્વર કોમ્પ્લેક્ષ, રાધનપુર રોડ, મહેસાણા.

૯૮૯૮૫ ૪૦૧૦૯, ૯૮૨૪૩ ૧૫૧૯૩

સોપાન- ૧ ગુજરાતી માધ્યમ

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

બાલમંદિર પ્રવેશ જાહેરાત

L.KG. English Medium

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ બાલમંદિરના સોપાન-૧(જુનિયર કેજી.)માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે પ્રવેશ ઈચ્છુક બાળકોના વાલીઓએ પ્રવેશપત્ર www.vidyamandir.org મારફત ઓનલાઈન ભરવાનું રહેશે.

ગુજરાતી માધ્યમ :
શ્રી જૈન બાલમંદિર
શ્રીમતી કે. આર. પરીખ બાલમંદિર
શ્રી સી. આર. મહેતા બાલમંદિર
— શ્રી મનુભાઈ સૂરજમલ ઝવેરી - સુરેખાબેન (કાઉન ટીવી) પરિસર, શશીવન સામે,પાલનપુર

અંગ્રેજી માધ્યમ :
શ્રીમતી એમ.એમ.મહેતા બાલમંદિર
માતુશ્રી એમ.આર.મહેતા બાલમંદિર
— પર્ણકુટીર કેમ્પસ, પાલનપુર

સૂચનાઓ :
- તા.૦૧-૦૬-૨૦૧૪ થી તા.૩૧-૦૫-૨૦૧૫ દરમિયાન જન્મેલ બાળક જ પ્રવેશને પાત્ર છે.
- પ્રવેશપત્ર ભરવાની તા.૨૩-૧૨-૨૦૧૭ થી તા.૦૨-૦૧-૨૦૧૮
- બાળકનો પાસપાર્ટ સાઈઝનો ફોટો તથા માતા-પિતાનો સંયુક્ત ફોટો અને જન્મ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સ્કેન કરી ફોર્મની સાથે ઓનલાઈન અપલોડ કરાવવાની રહેશે.
- ગુજરાતી માધ્યમ અથવા અંગ્રેજી માધ્યમમાંથી કોઈપણ એક જ માધ્યમના બાલમંદિરમાં પ્રવેશ ફોર્મ ભરવું.
- પ્રવેશપત્ર ભર્યુ હોય તેવા વાલીઓને સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ જોવા માટે તા.૪-૧-૨૦૧૮ને ગુરૂવારે સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ સંસ્થા દર્શનનો કાર્યક્રમ રાખેલ છે.
- વિગતવાર સૂચનાઓ બાલમંદિરોના નોટીસબોર્ડ અને www.vidyamandir.org પર જોવા મળશે.
- ઓનલાઈન ફોર્મ ભરવા માટે મદદની જરૂર હોય તેમણે જરૂરી ડોક્યુમેન્ટ સાથે કેપ્ટન શ્રી એ.ડી. લોહાણી કેમ્પસમાં શ્રી વી.સી.મહેતા આઈ.ટી. સેન્ટરમાં હેલ્પલાઈન સેન્ટર ખાતે સમય સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી રૂબરૂ આવવાથી ફોર્મ ભરી આપવામાં આવશે.

- નિયામક, વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

ભારત સરકાર
મહિલા તેમજ બાળ વિકાસ મંત્રાલય
આપને
૧૫ માં પારંપારિક ભોજન સમારોહ
સાત્વિક
જેવુ અન્ન તેવુ મન
માં આમંત્રિત કરે છે
૨૩-૨૫ ડિસેમ્બર, ૨૦૧૭ (સવારે ૧૦.૦૦ વાગ્યાથી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી)
એઈએસ મેદાન, ટી.વી.ટાવર પાછળ બોડકદેવ, અમદાવાદ ગુજરાત - ૩૮૦૦૫૪

ભુલાઈ ગયેલા સ્વાદ અને સંબંધોને નવેસરથી જીવીત કરવા માટેની એક સાંસ્કૃતિક અને પાક - કલાત્મક પહેલ

• ઓર્ગેનિક તથા ઈકો - ફ્રેન્ડલી કૃષિ ઉત્પાદનોનો કૃષિ મેળો, હસ્તકલા • સર્જનાત્મક પ્રદર્શન,
• લોકનૃત્ય તથા લોકગીત • ગ્રામિણ પ્રેરણાત્મક પ્રદર્શન



સૃષ્ટિ અને હની બી નેટવર્કના સહયોગથી આયોજીત

SRISTI Honey Bee Network



davp 46101/13/0024/1718

સૂર્યોદય - ૭.૧૯ સૂર્યાસ્ત - ૬.૦૦

## તિથિદર્શન

પોષ સુદ-૫ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ સુદ : પાંચમ શનિવાર નક્ષત્ર:ઘનીષ્ઠા રાત્રે ૯.૪૪ પછી શતતારા યોગ :વજ્ર કરણ :બવ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) સવારે ૮.૩૧ પછી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) લાભની નવી તક સાંપડે. વડીલ વર્ગથી લાભ થાય..**

**વૃષભ : (બ.વ.ઉ.) મનની મુરાદ પૂર્ણ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.**

**મિથુન : (ક.છ.ઘ.)આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યમાં સફળતા મળે.**

**કર્ક : (ડ.હ.)જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.**

**સિંહ : (મ.ટ.)મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્‌ભવે.**

**કન્યા : (પ.ઠ.ણ.) મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**

**તુલા : (ર.ત.) નાણાંભીડ અનુભવાય. ભાઇ-બહેન સાથે મતભેદ રહે.**

**વૃશ્ચિક :(ન.ય.) અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.**

**ધન : (ભ.ફ.ધ.)આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો.**

**મકર : (ખ.જ.)સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. માનસિક ચિંતા હળવી બને.**

**કુંભ : (ગ.શ.સ.)સમસ્યાનો ઉકેલ મળે. કાર્યબોજમાં વધારો થાય.**

**મીન : (દ.ચ.જ.થ.) દરેક કામમાં સાવચેતી રાખવી હિતાવહ. વ્યર્થ ક્રોધને ટાળવું.**

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### રૂપ યૌવન સંપન્ના વિશાલ કુલં સંભવાઃ વિદ્યાહીના ન શોભન્તે ઈવ કિંશુ કાઃ

'ભલે ને સ્વરૂપવાન અને યૌવનની મસ્ત હોય, અને ઉચ્ચ- વિશાળ કુળમાં જન્મ્યો હોય, તોપણ જેમ ખાખરાના ફૂલમં સુગંધ નથી હોતી ને તેથી જ તે શોભતાં નથી એમ વિદ્યા વિનાનો માનવી શોભતો નથી.'

વિદ્યા- અભ્યાસ- શિક્ષણ- તાલીમ- કેળવણી દ્વારા જ અભ્યાસનું ભણતર અને ઘડતર દીપી ઉઠે છે. માનવજીવનમાં સંસ્કારની સુગંધ શિક્ષણ દ્વારા આવે છે. જીવનન હેતુ- ધ્યેય- લક્ષની સમજશિક્ષણ જ આપે છે.. શિક્ષણ વિનાનું જીવન એવું જંગલી ફૂલ જેવું છે જે દેખાવે તો રૂડું- રૂપાળું લાગે છે પણ પ્રસન્નતા અપાવે એવી સગંધ ધરાવતું નથી.

સારા- મોટા- ધનિક છે સમૃદ્ધ નામના ધરાવતા પરિવારમાં જન્મ્યો હોય, દેખાવમાં પણ રૂડો- રૂપાળો હોય પણ જો 'અભણ' હોય તો તેને વિચાર- સમજ અને વાણી હોતી નથી. પરિણામે તરત તેની મૂઢતા પરખાઈ જાય, પકડાઈ જાય છે.

એટલે કે ધન- સમૃદ્ધિ- સ્વરૂપ- કુળ માત્ર નહીં, જીવનમાં જરૂરી છે માત્ર વિદ્યા અને અભ્યાસ.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

પ્રખર રાજનિતિજ્ઞ રાસબિહારી ઘોષની જન્મજયંતી છે. એમનો જન્મ ૨૩-૧૨-૧૮૪૫ના રોજ બર્દવાન જીલ્લાના નોકેટોના ગામમાં થયો હતો. એમના જીવનઘડતરમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ક્રિષ્નકુયલ ભટ્ટાચાર્ય, દ્વારકાનાથ મિત્ર અને સર તારકનાથ પાલિતનો ઘણો મોટો ફાળો છે.

તેઓ સાહિત્યના ખુબ શોખીન હતા અને એમની પોતાની પણ એક સમૃદ્ધ લાઈબ્રેરી હતી.

તેઓ ત્વરિત અને ક્રાંન્તિકારી સુધારણાના વિરોધી હતા. તેઓ માનતા કે સુધારણા ક્રમશ : અને ધીમી ગતિએ જ થવી જોઈએ, જેથી સમાજને આંચકો ન લાગે. આ મહાનુભાવનું ૨૮-૧-૧૯૨૧ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

<u>ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે</u>

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા અંતર્ગત ગુરૂ ગરિમા શીબિર/ છાત્ર સન્માન સમારંભ યોજાશે

પ્રતિ. વડાવળ

ભારતીય સંસ્કૃતિ એ દેવ સંસ્કૃતિ છે. વિદ્યાર્થીઓમાં આ સંસ્કૃતિનો વિકાસ થાય એ હેતુથી ૧૨ વર્ષે ગાયત્રી પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સમગ્ર ભારતમાં અલગ અલગ રાજયોમાં સ્થાનિક અનુકુળતાઓમાં ગોઠવાય છે. ચાલુ વર્ષે ગુજરાત ખાતે આ પરિક્ષા ગત સપ્ટેમ્બર-૨૦૧૭ માં યોજાઈ ગઈ. જેમાં બનાસકાંઠાના કુલ ૨૭૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પરીક્ષામાં તાલુકા સ્તરે પ્રથમ અને દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને જિલ્લા સ્તરે ક્રમ નક્કી કરવા માટે પુનઃમૂલ્યાંકન કસોટી યોજાય છે. અને તેમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને જિલ્લા સ્તેરે પ્રથમ અને દ્વિતીય ક્રમ દરેક ધોરણવાર આપવામાં આવે છે. આ ઉપરાંત તાલુકા અને જિલ્લા સતરે ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પારિતોષિક આપીને તેમનું સન્માન કરવામાં આવે છે. તથા શાળાના આચાર્ય અને શિક્ષકો માટે ગુરૂ ગરિમા શિબિરનું આયોજન પણ કરવામાં આવે છે.

ચાલું વર્ષે ગુરૂ ગરિમા શિબિર અને છાત્ર સન્માન સમારંભ ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે આગામી ૨૪ ડીસેમ્બર ૨૦૧૭ (રવિવાર) ના રોજ આયોજીત કરવામાં આવેલ છે, જેમાં બનાસકાંઠાની તમામ શાળાના આચાર્યઓ અને સહયોગી શિક્ષકોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમના સમારંભના પ્રમુખ છગનભાઈ એસ.પટેલ (નિયામકશ્રી ડી. એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા), અતિથિ વિશેષ તરીકે દિનેશભાઈ વ્યાસ (પ્રભારી, ઉત્તર ગુ-જરાત ઉપઝોનલ. મહેસાણા) તથા મુખ્ય મહેમાન તરીકે જાગૃતિબેન આર.દેસાઈ (તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ડીસા) ઉપસ્થિત રહેનાર છે.

# હાઇકોર્ટ સહિત રાજ્યના બધા બાર એસો.ની ચૂંટણી પરિપૂર્ણ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટ સહિત રાજયના ૨૫૩ જેટલા વિવિધ બાર એસોસીએશનો(વકીલમંડળો)ની ચૂંટણી આજે અત્યંત રસાકસી અને ઉત્તેજનાભર્યા માહોલ વચ્ચે સંપન્ન થઇ હતી. વકીલોએ ભારે ઉત્સાહભેર મતદાન કર્યું હતું. જો કે, રાજયના કેટલાક બાર એસોસીએશનોમાં વકીલોએ મતદાનમાં ઉદાસીનતા દાખવી હોવાનું પણ સામે આવ્યું હતું. જો કે, રાજયના તમામ વકીલમંડળોની ચૂંટણી ભારે રસાકસીભર્યા અને ઉત્સાહભર્યા માહોલમાં યોજાઇ હતી. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના પ્રમુખ તરીકે એડવોકેટ અસીમ પંડયા અને ઉપપ્રમુખ તરીકે એડવોકેટ સમીર દવે બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે. તો, અમદાવાદ બાર એસોસીએશનમાં સિનિયર એડવોકેટ વિનોદ ડી.ગજ્જર સેક્રેટરી પદે બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે. બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા સુધારેલ નિયમો મુજબ, ગુજરાતમાં આજે તમામ વકીલમંડળોની ચૂંટણી એકસાથે એક જ દિવસે યોજાઇ હતી. વહેલી સવારથી જ વકીલ ઉમેદવારો અને મતદારોમાં ભારે ઉત્સાહ અને ઉત્તેજનાભર્યો માહોલ જોવા મળતો હતો. રાજયના સૌથી મોટા બાર એસોસીએશન એવા ફોજદારી કોર્ટના અમદાવાદ ક્રિમીનલ કોર્ટસ બાર એસોસીએશનમાં ૩૯૦૦ વકીલ મતદારો પૈકી ૨૪૮૬ મતદારોએ મતદાન કર્યું હતું. તો, મીરઝાપુર કોર્ટમાં અમદાવાદ ગ્રામ્ય બાર એસોસીએશનમાં ૧૦૮૨ વકીલ મતદારો પૈકી ૯૨૩ મતદારોએ મતદાન કર્યું હતું. આ જ પ્રકારે સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના અમદાવાદ બાર એસોસીએશનમાં કુલ ૧૪૬૫ વકીલ મતદારો પૈકી ૧૦૩૭ વકીલ મતદારોએ મતદાન કર્યું હતું. અમદાવાદ બાર એસોસીએશનના સેક્રેટરી તરીકે વિનોદ ગજ્જર એક માત્ર બિનહરીફ ચૂંટાયા હતા. દરમ્યાન ગુ-જરાત કો.ઓ. બાર એસોસીએશના મેનેજ તરૂણ ઠક્કરે જણાવ્યું હતું કે, ગુ-જરાત કો ઓપરેટીવ બાર એસોસીએશનમાં મોટાભાગના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. જેમાં પ્રમુખ તરીકે હિતેન્દ્ર રમણલાલ શાહ, ઉપપ્રમુખ તરીકે આશિષ ઈન્દુલાલ શાહ, સેક્રેટરી તરીકે ઈન્દ્રજીતસિંહ જાડેજા, જોઈન્ટ સેક્રેટરી તરીકે કમલેશ પટેલ અને કમીટી મેમ્બરોમાં ધીરજલાલ એ.ઠક્કર, અક્ષય ત્રિવેદી, અજીતસિંહ ગઢવી, શૈલેષ ગજ્જર, ભરત કે.મહેતા અને વૈશાલીબહેન પટેલ, સુનીલકુમાર ભટ્ટ ચૂંટાઇ આવ્યા હતા. આ વખતની વકીલ મંડળોની ચૂંટણીમાં સૌપ્રથમવાર વન બાર વન વોટ નિયમ મુજબ મતદાનની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. મોડી સાંજે ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના સેક્રેટરી તરીકે પૃથ્વીસિંહ જાડેજા, જોઈન્ટ સેક્રેટરી તરીકે હાર્દિક બ્રહ્મભટ્ટ અને ખજાનચી તરીકે હુકમસિંગ ચૂંટાઇ આવ્યા હતા.

<u>તમામ અફવાઓ હોવાની બાબતને સમર્થન</u>

# કેટલીક સરકારી બેંકોના બંધ થવા મુદ્દે સ્પષ્ટીકરણ

નવીદિલ્હી

ભારતીય રિઝર્વ બેંક તરફથી કેટલીક સરકારી બેંકોના બંધ થવાને લઈને સ્પષ્ટતા કરી દીધી છે. રિઝર્વ બેંક તરફથી બેંક ઓફ ઈન્ડિયા સહિત અનેક બેંકોને પ્રોમ્ટ કરેક્ટિવ એક્શનની લિસ્ટમાં મુકી દેવામાંઆવ્યા બાદ ચાલી રહેલી અફવાનો આરબીઆઈએ અંત લાવ્યો છે. સોશિયલ મિડિયા ઉપર ચાલી રહી રિપોર્ટના સંદર્ભમાં બેંક ઓ ઈન્ડિયા સહિત નવ સરકારી બેંકોના બંધ થવાની વાત કરવામાં આવી રહી હતી. આના ઉપર આરબીઆઈએ સ્પષ્ટીકરણ જારી કરીને કહ્યું છે કે, બેંકોની સામાન્ય કામગીરી ઉપર કોઈપણ અસર થશે નહીં. આરબીઆઈએ પોતાના સ્પષ્ટીકરણમાં કહ્યું છે કે, આરબીઆઈને સોશિયલ મિડિયા સહિત અનેક એવા પ્લેટફોર્મ ઉપર એવા ખોટા અહેવાલો અંગે માહિતી મળી છે જેમાં જણાવવામાં આવ્યું હતું કે, કેટલીક સરકારી બેંકો બંધ થનાર છે. જો કે, આરબીઆઈએ આજે આ સંદર્ભમાં અહેવાલોને રદિયો આપ્યો હતો.

આરબીઆઈનું કહેવું છે કે, આ તમામ અહેવાલ આધાર વગરના છે. પ્રોમ્ટ કરેક્ટિવ એક્શનને લઈને એવા અહેવાલ આપવામાં આવી રહ્યા હતા પરંતુ આ અહેવાલ આધારવગરના છે. ભારતીય રિઝર્વ બેંકે કહ્યું છે કે, પ્રોમ્ટ કરેક્ટિવ એક્શનનો હેતુ સામાન્ય લોકો માટે બેંકોની સામાન્ય કામગીરીને રોકવા માટેનો રહ્યો નથી. કેન્દ્રીય બેંકોએ કહ્યું છે કે, સુપરવાઈઝરી ફ્રેમવર્ક હેઠળ અમે બેંકોના ફાઈનાન્સિયલ હેલ્થ સુધારવાના પગલા લઈ રહ્યા છે. બેંકોની કામગીરી ઉપર આના કારણે કોઈ અસર થશે નહીં. અત્રે નોંધનીય છે કે, રિઝર્વ બેંકે બેડલોનના સંકટના પરિણામ સ્વરુપે બેંક ઓફ ઈન્ડિયાની નવી લોન જારી કરવાની પ્રવૃત્તિ ઉપર બ્રેક મુકી દીધી હતી.

# માત્ર દોઢ વર્ષમાં ગુજરાતમાં રૂપાણીનું ગતિશીલ કાર્ય રહ્યું

અમદાવાદ

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીને જારી રાખવાનો આખરે નિર્ણય કરવામાં આવ્યો હતો. વિજય રૂપાણીને રિપિટ કરવા પાછળ પણ કેટલાક કારણો રહેલા છે. તેમના દોઢ વર્ષના ટૂંકાગાળામાં રૂપાણીએ ગતિશીલ કામગીરી કરીને તમામનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઉપરાંત પોતાની પ્રતિષ્ઠા બિલકુલ સ્વચ્છ રાખવામાં પણ રૂપાણી સફળ રહ્યા હતા. કટોકટીના સંજોગોમાં પણ રૂપાણીએ પોતાનું સ્થાન સ્પષ્ટ જાળવી રાખ્યું હતું. સાથે સાથે સંગઠનની કામગીરી પણ ઉલ્લેખનીયરીતે અદા કરી હતી. આ સિવાય રાજકોટની બેઠક પરથી ૫૩૦૦૦થી પણ વધુ મતે જીત મેળવી હતી. વજુભાઈ વાળા અને નરેન્દ્ર મોદી આ બેઠક પરથી ચૂંટણી લડી ચુક્યા છે પરંતુ રૂપાણીએ સૌથી મોટી જીત મેળવી છે. ગુ-જરાતમાં પુરની સ્થિતિ દરમિયાન પણ બચાવ અને રાહત કામગીરીમાં સતત પોતે સક્રિય રહ્યા હતા. તમામ બાબતોને ધ્યાનમાં લઈને તેમની પસંદગી કરાઈ છે.

# ધાનેરાના માલોત્રા ગામે બાળકોને બટુકભોજન અપાયું



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના માલોત્રા ગામના દાનવીર સ્વ. દોલાભાઇ ઉકાભાઇ પટેલની ૧૦ મી પુણ્યતિથીએ તેમના પરીવાર દ્વારા દર વર્ષની જેમ માલોત્રા ગામની તમામ શાળાઓના બાળકોને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યુ હતુ. જેમાં પ્રાથ્મીક અને માધ્યમિક શાળાના ૧૫૦૦ જેટલા બાળકોને બટુક ભોજન પોતાના હાથે બાળકોને આપીને સ્વ.દોલાભાઇ ઉકાભાઇના ધર્મપત્ની અમરતીબેન પટેલે આનંદ મેળવ્યો હતો.તે સિવાય પણ માલોત્રા ગામની શાળા તેમજ અન્ય સંસ્થાઓમાં પુણ્યતિથી નિમીતે અન્ય દાન પણ આપ્યુ હતુ. આ પ્રસંગે હસમુખભાઇ પટેલ તેમજ તેમના પરીવારના તમામ સદસ્યો અમદાવાદથી ખાસ હાજર રહ્યા હતા.

# કુંવાણા ગામની કાનપુરા પ્રા.શાળામાં તિથિભોજન અપાયું

પ્રતિ. લવાણા

તારીખ ૧૫-૧૨-૨૦૧૭ ના રોજ લાખણી તાલુકાની કુંવાણા ગામની કાનપુરા પ્રા.શાળામાં આચાર્ય લખમણભાઈ રાજપૂત તરફથી તિથિભોજન આપવામાં આવ્યું હતું. તિથિભોજનમાં ૬૦ બાળકોને મીઠાઈ, શાક, પૂરી આપવામાં આવ્યું હતું. શાળાના તમામ સ્ટાફ તથા એસએમસીના તમામ સભ્યો પણ તિથિભોજનમાં જોડાયા હતા બનાસકાંઠા જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ર્ડા.દિપકભાઈ દરજીનો આજે જન્મદિવસ હોવાથી શાળાના આચાર્ય લખમણભાઈ ચાવોડે તમામ બાળકોને ચોકલેટનું વિતરણ કર્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ર્ડા. ડી.આર દરજીએ આ પ્રસંગે શાળાની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ શાળાના આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા.

# સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલના એન.એસ.એસ. યુનીટ દ્વારા પ્રવાસ



ડીસા

ગત તારીખ ૨૦/૧૨/૨૦૧૭ બુધવારે સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસાના એન.એસ.એસના વિદ્યાર્થીઓ માટે પ્રોગ્રામ ઓફિસર ભાર્ગવ ભટ્ટ દ્વારા પ્રેરણા પ્રવાસનું, આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બિંદુ સરોવર(સિદ્ધપુર), બલરામ મંદિર ,પર્યાવરણ સંસ્થા- સુઘડ, મહાત્મા મંદિર(દાંડીકુટિર), ઈંદ્રોડા પાર્ક ,રાંધેજા(કુદરતી ઉપચાર કેંદ્ર), રૂપાલ જેવા વિવિધ સ્થળોએ સફાઈ,આરોગ્ય, પર્યાવરણ, ઈતિહાસ, નવસર્જન, નેતૃત્વ, સેવા વગેરે બાબતની પ્રેરણા મેળવી હતી.શાળાના આચાર્ય ફા.એ. જોન પીટર, સુરેશભાઈ વાંકાનેરડા, ભરતભાઈ, દિનેશભાઈ, સુમિતભાઈ, રિમ્મીબેને પ્રેરણા પ્રવાસને સફળ બનાવવા માટે મોટો ફાળો આપ્યો હતો.

# અમદાવાદમાં સૌપ્રથમ સંસ્કૃત મહાસંમેલન અને શોભાયાત્રા

અમદાવાદ

વિશ્વમાં વિજ્ઞાનક્ષેત્રે સંસ્કૃત ભાષા અને વૈદિક ગણિત વિષયોના પ્રચાર પ્રસાર અને સંશોધન થઇ રહ્યા છે ત્યારે સામાન્ય માણસમાં સંસ્કૃત ભાષામાં રૂચિ કેળવાય અને સંસ્કૃત ભાષા રોજબરોજના જીવનમાં બોલતા,લખતા અને વાંચતા શીખી જીવનક્રમમાં વણી લે તેવા ઉમદા આશય સાથે સંસ્કૃત ભારતી સંસ્થાના ઉપક્રમે ૧૩ જટેલી સંસ્કૃત પ્રેમી સંસ્થાઓના સહકારથી તા.૨૪મી ડિસેમ્બરના રોજ અમદાવાદ શહેરમાં સૌપ્રથમવાર સંસ્કૃત મહાસંમેલન અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાસંમેલનમાં સ્વામી પરમાત્માનંદ સરસ્વતી, સંસ્કૃત ભારતીના રાષ્ટ્રીય મહામંત્રી શ્રીશઃ દેવપૂજારી, કેન્દ્રીય મનસુખ માંડવીયા મહાસંમેલનના સંયોજન અરૂણભાઇ ડી.ઓઝા સહિતના મહાનુભાવો હાજર રહેશે. સંસ્કૃત મહાસંમેલનના ભાગરૂપે તા.૨૪મી ડિસેમ્બરે બપોરે ૨-૦૦ વાગ્યે પાલડી ચાર રસ્તાથી સંસ્કૃતમય શોભાયાત્રા નીકળશે, જે એચ.કે.આર્ટસ કોલેજ પહોંચશે. જયાં યોજાનારા સંસ્કૃત મહાસંમેલનમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પોતાની કૃતિઓ, નૃત્ય, નાટક, ગરબા ઉપરાંત સંસ્કૃતમાં સમાવિષ્ઠ વિજ્ઞાન પ્રદર્શન, શાસ્ત્ર પ્રદર્શન અને તેના પુસ્તક પ્રદર્શન રજૂ કરવામાં આવશે. આ મહાસંમેલનમાં સંસ્કૃત વીકિપીડિયા, સદ્.ઘટન પ્રદર્શન પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ અંગે મહાસંમેલનના આયોજક અરૂણભાઇ ડી.ઓઝાએ જણાવ્યું હતું કે, આજે સામાન્ય માણસોમાં અન્ય ભાષાઓની સરખામણીએ સંસ્કૃત ભાષાનો પ્રયોગ અને ઉપયોગ ઓછો થતો જાય છે ત્યારે સંસ્કૃત ભાષાનો પ્રયોગ અને ઉપયોગ રોજબરોજના જીવનમાં લોકો કરતા થાય અને સંસ્કૃત ભાષા પરત્વે લોકોમાં રૂચિ અને રસ કેળવાય તેવા ઉમદા આશય સાથે આ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. નોંધનીય વાત એ છે કે, અંગ્રેજી, હિન્દી સહિતની અન્ય ભાષાઓની સરખામણીએ સંસ્કૃત ભાષા શીખવી સરળ અને સહજ છે. ખૂબ ટૂંકા સમયમાં તે બોલતા અને લખતા વાંચતા શીખી શકાય છે. તેથી સામાન્ય જનતાએ પણ આ બાબતની નોંધ લઇ સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃત બની તેને રોજિંદા જીવનમાં અપનાવવી જોઇએ. સંસ્કૃત ભાષા આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની અમૂલ્ય ધરોહર છે, તેની કિંમત સૌકોઇએ સમજવી જ પડશે.

# જસલેણી ગામે આંખની તપાસ અને ઓપરેશન કેમ્પ

પાલનપુર

ટી.એમ.એસ. જે એન્ડ શાહ એમ.એમ ટ્રસ્ટ દ્વારા સંચાલિત"સમર્પણ' હોસ્પ્ટલ દ્વારા તા.૧૬-૧૨-૧૭ ને શનિવાર ના રોજ "જસલેણી" ગામ ખાતે વિનામુલ્યે આંખની તપાસ તથા ઓપરેશન તેમજ મેડિસીન વિભાગ દ્વારા શારીરિક તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં જસલેણી તેમજ આજુબાજુના ગામના લોકોને લાભ લીધેલ જેમાં મેડિસીન વિભાગમાં ૧૨૩ દર્દીઓ ને તપાસી જરૂરી દવા વિનામુલ્યે આપવામાં આવેલ તેમજ આંખના વિભાગમાં ૧૬૨ દર્દીઓ ને તપાસી તેમાંથી ઓપરેશન માટે જરૂરી એવા ૧૬ દર્દીઓને પાલનપુર હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે.

ઉપરોક્ત આઈ કેમ્પ નેશનલ ટ્રેકોમા એન્ડ બ્લાઈડનેસ કંટ્રોલ પ્રોગામના સહયોગથી કરેલ જેમાં ર્ડા.મૌલેશ પટેલ-ર્ડા. વત્સલ જોષી તેમજ દિનેશભાઈ તથા અન્ય સ્ટાફે સેવાઓ આપેલ હતી.

# રાહની રાજેશ્વર સેવન ટીમ જિલ્લા કક્ષાએ ચેમ્પિયન



રઘનાથ ચૌધરી

પ્રતિ. રાહ

વંડર સિમેન્ટ સાથઃ૭ ક્રિકેટ મહોત્સવ ૨૦૧૭ માં બનાસકાંઠા જિલ્લા લેવલની મેચો ડીસા ખાતે યોજાઈ હતી. જેમાં તાલુકા લેવલની ૭ ચેમ્પીયન ટીમો વચ્ચે મુકાબલો થયો હતો.જેમાં શ્રી ગજાનંદ રાહથી (થરાદ) રાજેશ્વર સેવન સ્ટારની ટીમે જબરજસ્ત દેખાવ કરી કવાર્ટર ફાઈલમાં ધાનેરા ટીમને હરાવી સેમી ફાઈનલમાં કાંકરેજ તાલુકાની થરા ટીમને હરાવી. અને ફાઈનલમાં દિયોદર તાલુકાની ટીમને હરાવી સમગ્ર બનાસકાંઠામાં ચેમ્પીયન ટીમ બની છે. ડીસા ખાતે ચેમ્પીયન ટીમને કપ અને ૧૪૦૦૦ (ચૌદ) હજારનું રોકડ પુરસ્કાર આપવામાં આવેલ.

# કાંકરીયા કાર્નિવલને હેરીટેજ થીમની સાથે આવરી લેવાશે

અમદાવાદ

અમદાવાદ શહેરને આ વર્ષે જુન માસમાં પોલેન્ડ ખાતે યોજાયેલી યુનેસ્કોની હેરીટેજ કમિટીની બેઠકમાં વૈશ્વિક કક્ષાના હેરીટેજસીટીનો દરજ્જો આપવામાં આવ્યા બાદ સૌ પ્રથમ વખત શહેરના કાંકરીયા ખાતે યોજાઈ રહેલા કાર્નિવલને હેરીટેજ થીમ સાથે આવરી લેવાનું ભવ્ય આયોજન મ્યુનિસિપલ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે આ સાથે જ કાંકરીયા કાર્નિવલમાં પ્રવેશવાની એન્ટ્રી ઉપર અમદાવાદ શહેરના મુખ્ય દરવાજાની ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવશે.અમદાવાદ શહેરમાં સતત ૧૦મા વર્ષે યોજાવા જઈ રહેલા કાર્નિવલના કેટલાક કાર્યક્રમો આ વર્ષે શહેરના ભદ્ર પ્લાઝા અને રીવરફ્રન્ટ ખાતે પણ આયોજિત કરવામાં આવનાર છે. આ અંગે મળતી પ્રમાણે, અમદાવાદ શહેરના કાંકરીયા ખાતે છેલ્લા નવથી પણ વધુ વર્ષથી દર વર્ષે ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી કાર્નિવલનું આયોજન કરવામાં આવી રહ્યું છે.પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ કાંકરીયા ખાતે આગામી સોમવાર અને ૨૫ ડિસેમ્બરથી કાર્નિવલનો ભવ્યાતિભવ્ય આરંભ કરવામાં આવનાર છે.આ અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેને લગતી તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે.આ વર્ષે જુન માસમાં પોલેન્ડના કારકો શહેર ખાતે મળેલી યુનેસ્કોની હેરીટેજ કમિટીની બેઠકમાં અમદાવાદ શહેરને વૈશ્વિક કક્ષાના હેરીટેજ શહેર તરીકે જાહેર કરવામાં આવેલું હોઈ આ વખતે કાંકરીયા ખાતે યોજાનારા કાર્નિવલનું એ દ્રષ્ટિએ પણ મહત્વ ઘણું વધી જાય છે.આ પરિસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરીયા કાર્નિવલમાં પ્રવેશવાની મુખ્ય તમામ એન્ટ્રીઓ ઉપર અમદાવાદ શહેરમાં એક સમયે પ્રવેશવાના જે મુખ્ય ૧૬ દરવાજા હતા તેની આબેહુબ પ્રતિકૃતિ પણ ઉભી કરી તેની ઓળખ મુલાકાતીઓને આપવાનો પ્રયાસ કરવામાં આવનાર છે.આ સાથે જ અમે અમદાવાદી એ શિર્ષક ઉપર તૈયાર કરવામાં આવેલું ૭૦ મિનીટનું પ્રેઝન્ટેશન એ આ કાર્નિવલની મુલાકાત લેનારા તમામ મુલાકાતીઓને માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે

**અનુસંધાન પાના નં.૬**

<u>તમારા બાળકને હૈમલીઝ ક્રિસમસની ટ્રીટ આપો</u>

### હૈમૈમલીઝની 'લેટેટર્સ ટુ સાન્ટા' સ્પર્ધામાં ક્રિસમસ વખતે ખાસ પ્રવૃત્તિઓ માણો અને સાન્તાની ઓચિંતી મુલાકાત જીતો

વડોદરા

ક્રિસમસ આડે જજૂ દિવસો બાકી છે અને લંડનની સૌથી જૂની ટોય શોપ - હૈમલીઝ ખાતે તમારા મનપસંદ કેરકે ટર્સ સાથે ક્રિસમસની ઉજવણી કરવા સિવાય અન્ય કોઈ માર્ગ ન હોઈ શકે. ૨૫૦ વર્ષથી દુનિયા ભરમાં પરિવારો માટે આનંદપ્રદ રમકડાં બનાવવા માટ ેહૈમલીઝ જાણીતી છે. હૈમલીઝનો વડોદરા ખાતેનો ટોય સ્ટોર રમકડાંના અદભૂત સિલેક્શનની ઓફર આપે છે અને તે પણ લાઈવ ડેમો તથા તહેવાર દરમિયાન ખાસ પ્રવૃતિઓ સાથે તે ઓફર કરાય છે. ક્રિસમસ વીકએન્ડ દરમિયાન ઉજવણી ચાલુ રહેશે અને તેમાં સ્પેશિયલાઈઝ્ડ આર્ટિસ્ટ્સ પણ સામેલ હશે જે તમારા બાળકોને વિવિધ પ્રવૃતિઓમાં વ્યસ્ત રાખશે, જેમકે ટેટ્ટુ પેઈન્ટિંગ અને પત્ર લેખન વગેરે તેમાં સામેલ હશે. આ ઉપરાંત, હૈમલીઝ દ્વારા દરેકના મનપસંદ માસ્કોટ - હૈમલીઝ બીઅરની મુલાકાતનું આયોજન પણ થશે. ક્રિસમસના તહેવારને વધુ ખાસ બનાવવા માટે આ સ્ટોરમાં અન્ય કોઈ નહીં ખુદ સાન્તા ક્લોસ બાળકોને ભેટ આપવા માટે આવશે. આ વખતે ડિસેમ્બરમાં ક્રિસમસના જાદુ સાથે હૈમલીઝ દરેક બાળકને તમામ પરિવારોમાં પ્રિય અમારી વાર્ષિક પ્રોપર્ટી 'લેટર્સ ટુ સાન્તા' સાથે સાન્તા ક્લોસની વ્યક્તિગત મુલાકાત જીતવાની તક આપશે. વાલીઓ પત્રલેખનની વિસરાતી કલાનો આનંદ તેમના બાળકો સાન્તા ક્લોસને તમામ સારા કાર્યો વર્ષ દરમિયાન કર્યા હોય તેના વિશે લખશે ત્યારે મેળવી શકશે. આ સાથે તેઓ તેમના ગમતા રમકડાં વિશે પણ લખી શકશે.

# વડગામ બાર એસોસીએશનના હોદ્દેદારો બિનહરીફ વરાયા

પ્રતિ. વડગામ

વડગામ બાર એસોસીએશનના નવીન હોદ્દેદારો માટે શુક્રવારે ચૂંટણી યોજાઇ હતી. જેમાં વર્ષ ૨૦૧૮ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે હડિયોલ વિરલસિંહ મુળાજીને બિનહરીફ ચૂંટી કાઢવામાં આવ્યા હતા. જયારે ઉપપ્રમુખ પદે ચાવડા અયુબખાન પરબતખાન, મંત્રી પદે ઠાકોર પ્રવિણજી સબાજી, સહમંત્રી પદે ડાભી મહાવીરસિંહ આર અને ખજાનચી પદે વિહોલ ભરતસિંહ કે ની પણ બિન હરીફ વરણી કરવામાં આવી હતી. જેને લઇ વડગામ વકીલ મિત્રોએ બિનહરીફ ચૂંટાયેલા હોદ્દેદારોને શુભેચ્છાઓ તેમજ અભિનંદન પાઠવ્યા હતા.

# અંકલેશ્વરમાં જીપીસીબીએ ત્રણ કંપનીઓને ક્લોઝર નોટીસ ફટકારી

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં જીપીસીબી દ્વારા ત્રણ કંપનીઓ શિવ કોર્પોરેશન, બી. એમ. ફાર્મા અને સહજાનંદ કેમિકલને પ્રદૂષણ ફેલાવવા માટે ક્લોઝર નોટીસ ફટકારી હતી.

ગાંધીનગરની જીપીસીબીની વડી કચેરી દ્વારા અંકલેશ્વર રીજીયનની ત્રણ કંપનીઓને ઈન્સપેકશન રિપોર્ટના આધારે ક્લોઝર નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં શિવ કોર્પોરેશન, બી. એમ. ફાર્મા અને સહજાનંદ કેમીકલનો સમાવેશ થાય છે. પર્યાવરણના સુરક્ષાના વિવિધ કાયદાઓને અનુસંધાને આ કંપનીઓ સામે જીપીસીબી દ્વારા પગલાં ભરાયા હોય તેમ જાણવા મળી રહ્યું છે. આવનાર દિવસોમાં સ્થાનિક જીપીસીબી વીજીલન્સ ટીમ સઘન મોનિટરીંગ હાથ ધરી પ્રદૂષણ ફેલાવતા એકમો સામે ભીંસ વધારશે તેમ પણ સુત્રો તરફથી જાણવા મળી રહ્યું છે.

# ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ ટીમનો પસંદગી કેમ્પ યોજાયો


ભરત સુંદેશા

## ડીસા કોલેજના યજમાનપદે યોજાયેલ કેમ્પમાં ૫૫ ખેલાડીઓએ ભાગ લીધો

ડીસા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ ટીમનો પસંદગી કેમ્પ ડીસા કોલેજના યજમાનપદે પાલનપુર ખાતે યોજાયો હતો જેમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી જુદી-જુદી કોલેજોના ૫૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ની ભાઈઓની ક્રિકેટ ટીમ માટે પસંદગી કેમ્પ ડીસા કોલેજના શારીરિક શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ.આર. ડી. ચૌધરી દ્વારા આયોજન કરાયું હતું. પાલનપુર ખાતે તારીખ ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ યોજાયેલા કેમ્પમાં સમગ્ર ઉત્તર ગુજરાતની કોલેજોના કુલ ૫૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પસંદગી કેમ્પમાં જુદી-જુદી કોલેજોના શારીરિક શિક્ષણ વિભાગના પ્રોફેસર ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ખેલાડીઓની કૌશલતાના આધારે તેમની ટીમમાં પસંદગી થશે. જેઓ નેશનલ તેમજ ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં ભાગ લેવા જશે.

# ડીસા આદર્શ વિદ્યાસંકુલમાં ત્રિદિવસીય વ્યાખ્યામાળા યોજાશે

ડીસા

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સંસ્કાર મંડળ ડીસા સંચાલિત આદર્શ વિદ્યાસંકુલ ડીસામાં ચુનીબેન શાંતિલાલ કોઠારી વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા તા.૨૫,૨૬, ૨૭ ડીસેમ્બર ૨૦૧૭ રાતના ૭:૩૦ થી ૯-૩૦ કલાક દરમ્યાન યોજાશે. તા.૨૫-૧૨-૧૭ ને સોમવારના રોજ જામનગર આયુર્વેદ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. હિતેષભાઈ જાની "તમારૂ રસોડું એ જ તમારૂ દવાખાનું" વિષય ઉપર વ્યક્ત આપશે. તા.૨૬-૧૨-૧૭ ને મંગળવારના રોજ પૂર્વ મુખ્ય સચિવ ગુજરાત સરકાર ગાંધીનગરના પી.કે. લહેરી "લોકશાહીમાં નાગરીકોની જવાબદારી" વિષય ઉપર વકતવ્ય આપશે. અને તા.૨૭-૧૨-૧૭ ને બુધવારના રોજ ચીફ એડીટર નવગુજરાત સમય અમદાવાદના અજય ઉમટ "સાંપ્રત સમયમાં પત્રકારોની ભૂમિકા" વિષય ઉપર પોતાનું વકતવ્ય આપશે. તો ડીસા સહીત આજુબાજુ ગામના પ્રબુધ્ધ નાગરીકો આ ત્રિદિવસીય વ્યાખ્યાનમાળાનો લાભ લે તેવું આદર્શ વિદ્યાસંકુલ પરિવાર તરફથી અનુરોધ કરાયો છે.

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
**અખબારી યાદી**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ વતી, કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૩, ચાણસ્મા સર્કલ, દેનાબેંકની ઉપર, ચાણસ્મા-૩૮૪૨૨૦ (મો.૯૯૭૯૮૫૧૨૦૩) અખબારી યાદીમાં જણાવે છે કે વર્ષ ૨૦૧૭ ના ચોમાસા દરમ્યાન બનાસ નદીમાં આવેલ પુરને લીધે નદીની આજુબાજુના વિસ્તારમાં નર્મદા મુખ્ય નહેરને ભારે નુકશાન થયેલ. જેને ધ્યાને લઈ ભવિષ્યમાં આ પ્રકારનું નુકશાન ન થાય તે માટે નર્મદા મુખ્ય નહેરની સાં.૩૫૯.૮૩૬ કી.મી. ૩૬૮.૯૧૧ કી.મી. ૩૭૧.૩૦૦ કી.મી. તથા ૩૬૭.૧૩૧ કી.મી. પર કુલ ૪(ચાર) જગ્યાઓ પર કેનાલ સાયફન, સુપર પેસેજ અને ડ્રેનેજ સાયફન બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. જેના માટે નર્મદા મુખ્ય નહેરમાં વહેવડાવવામાં આવતા પાણીના ડાયવર્ઝનના કામ માટે નર્મદા મુખ્ય નહેરમાં કોફર ડેમ બનાવવાની કામગીરી હાથ ધરવાની થાય છે. તેથી તા.૨૭/૧૨/૨૦૧૭ થી તા.૦૫/૦૧/૨૦૧૮ સુધી નર્મદા મુખ્ય નહેરમાં સાં.૩૫૬.૪૨૨ કી.મી.ના ખારી-૨ સી.આર. પરથી પાણી આપવાનું બંધ કરવામાં આવશે તો તે સમયગાળા દરમ્યાન નર્મદા મુખ્ય નહેરની સાં.૩૫૬.૪૨૨ કી.મી.નાના ખારી-૨ સી.આર. ના નીચ વાસમાં (ડાઉનસ્ટ્રીમ) માં આવેલ પાટણ, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાને સિંચાઈ તથા પીવાનું પાણી પુરૂં પાણી પુરૂં પાડતી રાધનપુર, કચ્છ, વેજપુર, મડકા, માલસણ, શાખા, ઉચ્ચપા ડીસ્ટ્રી, ઈઢાટા ડીસ્ટ્રી, ઢીમા અને ગડશીસર શાખા નહેરો અને તેમાંથી નીકળતી વિશાખા નહેરોમાં તથા પીવા માટે પાણી લેતાં ઓફટેક પોઈન્ટ પરથી પાણીનો પુરવઠો બંધ રહેશે. આમ તા.૨૭/૧૨/૨૦૧૭ થી તા.૦૫/૦૧/૨૦૧૮ સુધી સિંચાઈ અને પીવાના પાણીનો પુરવઠો બંધ રહેશે. જેની સંલગ્ન તમામ ખાતેદારો, ગ્રામ પંચાયતો, અધિકારીશ્રીઓ તથા મુખ્ય નહેરમાંથી પીવાનું પાણી મેળવતી સર્વે સંસ્થાઓ અને અસરકર્તા સર્વેએ વિગેરેએ નોંધ લેવી.

નામાનિ/પાટણ/૪૦૩/૨૦૧૭-૧૮

# પાલનપુરમાં ટ્યૂશન જતાં ગૂમ થયેલા બાળકોનું પરિવાર સાથે મિલન કરાવતી પોલીસ

## માતા- પિતાએ ઠપકો આપતા બંને બાળકો ચાલી નીકળ્યા હતા





પાલનપુર

પાલનપુર શહેરના હનુમાન ટેકરી વિસ્તારમા રહેતા બે બાળકો ગુરૂવારે ટ્યૂશન જવા નીકળ્યા હતા. જ્યાંથી ગૂમ થઇ જતાં પરિવારજનો ચિંતામાં ગરકાવ થઇ ગયા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં જીલ્લા પોલીસવડાએ જાતે રસ લઇ પાલનપુર તાલુકા પોલીસ, એસ. ઓ. જી. અને એલ. સી. બી. પોલીસની મદદથી રાત્રે બંને બાળકોને શોધી કાઢ્યા હતા. દરમિયાન અભ્યાસ બાબતે બંને બાળકોને માતા- પિતાએ ઠપકો આપતાં તે ચાલી નીકળ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતુ. પાલનપુર ખાતે હનુમાન ટેકરી તિરૂપતિ બંગલોજ સોસાયટીમાં રહેતો ધ્યાન પટેલ અને વિજય પટેલ ગુરૂવારે ટ્યુશન જવા નીકળ્યા બાદ ગૂમ થઇ ગયા હતા. આથી ચિંતાતુર બનેલા પરિવારજનોએ પશ્ચિમ પોલીસ મથકે જાણ કરી હતી. આ અંગેની જાણ થતાં જિલ્લા પોલીસવડા નિરજ બડ ગુજરે જાતે રસ લઇ બંને બાળકોને શોધી કાઢવા માટે તાત્કાલિક સૂચન કરતા એલસીબી પીઆઇ જે. એચ. સિંઘવ, એસઓજી પીઆઇ એસ. એ. ડાભી, પાલનપુર પશ્ચિમ પીઆઇ આર. કે. સોલંકી, તાલુકા પીએસઆઇ એ. વાય. પટેલે સ્ટાફના સુમેરસિંહ, મુકેશભાઇ સહિતના સ્ટાફ સાથે શોધખોળ હાથ ધરી હતી. અને બંને બાળકોને પાલનપુર- અંબાજી હાઇવે ઉપર દાનાપુરા ગામ નજીકથી શોધી કાઢ્યા હતા. જેમને પોલીસ મથકે લાવી તેમના માતા- પિતાને સોંપવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે જણાવ્યું હતુ કે, માતા - પિતા દરરોજ અભ્યાસ બાબતે ઠપકો આપતા હોઇ બંને બાળકોને લાગી આવતાં તેઓ ઘરેથી નીકળી જવાનો નિર્ણય કર્યો હતો. આમ, આ કિસ્સો બાળકોને ભણવા માટે ટોર્ચર કરતા વાલીઓ માટે લાલબત્તી ધરે છે.

# કાંકરેજ તાલુકાનું આમલુન ગામ વિકાસથી વંચિત

## આમલુન ગામમાં શૌચાલય, પાકારસ્તા, સ્મશાન, દિવાલ અને પાણીના નિકાલની ગટરનો અભાવ


વિજય સિલ્વા

પ્રતિ. શીહોરી

કાંકરેજ તાલુકાના કેટલાક ગામડાઓમાં વીકાસના નામે શૂન્ય છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પુર્વ સરપંચ અને નવા ચુંટાયેલા સરપંચોની હાડમારીમાં પ્રજાનો મરો થઈ રહ્યો છે આમલુન ગામમાં મુખ્ય રસ્તા ઉપર હરિજન વાસ આવેલ છે ત્યાં ગટર ન હોવાથી સતત રોડ ઉપર પાણી ભરાતાં ગંદકીનું સામ્રાજય જોવા મળે છે. ત્યારે ગ્રામ પંચાયત તરફ જતાં ડાબી સાઈડે મોટા પાણીના ૪ થી ૫ ફુટ ઉંડા ખાડા પાણીથી ખદબદી રહ્યા છે. જેમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધવા પામ્યો છે. ત્યારે આ તમામ બાબતોને ધ્યાને રાખી તાલુકા વીકાસ અધિકારી અને ગ્રામ પંચાયત આમલુન દ્વારા આવી ગંદકીનો નિકાલ કરાવે તે જરૂરી અન્યથા રોગચાળો ફાટી નિકળવાની પ્રબળ શક્યતાઓને નકારી શકાય નહી જો કે ગ્રામ પંચાયત દ્વારા જાહેરમાં પાણી કાઢનારો સામે નોટીસો પાઠવતાં પણ પરિણામ શૂન્ય છે. ત્યારે જોવું એ રહ્યું કે આ અંગે ટી.ડી.ઓ... શું કાર્યવાહી કરે છે? તે જોવું રહ્યું.

## કચ્છના માંડવી ગામે જૈનાચાર્ય ભક્તિસૂરિ મ.સા.ની

# ૫૮મી પૂન્યતિથિએ દિવ્યાંગ બાળકોને બિસ્કીટનું વિતરણ


યશપાલસિંહ ટી.વાઘેલા

તા પ્રતિ. થરા

કચ્છની પાવન ધન્યધરાએ આવેલ માંડવી ગામે દિવ્યાંગ બાળકોને જૈનાચાર્ય કાંકરેજ દેશોધ્ધારક પ.પૂ.આભ. ભક્તિસૂરિશ્વરજી મ.સા. ની ૫૮ મી પૂન્યતિથિ નિમિત્તે અંધ, બહેરા-મુંગા તથા અપંગ શાળા મધ્યે બાળક-બાળીકાઓને બિસ્ટીક તથા ચોકલેટનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે પૂ.મૂનિ નયશેખર વિ.મ.સા. તથા પૂ.મૂનિ શૌર્યશેખર વિ.મ.સા. એ દિવ્યાંગ બાળક-બાળીકાઓને આશિર્વાદ પાઠવ્યા હતા. જૈનાચાર્ય રત્નશેખર સૂરિશ્વરજી મ.સા.ની ચોથી પૂન્યતિથિએ પણ આ દિવ્યાંગ બાળક-બાળીકાઓને ચોપડા વિતરણ કરવામાં આવેલ. આ માંડવીની બહેરા-મુંગા વીદ્યાલયમાં અભ્યાસ કરતાં દિવ્યાંગ બાળક-બાળીકાઓને વિનયભાઈ મહેતા-જાગનાથ મેડીકલ કોડાય વાળા તરફથી બિસ્કીટ તથા ચોકલેટનું વિતરણ કરવામાં આવેલ. સાથે અલ્કાબેન રાવલ, જેની છેડા કોમલ મહેતા, પૂર્વી રાવલ દ્વારા પણ બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવેલ.

# ડીસા આદર્શ સ્કૂલના બાળકોએ વેસ્ટમાંથી બેસ્ટ આઇટમો બનાવી


ભરત સુંદેશા

## ૧૫૦થી વધુ જરૂરિયાત વાળી વસ્તુઓ છાત્રોએ બનાવી

ડીસા

બનાસકાંઠા જિલ્લા ના ડીસા તાલુકા માં આવેલ ડી.એન.જે આદર્શ સ્કૂલ ના વિદ્યાર્થીઓ એ આજે વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુ બનાવી નવતર પ્રયોગ કર્યો હતો જેમાં નકામી વસ્તુ માંથી અલગ અલગ ઉપયોગી વસ્તુઓ બનાવા માં આવી હતી.

ડીસા તાલુકા માં આવેલ ડી.એન.જે આદર્શ સ્કૂલ ના વિદ્યાર્તિઓ ભણતર ની સાથે સાથે આંતરિક પ્રવૃતિઓ માં આગળ આવે તે માટે આજે શાળા ના ૫૦૦ જેટલા વિદ્યાર્તિઓ દ્વારા આજે વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુ બનાવમાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ઘરે પડેલ નકામી વસ્તુઓ તેમજ શાળા માં પડેલ વસ્તુઓ ભેગી કરીને ૧૫૦ જેટલી અલગ અલગ જરૂરિયાત બને તેવી વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુઓ બનાવમાં આવી હતી આ નવતર પ્રયોગ થકી લોકો માં પણ પ્રરેના રૂપ સાબિત થઈ શકે. આવા ઉમદા હેતુ થી આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.શાળાના શિક્ષક લક્ષમનભાઈ જાદવ દ્વારા બાળકોને પ્રેરણા અપાઈ હતી.

# જસલેણીમાં એન.એસ.એસ.ની ખાસ શિબિર યોજાઇ

પાલનપુર

શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત એન.પી.પટેલ મહિલા આર્ટસ કોલેજ. પાલપુરના એન. એસ.એસ. વિભાગના ઉપક્રમે ખાસ શિબિરનું આયોજન જસલેણી ગામમાં સતત ત્રીજા વર્ષે તા.૧૫-૧૨-૧૭ થી ૨૧-૧૨-૧૭ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ.ની ૧૦૦ વિદ્યાર્થી ઓએ ભાગ લીધેલ ઉદ્ઘાઘટન પ્રસંગે ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ શાળાના આચાર્ય તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિર દરમિયાન તેઓનો વિશેષ સાથ-સહકાર મળેલ. ખાસ શિબિર દરમિયાન પ્રભાત ફેરી, ગ્રામ સફાઈ જેવા જન જાગૃતિના કાર્યક્રમો અને રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા,એકપાત્રિય અભિનય, ડાંસ સ્પર્ધા તેમજ એન.એસ.એસ. ની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવેલ. આ શિબિરમાં તા.૧૬-૧૨-૨૦૧૭ ના રોજ જસલેણી તેમજ આસ-પાસના ગ્રામજનો માટે મેડીકલ કેમ્પનું આયોજન સમર્પણ હોસ્પિટલના સહયોગથી કરેલ. જેમાં ડોક્ટર્સ દ્વારા ૩૦૦ જેટલા દર્દીઓની નિ:શુલ્ક શારીરિક તેમજ આંખોની તપાસ કરવામાં આવેલ અને ૧૬ જેટલા મોતિયાના દર્દીઓને નિ:શુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે. સમગ્ર શિબિરનું આયોજન કોલેજના આચાર્ય ડૉ.આરતીબેન પટેલના સહકાર અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ.દિપ્તીબેન ભાખરિયા અને પ્રો.વિવેકભાઈ રાયગોરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ આભાર સહ.

# કાંકરેજ તાલુકાના તાણાં-થરા ગામે શિવ મહાપુરાણ કથા જ્ઞાન યજ્ઞ મહોત્સવ યોજાશે

તા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના તાણા-થરા ગ્રામજનો આયોજીત શ્રી શિવમહાપુરાણ કથા જ્ઞાન યજ્ઞ મહોત્સવ તાણા શિવ મંદિર સામે શ્રી શિવ આનંદધામ ખાતે કથાકાર શ્રીધનેશ્વર જોષીના વ્યાસાશને આગામી તા.૨૫-૧૨-૨૦૧૭ ને સોમવારથી તા.૨-૧-૨૦૧૮ દરમ્યાન ઠક્કર લતાબેન જયંતિલાલ કાઠીવાળાના મુખ્ય યજમાન પદે યોજાશે તા.૨૫-૧૨-૨૦૧૭ ના સવારે ૮-૦૦ કલાકે શ્રી નિલકંઠ મહાદેવ-બહુચર માતાજી મંદિરથી પોથીયાત્રા નિકળશે ને શ્રી શિવ આનંદધામ ખાતે પહોંચશે, જ્યાં ઝાઝાવડા વાળીનાથ મંદિરના મહંત ઘનશ્યામપુરીજી મહારાજ, પૂ.મમતામથી દેવી દિપ પ્રાગટ્ય કરી જ્ઞાનયજ્ઞ કથાનો શુભારંભ કરાવશે. શ્રી શિવમહાપુરાણ કથા જ્ઞાન યજ્ઞ મહોત્સવના મંડપ દાતા રાધેશ્યામ મંડપ ડેકોરેશન સ્વ.ઠક્કર ભાનુમતિબેન કાંતિલાલ ડામરલાલ થરા પરીવાર, ભોજનદાતા શ્રીમતિ લક્ષ્મીબેન અમૃતભાઈ આલ (રાજપુર) રહેશે.

શ્રી શિવમહાપુરાણ કથા જ્ઞાન યજ્ઞ મહોત્સવ દરમ્યાન રાત્રી કાર્યક્રમમાં તા.૨૫-૧૨-૨૦૧૭ રાત્રે ૯-૦૦ શ્રી સત્યાનારાયણ ભગવાનની કથા, તા.૨૬-૧૨-૨૦૧૭ રાત્રે ૮-૦૦ સંગીતમય શૈલીમાં સુંદરકાંડ, તા.૨૮-૧૨-૨૦૧૭ રાત્રે ૮-૩૦ જલારામબાપાના ભજન સતસંગ તા.૩૦-૧૨-૨૦૧૭ રાત્રે ૮-૩૦ કલાકે ચંદુમા મહીલા મંડળ દ્વારા આનંદનો ગરબો, તા.૧-૧-૨૦૧૮ રાત્રે ૯-૦૦ હાસ્ય કલાકાર અને શિવમહીમા ઈ ટી.વી. કલાકાર ભરત રાવલ, મહેશ દેસાઈ.

આ જ્ઞાનયજ્ઞ કથા દરમ્યાન પુ.સંતશ્રી સદારામ બાપુ સંત શ્રી જાનકીદાસ કમીજલા સંતશ્રી પરસોતમદાસ બાપુ-વરલી, પુ.શ્રી સૂર્યદિવી મા-સાણંદ, પુ.હાસબાઈ દેવીમાં વાંધ કચ્છ, પુ.સંતશ્રી ભુરાનંદજી કુંવારવા, સંત શ્રીરામદાસ બાપુ-શિરવાડા આશિવર્ચન આપવા પધારશે.

**ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ**

રવાના : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબ-સ્ટેશન કંપાઉન્ડ,
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ૨૨૦ કે.વી. વખા (દિયોદર) સબ સ્ટેશનથી ૬૬ કે.વી. પાદરડી સબ સ્ટેશનમાં જતી ૬૬ કે.વી. વખા - પાદરડી એકવડી લાઈનમાંથી લીલો કરી ૬૬ કે.વી. બેવડી લીલો ઝાલમોર લાઈનમાંથી તા.૨૬-૧૨-૨૦૧૭ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિદ્યુત લાઈન મોજે ગામ ઝાલમોર, ચીમનગઢ, પાદરડી, સુરાણા, મુલકપુર, રતનગઢ, નાણોટા ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિદ્યુતલાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિન અધિકૃત વ્યકિતએ અડકવું નહીં. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જીંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યકિત - પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા.૨૨/૧૨/૨૦૧૭

કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા

**ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ**

રવાના : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબ-સ્ટેશન કંપાઉન્ડ,
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ૨૨૦ કે.વી. વખા (દિયોદર) સબ સ્ટેશનથી ૬૬ કે.વી. ચમનપુરા સબ સ્ટેશનમાં જતી ૬૬ કે.વી. વખા - ચમનપુરા એકવડી લાઈનમાંથી લીલો કરી ૬૬ કે.વી. બેવડી લીલો રવેલ લાઈનમાંથી તા.૨૬-૧૨-૨૦૧૭ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિદ્યુત લાઈન મોજે ગામ રવેલ, સરદારપુરા, ભેસાણા, ડુચકવાડા, ચમનપુરા, ખાણોદર, જાડા ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તા.દિયોદર, જિ.બનાસકાંઠા તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિદ્યુતલાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિન અધિકૃત વ્યકિતએ અડકવું નહીં. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જીંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યકિત - પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા.૨૨/૧૨/૨૦૧૭

કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા

## સલમાનખાન, શિલ્પા શેટ્ટીની ટિપ્પણીના વિરોધમાં

# પાલનપુર ખાતે વાલ્મિકી સમાજે આવેદનપત્ર આપ્યું



પાલનપુર

ફિલ્મી અભિનેતા સલમાન ખાન અને શિલ્પા શેટ્ટીએ વાલ્મિકી સમાજની લાગણી દુભાવતી કરેલી ટિપ્પણીના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ત્યારે પાલનપુર ખાતે પણ વાલ્મિકી સમાજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

બંને ફિલ્મી કલાકારોએ વાલ્મિકી સમાજની લાગણી દુભાય તેવા અપમાનિત શબ્દો ઉચ્ચારતા વાલ્મિકી સમાજ ખફા થયો છે. ત્યારે આજે પાલનપુર ખાતે દોડી આવેલા વાલ્મિકી સમાજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં વાલ્મિકી સમાજે ચીમકી આપી હતી કે, જો યોગ્ય કાર્યવાહી નહિ થાય તો જિલ્લાના ૧,૨૫૦૦૦ વાલ્મિકી આમરણાંત ઉપવાસ ઉપર ઉતરશે.

# રાજ્યમાંથી ૭ હજાર શિક્ષકોને છુટા કરવામાં આવશે

**શિક્ષણાધિકારી કચેરીઓએ બહાર પાડયા પરિપત્ર**

અમદાવાદ

રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓમાં ફરજ બજાવતા પ્રવાસી શિક્ષકો માટે માઠા સમાચાર છે, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે જેમાં લગભગ ૭ હજાર જેટલા પ્રવાસી શિક્ષકોને ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ બાદ ફરજ મુક્ત કરવાની કહેવામાં આવ્યું છે.

માહિતી પ્રમાણે, રાજ્યમાંથી લગભગ ૭૦૦૦ જેટલા પ્રવાસી શિક્ષકો ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતરીય માધ્યામિક શાળાઓમાં ફરજ બજાવી રહ્યાં છે. જેઓને ૧લી જાન્યુઆરી ૨૦૧૮થી ફરજમુક્ત કરવામાં આવશે. આ અંગેનો પરિપત્ર દરેક જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓએ આપી દીધો છે. જોકે, આ નિર્ણયને લઈને હવે બોર્ડ પરીક્ષા, ધોરણ ૯ અને ૧૧માંની વાર્ષિક પરીક્ષા પર ગંભીર અસર પડી શકે છે.

નોંધનીય છે કે, ગુજરાત રાજયમાં ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ભારે ઘટ રહેતી હોવાના કારણે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૧-૧૨-૨૦૧૫થી શિક્ષકોની ખાલી જગ્યા પર માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવાની યોજના અમલમાં મુકવામાં આવી હતી. જેને પગલે અત્યારે રાજયમાં લગભગ ૭ હજારથી વધુ પ્રવાસી શિક્ષકો શિક્ષણનું કાર્ય સંભાળી રહ્યાં છે.

કમિશ્નર માધ્યમિક શાળાઓના તા. ૨-૬-૨૦૧૭ના પરિપત્રથી આ શિક્ષકોની સેવા તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી જ લેવાની હોય રાજયના અનેક જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરી દ્વારા પ્રવાસી શિક્ષકોની સેવા તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી જે લેવા અંગે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે, જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા ફેલાઈ ગઈ છે.

**જાહેર હરાજી**

આથી જાહેર જનતાને જણાવવાનું કે જાબડીયા પગાર કેન્દ્ર શાળા તા. ડીસા જિ.બ.કાં. ના ૧ (એક) ધાબાવાળો અને આઠ (૮) પતરાવાળા, ત્રણ, ૩ સિંટેક્ષ રૂમ એમ કુલ ૧૨ (બાર) વર્ગખંડોની જાહેર હરાજી તા. ૧-૧-૧૮ ના રોજ સવારે ૮.૩૦ કલાકે રાખેલ છે. તો રસ ધરાવનાર વ્યકિતઓએ નોંધ લેવી. શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

આચાર્ય
જાબડીયા પગાર કેન્દ્ર શાળા
તા.ડીસા જિ.બ.કાં.

ગ્રામ પંચાયત
જાબડીયા

એસ.એમ.સી.
જાબડીયા

**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુર**
પો.બો.નં.૨૦, બનાસડેરી, પાલનપુર - ૩૮૫૦૦૧
ફોન નં.(૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫
ફેકસ નં.(૦૨૭૪૨) ૨૫૨૭૨૩

**CIPC સુવિધા ધરાવતો કોલ્ડ સ્ટોરેજ ભાડેથી જોઈએ છે**

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. બનાસડેરી, પાલનપુરને પ્રોસેસ વેરાઈટીના બટાકા સંગ્રહ કરવા CIPC સુવિધા ધરાવતો કોલ્ડ સ્ટોર ભાડેથી જોઈએ છે.

બટાકા સંગ્રહ માટે CIPC સુવિધા ધરાવતા ૨ (બે) કોલ્ડ ચેમ્બર, પ્રતિ ચેમ્બર ૫૦,૦૦૦ કટ્ટાની ક્ષમતાવાળા ફેબ્રુ-૨૦૧૮ થી નવેમ્બર-૨૦૧૮ સુધી ભાડેથી જોઈએ છે. નકકી કરેલ શરતોને આધીન કોલ્ડ સ્ટોરેજના માલિકો ટેન્ડર ભરી શકશે.

કોલ્ડ સ્ટોર માલિકોએ તા.૦૧/૦૧/૨૦૧૮ ના બપોરના ૧૧.૦૦ કલાક સુધી સંઘના બટાકા પ્રોજેકટમાંથી ટેન્ડર કોપી રૂા.૧૦૦/- જમા કરાવી મેળવી લેવાની રહેશે. ટેન્ડર કોપીમાં પોતાની દર કિ.ગ્રા. ભાડાની ઓફર ભરી ટેન્ડર ડીપોઝીટ રૂા.૧૦,૦૦૦/- નો બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુરના નામનો ડી.ડી. સાથે તા.૦૧/૦૧/૨૦૧૮ ના રોજ ૧૫-૩૦ કલાક સુધી સંઘમાં બટાકા પ્રોજેકટમાં જમા કરવાના રહેશે.

ટેન્ડર કોપી સંઘ વેબસાઈટ www.banasdairy.coop પરથી ડાઉનલોડ કરી શકાશે. સાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ કોપી સાથે ટેન્ડર ડિપોઝીટ ઉપરાંત ટેન્ડર ફીના રૂા.૧૦૦/- નો ડી.ડી. સામેલ કરવાનો રહેશે. કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટરશ્રીને અબાધિત રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટર

# તંત્રી સ્થાનેથી ...

## જે વ્યક્તિ પહેલા કાર્ય કરે અને પછી વિચારે છે તે હરહંમેશ માટે પસ્તાય છે

## અમેરિકાની જેમ ભારત નવી રાષ્ટ્રીય સુરક્ષા રણનીતિ જાહેર કરે ?

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનને ફરીથી ટકોર કરી છે કે તે પોતાની જમીન પરથી કામ કરતા આતંકવાદી સંગઠનો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરે, અમેરિકન સંસદકોંગ્રેસ પાસેથી મંજૂરી મળ્યા બાદ ટ્રમ્પે પહેલી રાષ્ટ્રીય સુરક્ષા રણનીતિ (એનએલએસ) જાહેર કરતાં પાકિસ્તાનને ઉપરોકત વાત જણાવી હતી.

એક હકીકત છે કે આતંકવાદથી કોઈપણ દેશના અર્થતંત્રને નૂકશાન થઈ શકે છે. જો કે પાકિસ્તાન વર્ષોથી તેની અવળ ચંડાઈમાંથી બાદ આવ્યું નથી તેનો ભારત - અમેરિકા સહિત વીશ્વના મોટાભાગના રાષ્ટ્રો જાણે છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે નવી રાષ્ટ્રીય સુરક્ષા નીતિ જાહેર કરતા એવું પણ કહ્યું હતું કે ‘અમે પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છીએ છીએ. વ્યાપાર નીતિમાં ભાગીદારી ઈચ્છીએ છીએ પરંતુ પાકિસ્તાનની ધરતી પર જે આતંકવાદી સંગઠનો પડયા પાર્થયા રહ્યા છે તેને દૂર કરવા જોઈએ. તેમજ આતંકવાદી સંગઠનો વિરૂધ્ધ નિર્ણાયક કાર્યવાહી થાય તે અમે જોવા માગીએ છીએ.

એક સત્ય હકીકત છે કે અમેરિકા દર વર્ષે પાકિસ્તાનને તેની જરૂરિયાત મુજબ મોટુ ભંડોળ ફાળવે છે તેથી આતંકવાદ બાબતે પાકિસ્તાને અમોને મદદરૂપ થવું જોઈએ. વર્તમાન સંજોગોમાં અમેરિકાએ નવી સુરક્ષા નીતિમાં દર્શાવ્યું છે કે અમે પાકિસ્તાનને આતંકવાદ વીરૂધ્ધ લડાઈ તીવ્ર કરવાનું દબાણ બનાવીશું, કારણ કે અમારા સુરક્ષા દળો અને અધિકારીઓને નિશાન બનાવનારા આતંકીઓને સમર્થન આપનારા દેશ સામે કોઈપણ જાતનો સહયોગ ચાલુ શાખી શકીએ નહી.

અમેરિકા ૨૦૦૧ ના ૯/૧૧ ના હુમલા બાદથી પાક.ને અત્યાર સુધીમાં રૂા.૨.૧૧ લાખ કરોડ (૩૩ અબજ ડોલર) આવી ચૂક્યું છે.ગત ૨૫ નવેમ્બરે અમેરિકાએ મુંબઈ હુમલાના મંખ્ય કાવતરાખોર હાફિઝ સયદની ફરીથી ધરપકડ કરવા માટે પાકિસ્તાનને ટકોર કરી હતી.

નવી સુરક્ષા રણનીતિમાં કહેવાયું છે કે અમેરિકાને પાકિસ્તાનમાં સક્રિય આતંકવાદી સંગઠનોથી જોખમ રહેલું છે, તેમાં એવું કહેવાયું છે કે ભારત - પાકિસ્તાન વચ્ચે થતો ‘સૈન્ય સંઘર્ષ’એક ચિંતાનો વિષય છે. કારણ કે તેનાથી પરમાણું યુધ્ધનું વધુ જોખમ રહેલું છે. ટ્રમ્પ સરકારની આ નવી નીતી સામે વીશ્વ સમુદાય પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ચૂક્યું છે.

ત્યારે ભારતના અનેક શહેરોમાં આતંકી હુમલા થયા છે. અને નિર્દોષ લોકો ભોગ બન્યા છે. હજુ પણ પાકિસ્તાની સૈનિકો કાશ્મીર સરહદ છે. યુધ્ધ વિરોમનો ભંગ કરી રહ્યું છે અને લોકોના નિવાસ પર પાક.સૌનિકો અને ત્રાસવાદીઓ ગોળીઓ ચલાવી રહ્યા છે ત્યારત્યારે આ બધું ક્યાં લગી સહન કરવાનું ? ત્રસાવાદીઓ ગમે ત્યારે કાશ્મીરમાં ઘુસણખોરી કરે, હુમલા કરે અને જાહેર સંપત્તિને નુકશાન પહોચાડતા હોય તે બાબત ગંભીર કહી શકાય અને આ ચલાવી લેવાય તેમ નથી. ખરેખર તો ભારતે પણ અમેરિકાની જેમ નવી રાષ્ટ્રીય સુરક્ષા રણનિતી જાહેક કરવી જોઈએ અને પાકિસ્તાનની ધરતી પર વસી ચૂકેલા ત્રસાવાદી સંગઠનો વિરૂધ્ધ કડક કાર્યવાહી થાય તે અત્યંત જરૂરી છે.

ત્યારે હાલમાં પાકિસ્તાનને તેની પરમાણું હથિયારોની સુરક્ષા બાબતે ચેતવું જરૂરી છે કેમ કે ત્રાસવાદી સંગઠનો અને આઈ.એસ.આઈ ગમે તે ઘડીએ પાકિસ્તાન પર કબજો જમાવીને પરમાણું હથીયારો પોતાના કબજામાં લઈ લેશે ત્યારે વિકાસથી રાષ્ટ્રો પર હુમલા કરી પોતાની આતંકી નીતી સફળ બનાવશે તેવી સંભાવનાને નકારી શકાય તેમ નથી જો નવી સુરક્ષા રણનીતી જાહેર કરવામાં આવશે તો વિશ્વના મોટાભાગના રાષ્ટ્રોનું ભારતને સમર્થન મળશે તે વાત ચોક્કસ છે.

## બિલકુલ નોર્મલ ગર્લ હોવાનો ખુબસુરત ઈલિયાનાનો ધડાકો

મુંબઈ

બોલિવુડ અને દક્ષિણ ભારતની અનેક ફિલ્મોમાં કામ કરીને પોતાની કુશળતા સાબિત કરી ચુકેલી ખુબસુરત ઈલિયાના ડી ક્રુઝનુ કહેવુ છે કે તે બિલકુલ નોર્મલ ગર્લ તરીકે છે. તે તેને ક્યારેય કોઇ સેલિબ્રિટી તરીકે ગણતી નથી. તેનુ કહેવુ છે કે તે દરેક ભાષામાં બની રહેલી ફિલ્મોમાં કામ કરવા માટે ઈચ્છુક છે. વર્ષ ૨૦૦૬થી હિન્દી ફિલ્મો અને અન્ય ભાષાની ફિલ્મો કરી રહેલી ઈલિયાનાએ કહ્યુ છે કે તે હજુ પણ સંઘર્ષ કરી રહી છે. સપ્ટેમ્બર મહિનામાં ઈલિયાના ડી ક્રુઝે એક બ્રાન્ડ માટે વિડિયો માટે શુટિંગ કર્યુ હતુ. ફિલ્મી કેરિયર દરમિયાન તેના સંઘર્ષના દિવસોની પણ યાદ કરે છે. પોતાની અંગત સમસ્યા અંગે વાત કરવાની બાબત કેટલી ખતરનાક અને જરૂરી છે તે અંગે પુછવામાં આવતા ઈલિયાનાએ કહ્યુ હતુ કે તે પોતાને કોઇ સેલિબ્રિટી તરીકે ગણતી નથી. જેથી બોલિવુડમાં અને સામાન્ય લાઇફમાં સરળ રીતે આગળ વધી રહી છે. તે કેટલાક સામાજિક વિષય સાથે પણ જોડાઇ જવા માટેની ઈચ્છા ધરાવે છે. તેનુ કહેવુ છે કે પોતાની તકલીફને લઇને સાવધાન રહેવાની બાબત દરેક માટે ઉપયોગી છે. બોલિવુડમાં ઈલિયાનાએ રણબીર કપુર સાથે પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત બરફી મારફતે કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ સાબિત થઇ હતી. ફિલ્મમાં પ્રિયંકા ચોપડાએ પણ ભૂમિકા અદા કરી હતી.

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

## લાઈમરોડ રિટેઈલ નો દેખાવ બોલિવુડ મુવી ટાઈગર જીન્દા હે થી પ્રેરીત



આધુનિક બોલિવુડ ટ્રેન્ડ ને આગળવધારતા અગ્રણી ઇ કોમર્સ પ્લેટફોર્મ લાઇમ રોડ દ્વારા ૨૨ ડીસેમ્બર ૨૦૧૭ એ રીલીઝ થનાર બોલિવુડ મુવી ટાઇગર જીન્દા હે થી પ્રેરીત સ્ટાઈલીશ લુકનુ કલેકશન રજુ કર્યુ છે. ૧૨,૦૦૦થી વધુ લુક સાથે આ કલેકશન આતુરતાથી રાહ જોવાઇ રહેલ મુવીના લેટેસ્ટ ટ્રેન્ડ દર્શાવે છે.

લાઈમરોડના સ્થાપક અને સીઈઓ સુચી મુર્ખજી એ જણાવ્યુ કે, આજે હજારો લોકો બોલિવુડમાથી સ્ટાઇલ ટીપ્સ લેતા હોય છે. લાઈમરોડમાં અમે ગ્રાહકોની જરુરીયાત સમજીએ છીએ અને અમે તેમના માટે સૌથી ટ્રેન્ડી લાગે તેવા બોલિવુડ લુક તૈયાર કરીએ છીએ. ટાઇગરથી પ્રેરણા સ્ટાઈલીશ પુરુષો માટે ના આ કલેકશન જે લાઈમરોડ પર લાઇવ છે તે સિઝનના લોકપ્રિય ટ્રેન્ડ નો સમાવેશ કરે છે જેમા મિલેટ્રી, કેઝયુઅલ ડેનીમ તથા કલાસીક ટકસેડોનો પણ સમાવેશ છે.

## સમસ્ત બ્રહ્મ પરિવાર દ્વારા હાઈટેક ટેકનોલોજીથી સજ્જ

અમદાવાદ

સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૪ ડિસેમ્બર,૨૦૧૭-રવિવાર ના રોજ હાઈટેક ટેકનોલોજી થી સજ્જ ભારતના સૌથી મોટો જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માં ૫૦૦૦ થી પણ વધુ યુવાઓ ભાગ લેશે. આ સમાજના ટ્રસ્ટી શ્રી જાગૃતિબહેન ત્રિવેદી જણાવે છે કે, “આ જીવનસાથી પસંદગી સંમેલનનો લાભ દરેક બ્રાહ્મણને મળે તે હેતુ થી આ તૃતીય ભવ્ય સંમેલનનું આયોજન સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે ઘણા વર્ષો થી બ્રાહ્મણ સમાજ ના હિતમાં અગ્રેસર રહ્યા છે.”

## લેક્સસ ઈન્ડિયાની એનએક્સ ૩૦૦એચ આકર્ષક કિંમત સાથે લોન્ચ



પોતાની અગ્રિમ એસયુવી એનએક્સ૩૦૦એચના લોન્ચ સાથે લેક્સસ ઈન્ડિયાએ એનએક્સ૩૦૦એચની પ્રારંભિક કિંમત રૂ.૫૩.૧૮ લાખ (એક્સ-શોરૂમ)થી જાહેર કરી છે. એનએક્સ૩૦૦એચ લક્ઝરી રૂ. ૫૩.૧૮ લાખ (એક્સશોરૂમ) કિંમતમાં, જ્યારે એનએક્સ ૩૦૦એચ એફ-સ્પોર્ટ રૂ. ૫૫.૧૮ લાખ (એક્સ-શોરૂમ)ની પ્રારંભિક કિંમતમાં ઉપલબ્ધ થશે. અદભૂત રીતે ડિઝાઈન કરાયેલી એનએક્સ ૩૦૦એચને હાલમાંજ ભારતમાં લોન્ચ કરવામાં આવી હતી અને તે દેશભરમાં એકીકૃત કિંમતમાં રિટેલ વેચાણમાં રજૂ થઈ છે, જે મુંબઈ, દિલ્હી, ગુડગાંવ અને બેંગલુરુમાં લેક્સસ ગેસ્ટ એક્સ્પિરિયન્સ સેન્ટર્સ તથા ચંદીગઢ, હૈદરાબાદ, ચેન્નઈ અને કોચી ખાતે લેક્સસ ઓથોરાઈઝ્ડ સર્વિસ કોર્નર્સમાં ઉપલબ્ધ છે. ભારતમાં આ બ્રાન્ડનુ આગમન થયું ત્યારથી, લેક્સસે તેના હાઈબ્રિડ-ફોકસ્ડ લાઈન અપ, નવા મોડેલની ઝડપી ઉપલબ્ધતા અને લેક્સસ માલિકો માટે કાર્બન ન્યુટ્રલિટી અંગેના કદમો સાથે અમીટ સ્થાનિક પ્રભાવ સર્જ્યો છે.

## ફુડ સોલ્યુશન ઈન્ડિયા લિ. યુએસએફડીએ માન્યતા સાથે દેશની પ્રથમ ફુડ કંપની બની

અમદાવાદ સ્થિત ફુડ સોલ્યુશન ઈન્ડિયા લિ. યુએસએફડીએ માન્યતા મેળવનારી દેશની પ્રથમ ફુડ કંપની બની છે. કરામાત બ્રાન્ડ હેઠળ રેડી ટુ ઈટ પ્રોડકટ પોર્ટફોલિયોમાં સુપ ટુ ડેઝર્ટ સુધીની તમામ ખાદ્યચીજો અને ઝડપી ફુડ સોલ્યુશન પુરું પાડતી કંપની કલોલ નજીક ૭,૦૦૦ સ્કવેરયાર્ડમાં ઉત્પાદન સુવિધા ધરાવે છે.

કંપનીના ચેરમેન મહેશ પઢિયારના જણાવ્યા અનુસાર કેટરર્સ માટે સમય બચાવતી ફુડ આઈટમ્સમાં રેડી ટુ કુક બ્રાન્ડ બાદ કંપની ટૂંક સમયમાં રીટેઈલ બિઝનેસમાં પણ ઝંપલાવશે. કંપની વર્ષ ૨૦૨૦ સુધીમાં રૂ.૧૦૦ કરોડના ટર્નઓવર પહોંચવાનો લક્ષ્યાંક ધરાવે છે અને કંપનીના વિસ્તરણ માટે આઈપીઓ લાવવાની પણ યોજના છે. ફુડ સોલ્યુશન ઈન્ડિયા લિમીટેડ (FSIL) કંપનીએ રેડી ટુ ઈટ પ્રોડકટમાં સારી નામના મેળવી છે. કંપનીએ છેલ્લાં દસ વર્ષમાં તમામ સેકટરમાં હરણફાળ ભરી છે.

## પીઆરએસઆઈ અમદાવાદ ચેપ્ટરને જોઈન્ટ બેસ્ટ ચેપ્ટરનો એવોર્ડ એનાયત



પીઆરએસઆઈ-અમદાવાદ ચેપ્ટર દ્વારા વિશાખાપટ્ટનમ ખાતે ૧૫ ડિસે.થી ૧૭ ડિસે., ૨૦૧૭ દરમિયાન આયોજિત ઓલ ઈન્ડિયા પબ્લિક રિલેશન્સ કોન્ફરન્સમાં તેને પ્રાપ્ત થયેલા ‘બેસ્ટ ચેપ્ટર એવોર્ડ’ની વિગતો જણાવવા માટે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પીઆરએસઆઈ-અમદાવાદ ચેપ્ટરનું પ્રતિનિધિત્વ કરતા ૧૧ સભ્યોએ ૩ દિવસીય નેશનલ પીઆર કોન્ફરન્સમાં હાજરી આપી હતી અને પ્રતિષ્ઠિત પીઆરએસઆઈ- ‘બેસ્ટ ચેપ્ટર એવોર્ડ’ આંધ્રપ્રદેશના માનવ સંસાધન મંત્રી શ્રી ગંટા શ્રીનિવાસ રાવ, પબ્લિક રિલેશન્સ સોસાયટી ઓફ ઈન્ડિયાના નેશનલ પ્રેસિડન્ટ શ્રી અજીત પાઠક, પબ્લિક રિલેશન્સ સોસાયટી ઓફ ઈન્ડિયાના સેક્રેટરી જનરલ નિવેદિતા બેનરજી, વાઈસ પ્રેસિડન્ટ (દક્ષિણ) શ્રી યુ.એસ. શર્મા અને વિઝાગ ચેપ્ટર સેક્રેટરી પી.એલ. કે. મૂર્તિ તથા અન્ય વરિષ્ઠ પીઆરએસઆઈ સભ્યો ની ઉપસ્થિતિમાં પ્રાપ્ત કર્યો હતો.

## આ ક્રિસમસ પર સાંજે ૮ વાગ્યે બરેલી કી બર્ફી હાસ્યની છોળો ઉડાડશે!



ક્રિસમસ એ સમય છે, જે પરિવારની સાથે ખૂશી માણવાનો છે, અત્યંત હાસ્ય સાથેના સંપૂર્ણ પારિવારિક મૂવી લાવનારી, એન્ડપીક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ પર જેમાં ૨૫મી ડિસેમ્બર, સોમવારે સાંજે ૮ વાગ્યે બરેલી કી બર્ફીનું પ્રિમિયર જોવા મળશે. એક સુંદર પ્રેમકથા, આશ્વિની ઐયર તિવારી દ્વાર દિગ્દર્શીત બરેલી કી બર્ફીમાં તમને હાસ્ય, નાટક અને પ્રેમ જોવા મળશે. ઘણા એવા પાત્રો છે, જે તમારા રોજિંદા જીવનમાં જોવા મળે તેવા છે, બરેલી કી બર્ફી એ એક મનોરંજનનો ભંડાર છે, જેમાં મુશ્કેલ અને કોમર્શિયલ હિસ્સા જેવા ભાગની દરેક પરિસ્થિતિમાં પણ હાસ્ય મળી આવે છે. કિર્તી સેનોન, આયુષ્માન ખુરાના અને રાજકુમાર રાવ મુખ્ય પાત્ર ભજવવાની સાથે ઘણા આકર્ષક નાના ડાયલોગ પણ બોલતા જોવા મળે છે, બરેલી કી બર્ફી એ આ તહેવારોની સિઝનમાં સંપૂર્ણપણે ક્રિસમસ ની રજૂઆત છે!

## પ્રોડ્યુસર સિદ્ધાર્થ પી. મલ્હોત્રા ઝી ટીવીની વો અપના સાથી છૂટા પડ્યા



ઝી ટીવીના પ્રસિદ્ધ શો વો અપના સા તેની પ્લોટલાઈન અને રસપ્રદ વાર્તાને લીધે દર્શકો પર પકડ જમાવી રહી છે. તાજેતરમાં શોમાં ૨૦ વર્ષનો લીપ આવ્યો છે, જેમાં સુદિપ સાહિર અને દિશા પરમાર દ્વારા જે મુખ્ય પાત્ર ભજવવામાં આવી રહ્યું છે, તેમાં નિશાનું મુખ્ય પાત્ર ભજવવા માટે રિદ્ધી ડોંગરાને સ્થાને માનસી સાલ્વીનો પ્રવેશ થયો છે. અને હવે, વો અપના સામાં નવું સામે આવ્યુ છે કે, શોના પ્રોડ્યુસર સિદ્ધાર્થ પી. મલ્હોત્રાએ આગળ વધવાનું નક્કી કર્યું છે. ઝી ટીવીએ હવે, એલ્કેમી પ્રોડક્શન્સને બદલે રશ્મિ શર્મા પ્રોડક્શનને કામ આપ્યું છે, જે હવે, પ્રોડ્યુસ કરશે અને આગળ વધારશે.

## પ્રદૂષણથી બચવાના ઉપાય શોધવા પડશે

જગતઆખામાં ચીનના પાટનગર બીજિંગમાં હવાના પ્રદૂષણની એવી ખરાબ હાલત છે કે ત્યાં લોકો એન-૯૫ નામના હવાની શુદ્ધિ કરનારા અને કાર્બનને દૂર કરનારા નેખાસ કરીને વાઈરસના હુમલા દરમિયાન વપરાતા સર્જિકલ માસ્ક વાપરવા લાગ્યા છે. ગયા સપ્ટેમ્બર મહિનામાં સિંગાપોરમાં અચાનક ધુમ્મસ સાથે પ્રદૂષણ વધી ગયું હતું ત્યારે સરકારે જ લોકોને આ પ્રકારના માસ્ક ઉપલબ્ધ કરાવ્યા હતા અને સ્કૂલો બંધ કરી હતી. બીજિંગની અમેરિકી ઍમ્બેસી દ્વારા ગયા શુક્રવારે (કેજરીવાલની ટીમે નિર્ણય કર્યો એ જ દિવસે) હવાની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું ત્યારે હવાની ગુણવત્તા ’અનહેલ્ધી’ (૧૭૮ પ્રદૂષિત તત્ત્વોવાળી) હતી.

દિલ્હીનું પ્રદૂષણ બીજિંગ કરતા વધુ ખરાબ, ૩૪૧ પોલ્યુટન્ટ ધરાવતું હતું અને ગુણવત્તા ’વેરી પૂઅર’ હતી. વળી ભારતનું વ્યાપારી પાટનગર પણ પાછળ નથી. મુંબઈમાં એ જશુક્રવારે હવાની ગુણવત્તા ’પૂઅર’ હતી અને હવામાં ૨૫૪ પોલ્યુટન્ટ હતાં. બીજિંગ કરતા મુંબઈમાં એ દિવસે હવા ૪૩ ટકા વધારે પ્રદૂષિત હતી.પ્રદૂષણ નાબૂદીની ચીનની યોજનામાં ૨૦૨૦ના વર્ષ સુધીમાં પાવર સેક્ટરમાં વછોડવામાં આવતાં પ્રદૂષિત વાયુ (એમિશન)માં ૬૦ ટકા જેટલો કાપ કરશે. જોકે મુંબઈમાં આવી ’કેજરીવાલ ફોર્મ્યુલા’ લાગુ કરવામાં આવે તો શું થઈ શકે? એક અહેવાલ ’મુંબઈ ઈઝ ઓન વર્જ ઑફ ઈમ્પલોડિંગ’માં પ્રદૂષણ ફેલાવા સંબંધી વર્ગવાર આંકડા સાથે જાણકારી આપવામાં આવી હતી. એમાં રોજનો ૭૦૦૦ મેટ્રિક ટન કચરો-વેસ્ટ પેદા થતો હોવાનું અને ડમ્પિંગ ગ્રાઉન્ડ રૂંધાઈ-અવરોધાઈ ગયા હોવાનું જણાવાયું હતું. વાહનોથી થતા પ્રદૂષણ માટે જણાવાયું હતું કે, મુંબઈના રસ્તા ઉપર ૭,૦૦,૦૦૦ કાર હોય છે. એ સાથે એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સત્તાવાળાઓ માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમને, ટૂંકમાં જાહેર પરિવહનને નક્કર બનાવવા, એ માટે રસ્તા બાંધવા કે પરિવહનને ઝડપી બનાવવાને બદલે આડકતરી રીતે એટલે કે ફ્લાયઓવરો અને એક્સપ્રેસ વે બનાવીને લોકોને ખાનગી વાહનોની માલિકી ધરાવવા માટે પ્રેરિત કરે છે.એ અહેવાલ પ્રમાણે ઝેરી નાઈટ્રિક ઓક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડનું પ્રમાણ પ્રતિ ક્યૂબિક મીટરે ૨૫૨ માઈક્રોગામ (એમસીજી-એમ)જેટલું હોય છે, જે ૮૦ એમસીજી-એમની સલામત મર્યાદા કરતા ત્રણ ગણું વધારે રહે છે.ટ્રાફિક જામમાં પ્રદૂષિત વાયુ-એમિશનને શ્ર્વસતાં ૧.૨ કરોડ લોકો ગ્રેટર મુંબઈના ૪૮૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં સપડાયેલાં રહે છે, પ્રતિ ચોરસ કિલોમીટરે સપડાયેલાં લોકોની સંખ્યા ૨૦,૬૮૦ માણસની થઈ કહેવાય. એ સાથે અન્ય એક અહેવાલ અનુસાર ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ દરમિયાન વાહનોની સંખ્યામાં પ્રચંડ વધારો થયો હતો. અન્ય એક અહેવાલ અનુસાર, બીઈએસટી-બેસ્ટની બસોમાં અને પરાંની લોકલ ટ્રેનોમાં છેલ્લા આઠ વર્ષમાં સતત અને ખાસ્સો વધારો થયો છે છતાં મુંબઈના જાહેર પરિવહનના આ બે લોકપ્રિય સાધનો રસ્તા પર આવનારાં ખાનગી વાહનોની સંખ્યાને પહોંચી વળી શક્યાં નથી. રાજ્યના ત્યારના પરિવહન કમિશનર વી. એન. મોરેએ મુંબઈમાં પબ્લિક-પ્રાઈવેટ ટ્રાન્સપોર્ટનો રેશિયો-પ્રમાણ ગભરાવી નાખે એવું ૧૦:૯૦નું હોવાનું સ્વીકારીને એવી ચેતવણી ઉચ્ચારી હતી કે, ★આપણે તાકીદે પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમને નક્કર અને મજબૂત બનાવવી પડશે અને રસ્તા પર ઉતરનારાખાનગી વાહનોની સંખ્યામાં ધરખમ ઘટાડો કરવો પડશે, નહીં તો આપણે બહુ મોટી કટોકટી તરફ ધસી જઈશું.આમ પ્રદૂષણનું પાપ પોકારી ઊઠે એ પહેલા મુંબઈ ચેતી શકશે?

## ક્યારેય વિચાર્યું છે કે શા માટે દરેક માળામા ૧૦૮ મણકા હોય છે?

દરેક પ્રકારની માળામાં ૧૦૮ મણકા હોય છે જે ગણવાની સાથે જાપ કરવામાં આવે તો તેટલા સમય માટે મન બંધાઇ જાય છે અને મન આમતેમ ભટકતું નથી ભારતીય પૂજા પદ્ધતિમાં ધ્યાન એટલે કે મેડિટેશનને સૌથી વધુ અસરકાર અને મહત્વનું ગણવામાં આવ્યુ છે. એવું મનાય છે કે ધ્યાનમાં ઊંડે ઊતરવાથી આત્માનો પરમાત્મા સાથે સાક્ષાત્કાર થાય છે. આ ભક્તનો ભગવાન સાથે સંવાદ સ્થાપિત કરવાનો રસ્તો છે. ધર્મશાસ્ત્રોમાં અનેક મનુષ્યો, દેવો અને અસુરોનું વર્ણન જોવા મળે છે, જેમણે વર્ષો સુધી તપસ્યા કરી ધ્યાન લગાવી પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો, તેમના દર્શન કર્યા અને ઈચ્છિત વરદાન પ્રાપ્ત કર્યુ. એટલે કે ધ્યાન એક એવી શક્તિ છે, જે ભગવાનને પણ પ્રકટ થવા મજબૂર કરે છે. શા માટે માળાનો જાપ કરવામાં આવે છે? ધ્યાન લગાવવું, મનને એકાગ્ર કરવું થોડુ અઘરું કામ છે, કારણ કે માણસનું મન અત્યંત ચંચળ છે. ધ્યાનમાં બેઠા પછી પણ તે અનેક જગ્યાએ ભટકી આવે છે. આ મનને બાંધવા માટે હિંદુ ધર્મ પદ્ધતિમાં ધ્યાન સાથે માળાનો જાપ કરવાનો નિયમ બનાવામાં આવ્યો છે. દરેક વ્યક્તિના ભાગ્યફળના અધ્યયન માટે કુલ ૧૨ રાશિઓ નક્કી કરવામાં આવી છે. હવે ૯ ગ્રહો અને ૧૨ રાશિઓનો ગુણાકાર કરવામાં આવે તો સંખ્યા આવે છે તે છે ૧૦૮. આ રીતે ભારતીય પંચાંગ ૨૭ નક્ષત્રોની પણ ગણના કરે છે. દરેક પ્રકારની માળામાં ૧૦૮ મણકા એવું મનાવામાં આવે છે કે માળાના મણકા ગણવાની સાથે જાપ કરવામાં આવે તો તેટલા સમય માટે મન બંધાઈ જાય છે અને મન આમતેમ ભટકતુ નથી. ધ્યાન કરવા માટે અનેક પ્રકારની માળા ઉપલબ્ધ છે અને દરેકમાં એક જ વાત સમાન છે તેમાં રહેલા દાણાની સંખ્યા. ધ્યાન કરવા માટે કોઈપણ માળા તમે લો, તેમાં ૧૦૮ મણકા અથવા દાણા કે મોતી હોય છે. આવું શા માટે આવો જાણીએ

માળાની પસંદગી માળા અંગે એક વાત જાણી લઈએ કે, તમે કયા ઈષ્ટદેવનું ધ્યાન કરી રહ્યા છો, તેને અનુરૂપ માળાની પસંદગી કરવામાં આવે છે. જાપ કરવા માટે બજારમાં રુદ્રાક્ષ, તુલસી, સ્ફટિક, મોતી અથવા અલગ અલગ માણકાઓથી બનેલી માળા ઉપલબ્ધ છે. આ દરેક માળાની અસર અલગ છે અને દરેક દેવ પ્રમાણે એક માળા નક્કી છે. આ માળાઓમાં ખાસ પ્રકારની ચુંબકીય અને વિદ્યુત તરંગો હોય છે, જે જાપ કરવાની સાથે સાધકના શરીર અને આસપાસના વાતાવરણમાં પ્રસરે છે. પરિણામે પૂરતી માહિતી બાદ જ જાપની માળાની પસંદગી કરવી જોઈએ. જો તમે વિના કોઈ ઉદેશ્યે માત્ર મનની શાંતિ માટે ધ્યાન કરવા ઈચ્છતા હોવ તો તે માટે સૌથી શ્રેષ્ઠ છે રુદ્રાક્ષની માળા, રુદ્રાક્ષની માળાને ફેરવતા વાતાવરણમાં ચુંબકીય અને વિદ્યુતીય સાથે કીટનાશક તરંગો પણ નીકળે છે. જે સાધકની સાથે સાથે આસપાસનું વાતાવરણ પણ સ્વસ્થ અને બીમારી રહિત બનાવે છે.

૧૦૮ મણકાનું રહસ્ય આપણા જ્ઞાની સાધુઓએ ધાર્મિક કાર્યોમાં ઉપયોગ કરનારી દરેક વસ્તુઓને અનંત વૈજ્ઞાનિક શોધ બાદ કેટલાક નિર્ણયો લીધા છે. પૂજાની દરેક વસ્તુ તેમાંથી નીકળતી તરંગો અને પ્રકૃતિ પર પડનારી તેની અસરને અનુસાર માન્ય થઈ છે. જાપની માળા માટે પ્રકૃતિના વિભિન્ન ગ્રહો, નક્ષત્રો અને રાશિઓની ગણના કરીને જ મણકાની સંખ્યા નક્કી કરવામાં આવી છે. માળાના ૧૦૮ મણકાની સંખ્યાનો આધાર આ ગણના છે-બ્રહ્માંડમાં નવગ્રહોને જ્યોતિષ ગણનામાં લેવામાં આવ્યુ છે. દરેક નક્ષત્રના ૪ ચરણ મનાય છે. હવે ૨૭ને પણ ૪ સાથે ગુણવામાં આવે તો સંખ્યા ૧૦૮ જ આવે છે. તેનો અર્થ એ છે કે જ્યારે કોઈ સાધક માળા ફેરવી રહ્યો હોય તો તે પોતાના દરેક સ્પર્શથી બ્રહ્માંડના ૯ ગ્રહો, ૧૨ રાશિઓ અને ૨૭ નક્ષત્રોનો જાગૃત કરી રહ્યો હોય છે. આ કારણ છે કે નિયમિત રીતે, પવિત્ર મનથી, પૂરાં ધ્યાનથી માળા ફેરવવાથી તેના ચમત્કારી પરિણામો સામે આવે છે.

## સાહસ

જીવનમાં આવતી અનેક વિવિધ પ્રકારની સમસ્યા આપણને મુંઝણના એવા વંટોળમાં લઈ જાય કે કોઈ માર્ગ નજરે આવતો નથી. ચારે બાજુ અંધકાર જ અંધકાર, ચારે બાજુથી માર્ગો બંધ દેખાય છે. કોઈ સરળ સુગમ માર્ગ માટે વળખાં મારીએ છીએ. ક્યાં જવું ? કેવી રીતે જવું ? કોણઆ બતાવે ? અનેક સવાલોના વાવાઝોડામાં અટવાઈ વધુ મુંજાતા રહીએ છીએ. સમસ્યાઓતો જીવનમાં આવવાની છે. આપ સમસ્યાથી ભાગીએ તો આગળ ન વધી સકીએ સાહસિક બનીને ઝંપલાવીએ સફળતા મળશે જ સાગરના કિનારે બેસી રહેવાવાળાને મોતી ન મળે મોતી મેળવવા માટે તો મરજીવા બનીને જંપલાવુ પડે.

**કવિ નર્મદે કહ્યુ છે કે,**

“યા હોમ કરીને પડો ફતેહ છે આગે” પરંતુ આપણી અંદર આવી યાહોમ કરીને પડવા હિંમત હોવી જોઈએ. જીવન જ સમસ્યાઓથી ભરેલો સાગર છે. આપણે આપણી જીવન નૈયાને કિનારે જ લાંધરી રાખીએ તો નાવનું તો કામ જ છે. સાગરની થયાટો ખાવાનું અનેક ઉંચી નીચી તોફાની લહેરો આવે લહેરાવવાનું વહાણ સાગર કિનારે સુરક્ષિતતો છે જ પરંતુ વહા કોઈ કિનારે પડ્યું રહેવા માટે બન્યુ નથી. વહાણ કામ તો અફાટ સાગરને ખેંડવાનું છે. એમ આપણે પણ સમસ્યાઓના સાગરને જોઈએ જીવનમાં નિરાશા લાવી પાછી પાની કરી હતી. જીવન ટુંકાવી દેવાનો વિચાર આવે તો જરૂર યાદ રાખજો કે “તો ફાન એ તોહફા (ભેટ) છે. વિઘ્નોને વિઘ્ન ન સમજો વિઘ્નો તો આગળ વધવાના પગથિયા છે. કે એક પગથિયું ચડો અને સફળતાનું શિખર સર કરો આપણે સીડી ચડવા પહેલાં જ માત્ર પગથિયાં ગણતા રહીશું તો શિખર સર કેમ થઈ શકે ? ચડવાની શરૂઆત કરો પગથિયાંની ગણતરી ન કરો સીડી ચડવામાં જે મહેનત છે તે ઉતરવામાં નથી. એમ જીવનને શ્રેષ્ઠ મહાન બનાવવામાં જ મહેનત છે. “મહેંદી પિસાય પછી રંગ લાવે છે” કસોટી વિના જીવન મહાન ન બની શકે. સંઘર્ષ, સમસ્યાઓ, પ્રોબ્લેમ્સથી આપણે દુર ભાગીએ છીએ. પરંતુ પ્રશ્નોનો જવાબ લખ્યાવિના પેપર પાસન કરી શકાય અને ડીગ્રી ન મળી શકે તેમ જીવનમાં અનેક તોફાનોથી જીવનનું ઘડતર થાય છે. રસ્તામાં પડેલા પથ્થરને મૂર્તિ બનવા માટે હથોડા ટાંકણા ખાવા જ પડે છે. સિવાય પથ્થરમાં છુપાયેલી મૂર્તિ બહાર આવતી નથી. જરૂર છે દૃષ્ટિકોણને બદલવાની ડરો નહી હિમ્મતથી આગળ વધો સફળતા આપના કદમ ચુમવા તૈયાર જ છે. આપ કદમ આગળ તો વધારો વિચારતા જ રહીશું તો કસું જ કરી શકીશું નહી. કસોટી તો સોનાની પણ થાય છે. લોખંડને તો ખબર પડી જાય છે. તેમ જેને મહાન બનવું તેને અનેક કસોટીઓ પાર કરવી જ પડે છે.

**- બી.કે.નીતાબેન**
**પાટણ**

પત્ની:'આજે ટીવી પર તમે સમાચાર જોયા ? એક માણસે પોતાની પત્નીને કારના બદલામાં વેચી મારી !'

પતિ:'હા,પણ તારા બદલા તો મને કોઈ સાઈકલ પર નહીં આપે !'

૦૦૦

ભિખારી:'સાહેબ,એક રૂપિયો આપો. ભગવાન તમારૂ ભલું કરશે.'

શેઠ:'આ લે દસ રૂપિયા.'

ભિખારી :'પણ મેં તો એક રૂપિયો માંગ્યો છે, પછી તમે મને દસ રૂપિયા શા માટે આપો છો ?'

શેઠ:'હું તને એકના બદલે દસ રૂપિયા આપી રહ્યો છું. તારે તો ખુશ થવું જોઈએ. પછી મને આવું શા માટે પૂછે છે ?'

ભિખારી:'શેઠ, એવું નથી. મારી પાસે પણ કોઈ એક રૂપિયો માંગતું હતું તો હું એને દસ રૂપિયા આપી દેતો હતો, અને એ જ કારણે આજે હું ભિખારી બની ગયો છું.'

૦૦૦

એક દુકાનદારના માઈક પરથી અવાજ સંભાળાયો, 'મારી દુકાનની સામે ઉભેલી લાંબી, સુંદર મોંઘી કારના માલિક માટે પહેલા તો કાર મુબારક,બીજું મારી દુકાન પાસેથી મહેરબાની કરીને એ કાર હટાવી લો.'

૦૦૦

રીના:'કેમ તેં તારી કામવાળીને કાઢી મૂકી.તે તો બહુ સારી હતી.'

મીના:'હા એટલે જ તો. તે મારા પતિને પણ બહુ સારી લાગતી હતી.'



## મધુવન

**"આજે ગરીબની થાળીમાં પુલાવ આવ્યો છે.**
**લગે છે શહેરમાં ફરી પાછો ચુનાવ આવ્યો છે"**

ચોમેર ચૌરોને ચોટે ચૂંટણીની ચર્ચા ચરમસીમા પર છે ચૂંટણી આવે ત્યારે કેવા ફેરફારો થાય છે. પોતાના પક્ષમાંથી કોઈ છેડો ફાડી લે તો પક્ષ પલટું અને કોઈ બીજો પક્ષ છોડીને આવે તો હૃદય પરિવર્તન. અજબ શબ્દોની માયાજાળમાં મતદાર ફસાઈ જાય છે.

**"કામ ધરખમ સભાનું ચાલે છે.**
**શબ્દનું કારખાનું ચાલે છે.**
**છે શરૂમાં વચન વચનને વચન**
**ને પછી તો બહાનું ચાલે છે"**

શબ્દોનાં ઠાલાં વચનો આપવાં એ નેતાઓની કલા છે. અને એ મતદારની નસ ઓળખીને બે ચાર દિવસ કેમ રાજી રાખવા એ વાત સુપેરે જાણતા આગેવાનો આ બાબતમાં આજ દિન સુધી સંપૂર્ણ સફળ નીવડ્યા છે એમ કહીએ તો ખોટું નહી ગણાય.

**"ફરી-ચૂંટણીનો- ઈર્ક્ષીર્ફૈહ નો યુગ છે.**
**થયો અર્થ: નેતાના દર્શનનો યુગ છે**
**ફરી થાશે બદનામ ગાંધીની ખાદી**
**ફરી એજ ખાદી-પ્રદર્શનનો યુગ છે"**

શેખાદમ આબુવાળાના આ શબ્દોમાં ચુંટણીના સમયની વાત છે. દર પાંચ વર્ષ જોવા મળતા નેતાઓ ચુંટણી પછી ન જાણે ક્યા અદશ્ય થઈ જાય છે. મતદારોના પૈસે વિદેશ પ્રવાસોમાં વ્યસ્ત રહે છે. દેશની સેવા કરવા આવતા આવા લોકો જનતાના મેવા ખાઈ જાય છે.

**"જરા મારાથી ચેતીને રહેજો લોકશાહી છું**
**નિરક્ષર જે પ્રજા છે તેને માટે હું તબાહી છું"**
**એક સરસ પ્રસંગ ટાંકવાનું મન થાય છે.**

એકવાર એક સંતની ઈચ્છા થઈ કે આપણે પણ દેશની સેવા કરવી જોઈએ આથી એણે બાપુ (ગાંધીબાપુ)ની આશ્રમમાં મુલાકાત લીધી અને પોતાની મનછા વ્યક્ત કરી. બાપુએ કહ્યું: આપણા દેશમાં આ ભગવા વસ્ત્રોની લોકો પુજા કરે છે. તમારે સેવા કરવી જ હોય તો ખાદી ધારણ કરવી પડશે બસ. હવે જમાનો બદલાયો છે લોકો ખાદીધારીઓની સેવા-પૂજા કરે છે. આચાર્ય રજનીશજી સેવા અંગે સરસ વાત કરે છે. જે લોકો તમારા પગ દબાવતા હોય એનાથી સાવધાન થઈ જવું જોઈએ એ લોકો ક્યારે તમારું ગળું દબાવી દે નક્કી ન કહી શકાય. રાજકરણમાં તો આ બાબત સાવ સચોટ રીતે લાગુ પડતી હોય એવું લાગે.

**"વચમાં ન પડશો ભાઈ કે સત્તાની વાત છે.**
**જંગી થશે લડાઈ કે સત્તાની વાત છે.**
**અમને ખબર છે આદમી સારો છે એ છતાં**
**કરશું અમો બુરાઈ કે સત્તાની વાત છે"**

બે ઘડી સિંહાસન ન છોડી શકતા રાજનેતાઓએ વાત કેમ ભૂલી જાય છે કે આ દેશમાં શ્રીરામ પણ પોતાનું રાજ્યાસ્થન છોડીને વનવાસ માટે ચાલી નીકળ્યા હતા. આજની વાત કરીએ તો દેશની સામે કેટલા બધા પ્રશ્નો છે. પણ રાજનેતાઓ પ્રજાને બીજી વાતોમાં વાળવામાં અને વ્યસ્ત રાખવામાં અસાધારણ રીતે સફળ ની વડ્યા છે. નાત-જાત-ધર્મ ના નામ પર જ્યાં સુધી ચુંટણીઓ થતી રહેશે ત્યાં સુધી આ દેશ એક થવાનો નથી અને ઉપરથી ખોટું બોલતા નેતાઓ સુપેરે આ વાત જાણે છે અને તેથી જ આવું જ તેઓ કરતા રહ્યા છે. કરી રહ્યા છે. મતદારે આ બાબતે ખૂબ જ શાંતીથી દેશની એકતાને અખંડિતતા માટે વિચારીને મતદાન કરવું પડશે એ એની પવિત્ર ફરજ છે. નહિ તો એમ કહેવાનો વારો આવી શકે છે.

**ચુંણીમાં એજ લોકો જીતી ગયા**
**જેના પર ચોકડી મેં મારી હતી"**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## પોપટને..

ઉડ હવે ઉડ પોપટ પાંખો ફફડાવ તું !
ઉંચેરા આકાશે જઈને અડક તું !
તારા પગલે દીઠી હિંમત સચોટ છે
તારી ડગલીયે તો ઉછળતી દોટ છે
નુતન શબ્દોની કંઈ શોધે છટકતું... ઉડ હવે
ચાંદા સુરજ સાથે દોસ્તી તું કરજે,
જુદી હવાને જઈ વાતે વાગોળજે,
તારા તે નામના દીવડા દિપાવતુ.. ઉડ હવે
સવારે ઉઠીને ફુલડાં બે લાવજે
પ્રીતથી પ્રભુના ચરણે ચઢાવજે
આશીષ મેળવીને નીત પાછો આવ તું ! ઉડ હવે.
મનગમતું રહેવા એક ઘર બનાવજે !
જીવનના પંથ તું હેતથી કાપજે !
સાચા સંસ્કારને હંમેશા વાવતું ! ઉડ હવે..
ત્યાંની વાતો સઘળી દર મહીને લખજે !
ભેરૂ તુજ પાસે કયારેક બોલાવજે !
આપણી દોસ્તી સદા રાખજે અમર તું !... ઉડ હવે

**મંગળ રાવળ સ્નેહાતુર**

## ગઝલ તો સાંભળો

કેટલો મનોહર છે અવસર લો ગઝલ તો સાંભળો
આપણે જગમાં મુસાફર લો ગઝલ તો સાંભળો
આમ તો વિહવળ દીસો છો ને છતાં હળવી પળો
જીંદગી નશ્વર સરાસર, લો ગઝલ તો સાંભળો
આમ સૌના દિલ હરીશું, ફુલ સમ મહોરી ઉઠીશુ
એ જ કંડાર્યું જીગર પર લો ગઝલ તો સાંભળો
શાંત સૌ પારેવડાં જીવી રહ્યાં છે આ ચમનમાં
સ્નેહ ફેલાવો ધરા પર, લો ગઝલ તો સાંભળો
જેટલા આવ્યા અહીં,યુસુફ ફના સૌ થઈ ગયા
છે બધા નશ્વર મુસાફર, લો ગઝલ તો સાંભળો

**યુસુફ ગુંજાવી**

# શિકારી અને પક્ષીઓ

એક વાર એક શિકારી પોતાના કેટલાક સાથીદારો સાથે જંગલમાં પક્ષીઓને પકડવાને માટે એક જગ્યા પર જાળ બિછાવીને એમા અનાજના દાણા ફેલાવી દીધા.

જંગલના પક્ષીઓ અનાજ ખાવાની લાલચે એમાં ચણવાને માટે આવવા લાગ્યા. તે સમયે ત્યાં એક પોપટ આ દૃશ્ય જોતો હતો. તેણે દાણા ચણવા જતા પક્ષીઓને ત્યાં ન જવાનું કહેતો હતો. તે દરેકને સજાવતા કહેતો હતો કે, મિત્રો જરૂર ત્યાં કોઈ શિકારીએ જાળ બિછાવી હશે. તમારા માટે ત્યાં જવું એ ખતરાથી ખાલી નથી.

ત્યાં જતા પક્ષીઓ પોપટને જવાબ આપતા કે. જો ત્યાં શિકારીએ જાળ બિછાવી હશે તો પણ તે અમને પકડી નહિ શકે. કારણ કે અમને અમારા પૂર્વોજોની વાત આજે પણ યાદ છે."

પક્ષીઓને પૂર્વજો વાત કાંઈક એવા પ્રકારની હતી કે ઘણાં વરસો પહેલા એક શિકારીની જાળમાં કેટલાંક પક્ષીઓ ફસાયા હતા. પરંતુ બધા જ પક્ષીઓએ એકતા દાખવીને જાળ લઈને ઉડી ગયા હતા અને પોતાના મિત્ર ઉંદર પાસે જાળ કપાવીને પોતાની જાતને મુક્ત કરી હતી. આ પ્રકારે અમે સૌ જાળ લઈને ઉડી જઈશું. પરંતુ તુ તો સાવ ડરપોક છે. આમ કહીને સૌ પક્ષીઓ દાણા ચણવાને માટે ચાલ્યા ગયા.

જ્યારે બધા પક્ષીઓ દાણા ખાવામાં તલ્લીન હતા ત્યારે શિકારીએ તથા એના સાથીદારો એ એમની ઉપર જાળ ફેંકી.પક્ષીઓ એ વિચાર્યુ કે ભલે, ફેંકી શિકારીએ જાળ ! અમે સૌ સાથે ભેગા મળીને જાળ લઈને ઉડીશું.

પરંતુ શિકારી ચાલાક હતો. એણે પણ પૂર્વજોની કહેલી વાત સાંભળી રાખી હતી, જે પક્ષીઓ એ પણ સાંભળી હતી. એટલે તે વખતે લોખંડના તારની જાળી બનાવીને લાવ્યો હતો. જે વજનમાં ભારે હતી. અને પાછી મજબૂત! જ્યારે પક્ષીઓ એ પેટ ભરીને દાણા ખાઈ લીધા પછી બધાએ એક સાથે ઉડવાનો પ્રયત્ન કર્યો. બધી જ શક્તિ લગાવી જોઈ પણ તેઓ ઉડવામાં અસફળ રહ્યા. બધા પક્ષીઓ થાકીને લોથ થઈ ગયા. હવે શિકારીએ બધા પક્ષીઓને પાંજરામાં પૂરીને તેમને વેચવાને માટે શહેર તરફ જવા લાગ્યો.

ત્યાં જ રસ્તામાં એમને એક વાંદરો મળ્યો.બધા પક્ષીઓએ વાંદરાને કહ્યું,"અરે વાંદરાભાઈ ! તમે જલ્દીથી પોપટને લઈને સિંહ રાજા પાસે જાવ અને અમને આમાંથી છોડાવો."

વાંદરો તરત જ પોપટને મળીને તેને લઈને જંગલના રાજા સિંહ પાસે જઈને બધી વાત કહી સંભળાવી. રાજા સિંહ તરત જ વાંદરા અને પોપટ સાથે નિકળી પડ્યો.

શિકારી આટલા બધા પક્ષીઓ જોઈને ખૂબ જ ખુશ હતો. તે અને એના સાથીદારો એક વૃક્ષની નીચે આરામ કરતા હતા ત્યાં જ સામે સિંહ આવીને ઉભો રહ્યો. રાજા સિંહે જોરથી ત્રાડ (ગર્જના) કરી. જેને સાંભળીને શિકારી અને એના સાથીદારો ડરના માર્યા ધ્રુજવા લાગ્યા.

હાથ પગ કાંપવા લાગ્યા. સામે મોત જોતા ગળામાંથી કોઈ જ અવાજ નિકળતો ન હોતો. ડરના માર્યા તેઓ પક્ષીઓને પકડેલી જાળને ત્યાં મૂકીને ત્યાંથી ભાગવા લાગ્યા. તેજ ક્ષણે વાંદરો પેલા પોપટને લઈને આવી ગયો.પોપટ તરત જ ઉડીને નજીકના ગામે પહોચ્યા, ત્યાંથી એક લુહારને લઈને આવ્યો. લુહારે પોતાના ઓજાર વડે લોખંડની જાળને કાપીને બધા પક્ષીઓને મુક્ત કર્યા. બધા પક્ષીઓએ લુહારનો સિંહરાજાનો, વાંદરાનો તથા પોપટનો ધન્યવાદ કર્યા.અને આગળ કોઈ પણ લાલચમાં જ પકડવાની પ્રતિજ્ઞા લઈને પોતપોતાના માળા તરફ રવાના થયા

**-કમલેશ કંસારા**

## ટુકડો આકાશનો એક માંગે

પતંગોએ આકાશ ઝૂંટવી લીધું
અગાશીએ આવ્યું વિહંગોનું ટોળું
ભોળું એ ટોળું ઉડાઉડ કરતું,
ગભરાટમાં આમતેમ એ ભાગે
પતંગના દોરમાં પાંખ કપાય ને ઘાયલ થઈ ભોંય પર
તરફડવા લાગે, એ તો ટુકડો આકાશનો એક માંગે..
આકાશ આખું પતંગોથી છવાયું ને,
વૃક્ષની ઘટામાં આવી અટવાયું
મોજ કરો ભાઈ તમે ઉડાડી પતંગ
પણ કરશો ના અમને બહુ તંગ
દયામણી નજરે ને લોહીલુહાણ પાંખે,
વિહંગની વ્યથામાં મને એમ લાગે
એ તો ટુકડો આકાશનો એક માંગે..
પતંગના પેચમાં થયા ગુલતાન છો
થોડું રાખો જો તમે સાન ભાન
પતંગનુંપર્વ આમ લાગે રુપાળું
પણ પંખીને ઘાયલ થતાં જયાં ભાળું
હૈયે આવીને ન અટકે રૂદન, આંખે છલકાઈ જતાં આંસુ
લોહી નીંગળતી એની પાંખો જોઈને
રંગ પતંગના ફિક્કા બધા લાગે
એ તો ટુકડો આકાશનો એક માગે

**નટવર હેડાઉ**

## સાખી રે..!

કેમ કરૂં હું વાત સાખી રે..
અંતરમાં આઘાત સખી રે..
દિવસો રોવે પોક મુકીને,
કેમ વિતાવું રાત સખી રે..
યાદોનાં આ ઈંદ્રધનુષ,
સાર્યા આંસુ સાત સખી રે..
તારા વિના ટળવળતું આ
જીવન ઝંઝાવાત સખી રે..
બક્ષીસ છે આ પ્રેમની યારો,
નખશીખ ઉલ્કાપાત સખી રે..
નાતનો એક વિચાર કરીને
મેં સળગાવી જાત સખી રે..
ઝંખ્યો આંસુ શબ્દ કવિતા
સાંઈની સોગાત સખી રે..

**સાંઈરામ દવે**

# લઘુતાગ્રંથીમાં પિડાતી શાળાની બાળકી

બહાદુરપુર નામનું એક ગામ હતું. એ ગામમાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીવાડીનો હતો. વળી ગામમાંથી બનાસ નદીની નહેર પસાર થતી હતી એટલે ખેતીવાડી સમૃદ્ધ હતી. આથી આ ગામ નાનુ હોવા છતાં સમૃદ્ધ હતું. આથી જ ગામને એક સુંદર શાળાની ભેટ પણ મળી હતી.

આ શાળાની અંદર એક શિક્ષિકાબેન હતા જેમનું નામ સ્મિતાબેન હતું એ ખૂબ જ સારા શિક્ષક હતા પરંતુ એમની ઉંમર થઈ જવાથી શાળામાંથી એ નિવૃત્ત (વિદાય) થવાના હતા. એમણે પોતાનું સમગ્ર જીવન ગામના બાળકોને ભણાવવા માટે એવું ઘસી નાખ્યું હતું કે આ ગામના અનેક બાળકો મોટા થઈને ડૉક્ટર અને એન્જિનીયર બનેલા.

વિદાયની ઉજવણી આખું ગામ ભાગ લેવાનું હતું. ભવ્ય કાર્યક્રમ થયો. ગરબા અને નાટકો થયા. મીઠાઈઓ વહેંચાઈ પછી શાળાના બાળકો તથા ગામલોકોએ બેનને ભેટો આપવાની શરૂઆત કરી. જોતજોતામાં તો ભેટોનો ઢગલો થઈ ગયો. બાળકો એટલી અવનવી ભેટો લાવેલા કે દરેક ભેટ બીજી ભેટથી ચડિયાતી સાબિત થતી હતી. આ ભેટ એ બાળકોનો બેન પ્રત્યેનો પ્રેમ જ હતો.

હવે, આ નાનકડી શાળામાં રાધા નામની એક નાનકડી છોકરી હતી તેના માતા-પિતા મજૂરી કરતા હતા અને માંડ માંડ ગુજરાન ચલાવતા હતા એટલે રાધાને મન બેન માટે શું ભેટ લાવવી એ કરૂણ કોયડો હતો. કોઈપણ વસ્તુ લાવવા માટે જાણે એની પાસે કશું જ નહોતું છતાંપણ રાધા એક નાનકડા બોક્સમાં કશુંક મૂકીને એ બોક્સને રંગીન કાગળથી લપેટીને શાળામાં લઈ ગઈ અને ભેટ આપવાના સમયે સૌની સાથે લાઈનમાં છેલ્લે ઉભી થઈ ગઈ. ત્યારે અન્ય બાળકોનો અને સાથે શિક્ષકો ગામલોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો કારણ કે બધા લોકોને થયું કે આ ગરીબ છોકરી નાનકડા બોક્સમાં રંગીન કાગળથી લપેટીને શું આપશે શું એણે કોઈ વીંટી જેવી કિંમતી વસ્તુ ખરીદી હશે ? પરંતુ કોઈને કશું સમજાયું નહીં. વળી, બીજા લોકોની ભેટ મોટી અને ખુલ્લી હતી આથી બધાને ભેટ અંગે ખ્યાલ આવી જતો પરંતુ રાધાની ભેટ તો નાનકડા બોક્સમાં પેક હતી.

સૌની વચ્ચે નતમસ્તકે, શરમાતી શરમાતી રાધા સૌથી છેલ્લે બેન પાસે પહોંચી અને ભેટ આપી અને બેનને પગે લાગી રડી પડી એટલે બેને તરત જ એને સંભાળી લીધી અને છાતી સરસી ચાંપી દીધી. બધાને ખ્યાલ અવી ગયો કે રાધા પોતાની ગરીબીને લીધે લઘુતાગ્રંથિ અનુભવે છે.

એવામાં રાધાને બાજુમાં બેસાડીને સૌની વચ્ચે બેને ભેટનું બોક્સ ખોલ્યું. તમામ લોકો જોઈ રહ્યા હતા કે બોક્સમાંથી શું નીકળે છે. એવામાં બોક્સ ખુલ્યું અને બોક્સમાંની ભેટ જોઈને બેનની આંખમાં હર્ષના આંસુ આવી ગયા અને બેન રાધાને ભેટી પડ્યા. ત્યારબાદ બેને માઈકમાંથી ભાષણ આપ્યું જે સાંભળવા તમામ લોકો આતુર હતા.

બેને કહ્યું-"વહાલા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો તથા ગ્રામજનો. મારા વિદાય સમારંભામાં ગ્રામજનોએ જે પ્રેમ બતાવ્યો છે

તે અદ્દ્ભુત છે પરંતુ રાધાની ભેટ તો સર્વશ્રેષ્ઠ હતી આવી ભેટ તો કોઈકને જ મળી શકે અને એ ભેટ છે બોક્સમાંથી નીકળેલું ગુલાબનું ફુલ મિત્રો ગુલાબનું ફૂલ કાંટાની વચ્ચે ઉછરીને પણ હસતું રહે છે તેમજ ખુશ્બુ ફેલાવે છે. શું આપણે મનુષ્ય થઈને પણ આવુ કરી શકીએ છીએ ? હું પણ વિદાયની ઘડીથી દુ:ખી થઈ ગઈ હતી અને મારે આજે શું બોલવું એ જ પ્રશ્ન હતો અને સાથે સાથે વિદાય પછીના મારા જીવનમાં મારે શું કરવું એ પણ પ્રશ્ન હતો પરંતુ રાધાની એક ગુલાબની ભેટથી મને મારા તમામ સવાલના જવાબ મળી ગયા છે. હું તમને ગુલાબના ફુલની જેમ દુ:ખમાં પણ ખુશ રહેવા અને સુગંધ ફેલાવવાનો સંદેશો આપું તેમજ હું પોતે પણ વિદાય પછીના નિવૃત્તિના જીવનમાં ગુલાબની જેમ જ ખુશ રહીને જીવીશ અને બીજાના જીવનમાં સુગંધ ફેલાવીશ એવો સંકલ્પ કરૂ છું. સાથે તમામ ગ્રામજનોનો આભાર માનું છું પરંતુ રાધાનો તેની ભેટ સાથે વિશેષ આભાર માનું છું. અસ્તુ"

ગામલોકોએ ખુશ થઈને તાળીઓ પાડી. એક ધનવાન વ્યક્તિએ રાધાનો તમામ ખર્ચ આપવાની જાહેરાત કરી અને રાધાની જિંદગી ધન્ય બની ગઈ. આમ, સારી ભાવનાથી અપાયેલા એક ગુલાબના ફુલની ભેટની આ કમાલ હતી.

**કર્દમ ર.મોદી**
**મું.ચાણસ્મા**

# મોત ઉપર પહેરો

ઘણા સમય પહેલાંની આ વાત છે. ડંકપુર નામે એક ગામ હતું. તેમાં ડંકનાથ નામે એક રાજા રાજ્ય કરતો હતો તેને સુંદર મજાની એક પુત્રી હતી. તેનું નામ ઉષાકુમારી તે જેટલી સુંદર તેટલી જ ગુણવાન હતી. રાજાને તે ખુબ જ વ્હાલી હતી.

એક દિવસ રાજકુંવરી બિમાર પડી. તેને ધીમો ધીમો તાવ આવતો હતો. રાજાએ રાજવૈદ્યને બોલાવી રાજકુમારીની દવા કરવા જણાવ્યું. રાજવૈદ્ય વિવિધ પ્રકારના ઔષધો લાવ્યા. સુવર્ણ ભસ્મ અને જડીબુટીઓ પણ લાવ્યા.પરંતુ રાજકુમારીની તબિયત દિવસે દિવસે વધુ ને વધુ લથડવા લાગી.રાજાએ ગામેગામથી વૈદ્યો-હકીમો તેડાવ્યા અને રાજકુમારીની સારવાર કરવા જણાવ્યું. પરંતુ કોઈ દવા કામ લાગતી ન હતી. રાજકુમારી દિવસે દિવસે વધુ ને વધુ ફિક્કી લાગતી હતી. સુંદર પરવાળા જેવા તેના હોટ રૂની પુણી જેવા સફેદ થઈ ગયા હતા. અને આંખો નિસ્તેજ બનતી જતી હતી. એમ લાગતું હતું કે તેની લાલશ અને લોહી જાણે કોઈ ચુસી રહ્યું ન હોય. રાજાને રાજકુમારીની ચિંતા ખુબ સતાવવા લાગી. તેથી તે ખુબ હતાશ રહેતા હતા. પ્રજાજનો પણ રાજકુમારી બિમાર થવાથી શોકમગ્ન બની ગયા હતા. મહેલમાં ચારે તરફ સુનકાર અને સન્નાટો છવાયેલો રહેતો હતો. ન તો ઝાક ઝમાળ રોશની થતી કે ન કશી ઝાક ઝમાળ લોકો વાત પણ જરૂર પુરતી કરતા હતા. કોઈના મોં પર હાસ્ય જોવા મળતું ન હતું. ચારે તરફ ગમગીની ફેલાઈલી હતી. રસ્તે લોકો આવતા જતા પણ જરાય ચહલપહલ લાગતી નહી. મહેલના દરવાજે પહેરો ભરતા પહેરેગીરોના બુટના અવાજ સિવાય બધે સુનકાર લાગતો હતો. સોનાના છત્રી પલગમાં મખમલના બિછાને ઉષાકુમારી પોઢી હતી. તેના ગાલની લાલી કોઈ ચોરી ગયું હોય તેમ લાગતું હતું. તેનો શ્વેતવાન વધુ ફિક્કો લાગતો હતો. રાણીમાં તો પોતાનું હૃદય, તે તેના ઓશીકાં પાસે બેસી બોર બોર જેવડાં આસું સારતાં હતાં. રાજાજી પણ મહેલના એકાંત ખૂણે જઈ આંસુ સારી લેતા.

રાજાથી કાંઈ જાહેરમાં હિંમત ખોઈ ન બેસાય એમ તેઓ માનતા હતા. છતાં વ્હાલી રાજકુમારીને તડપતી જોઈ ઘણી વખત એમનું હૈયું પણ હાથ રહેતું ન હતું. રાજકુમારીની આંખો મીચાંયેલી હતી. તેથી બધાં એમ સમજતા હતાં કે રાજકુમારી સુઈ ગઈ છે.પરંતુ તે જાગતી હતી. એવામાં વૈદ્યરાજ આવ્યા.

'આવો વૈદ્યરાજ સાડીના પાલવથી આસું લુંછતાં રાણીએ કહ્યું.

'નમસ્તે ! રાણીમાં કુંવરીબાને હવે કેમ છે' એમ કહી વૈદ્યરાજે રાજકુમારી માથે હાથ ફેરવ્યો. પછી કંઈક ગણગણતા હોય તેમ રાણીમાંને કહ્યું.

'શું કહ્યું મને કંઈ ન સમજાયું વૈદ્યકાકા' નાનકડી રાજકુમારી બોલી.

'કાંઈ નહી બેટા આરામ કર' ભારે હૈયે વૈદ્યરાજે કહ્યું.

'ના વૈદ્યકાકા મને કહો શું રાજકુમારીને કોઈ મારી શકે ?' વૈદ્યરાજ સામે જોતાં રાજકુમારી બોલી.

'ના, બેટા, રાજકુમારીને કોઈ ન મારી શકે હોં' માંડ માંડ વૈદ્યરાજ બોલ્યા.

'માં તમે બધા શા માટે ગભરાવ છો, હું કહ્યું તેમ કરો.'

'શું બેટા'

'વીસ હથીયાર-ધારી સૈનિકો મારા પલંગની આજુબાજુ ગોઠવી દો'રાજકુમારી એ કહ્યું.

'હા, બેટા હમણાં જ વ્યવસ્થા કરાવું છું.' રાણીએ કહ્યું.

અને દાસીને બોલાવી સેનાપતિને હાજર કરવા આદેશ આપ્યો.

'મહારાણીનો જય હો 'સેનાપતિએ પ્રવેશતા' વિનય પૂર્વક સલામ કરી કહ્યું.

'સેનાપતિ, હમણાંને હમણાં વીસ હથીયારધારી ચુનંદા સૈનિકો ને રાજકુમારીની તહેનાતમાં હાજર કરો.'

'જેવો આપનો હુકમ' કહી સેનાપતિએ વિદાય લીધી.

'માં હવે યમરાજ મારો જીવ લેવા આવીજ નહી શકે, આપણાં સૈનિકો તેને જ મારી નાંખશે.' રાજકુમારીએ તેની કાલી ભાષામાં બાલસહજ રીતે કહ્યું:

'હાં બેટા, તું સાચું જ કહે છે. દિલાસો આપતાં રાણી બોલ્યાં.

થોડી જ વારમાં લાંબા ઉંચા અને મજબૂત બાંધાના એવા ખડતલ સૈનિકો ચળકતાં હથીયારો સાથે રાજકુમારીની આસપાસ ગોઠવાઈ ગયા.

રાજકુમારી એ તેની આસપાસ ઉભેલા સૈનિકોને જોયા પછી એક સૈનિકને બોલાવ્યો. અને કહ્યું.

'સામંતસિંહજી તમે બધા આવી ગયા હવે મને કાંઈ બીક નથી. તમે યમરાજને મારી હઠાવશોને ?'

'હાં રાજકુમારી અમે યમરાજને તમારી પાસે આવવા જ નહીં દઈએ.' સૈનિક સામંતસિંહે કહ્યું.

'માં મને પાણી આપો. ખૂબ તરસ લાગી છે' રાજકુમારી બોલી.

'લે બેટા.' કહી સોનાની કલાત્મક સુહારીમાંથી રાણીમાંએ રાજકુમારીને હીરાજડીત પ્યાલામાં પાણી આપ્યું.

'માં મને આંખ સામે કુંડાળાં દેખાય છે.. અંધારું.. અંધારું.. લાગે છે..માં આ લોકોને કહેને આ સૈનિકો મારૂ રક્ષણ કરતા નથી ? બધા ક્યાં ગયા..'

'કુવરી' કહેતાં રાણીમાંની હૈયાફાટ ચીસ નીકળી ગઈ. વૈદ્યરાજ અને રાજાજી એકદમ દોડી આવ્યા.સૈનિકો હજુય પહેરો ભરતા હતા.

**નટવર હેડાઉ**

## વણથંભ્યા...

પાના નં .૧ ચાલુ

પત્રકારો સાથે વાતચીતમાં અરુણ જેટલીએ કહ્યું હતું કે, જો તેમની પાસે કોઈ વિકલ્પ છે તો નામ સૂચવી શકે છે પરંતુ કોઈ નામ સુચવવામાં આવ્યા ન હતા જેથી રૂપાણી અને નીતિન પટેલ સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, શપથવિધિને લઈને પ્રાથમિક તૈયારીઓ શરૂ કરવામાં આવી ચુકી છે. નાણામંત્રી અરુણ જેટલી અને ભાજપના જનરલ સેક્રેટરી સરોજ પાંડેની દેખરેખ હેઠળ ગુજરાતના નવા મુખ્યમંત્રી પસંદગી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેટલી અને પાંડેની નિમણૂંક પાર્ટીની કેન્દ્રીય નેતાગીરી દ્વારા નિરીક્ષક તરીકે કરવામાં આવી હતી. ગુરુવારના દિવસે રાજ્યપાલ ઓપી કોહલીને રૂપાણી, નીતિન પટેલ અને અન્યોએ તેમના રાજીનામા સોંપી દીધા હતા. હાલમાં જ યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ બાદ રાજ્ય વિધાનસભાને વિખેરી નાંખવામાં આવી હતી. રાજ્યપાલ દ્વારા જાહેરનામુ પણ જારી કરવામાં આવ્યું હતું. આની સાથે જ નવી કેબિનેટની રચનાનો માર્ગ મોકળો થયો હતો. જો કે રૂપાણી નવી સરકારની રચના સુધી રખેવાળ મુખ્યમંત્રી તરીકે રહેશે. હાલમાં જ યોજાયેલી હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ખુબ જ ગળાકાપ સ્પર્ધા રહ્યા બાદ ભાજપે ૧૮૨ બેઠકોની વિધાનસભામાં ૯૯ સીટ જીતીને સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. કોંગ્રેસને ૭૭ બેઠક મળી હતી. ત્રણ અપક્ષ સહિત ૬ સીટો અન્યોને ફાળે ગઈ હતી. મુખ્યમંત્રી તરીકે રૂપાણી પહેલાથી જ પ્રબળ દાવેદાર તરીકે હતા. આ ગાળા દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને રાજ્યસભાના સાંસદ મનસુખ માંડવિયાના નામ પણ સપાટી ઉપર આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ૨૫મી ડિસેમ્બરના દિવસે નવી સરકાર સત્તા સંભાળે તેવી શક્યતા છે. ૨૫મી ડિસેમ્બર દિવસે પૂર્વ વડાપ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા અટલ બિહારી વાજપેયીનો જન્મદિવસ છે. શપથવિધિ કાર્યક્રમમાં ભાજપ શાસિત રાજ્યોના અનેક મુખ્યમંત્રીઓ, કેન્દ્રીયમંત્રીઓ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ હાજરી આપે તેવી શક્યતા દેખાઈ રહી છે.

આજે સવારથી જ મુખ્યમંત્રીના નામને લઈને ચર્ચા ચાલી રહી હતી. આજે મળેલી ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં બે નિરીક્ષકો ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સામાન્યરીતે વિધાનસભા પક્ષની બેઠકમાં પ્રદેશ પ્રમુખ, પ્રદેશ પ્રભારી અને નિરીક્ષકો ઉપસ્થિત હોય છે. અપક્ષ ઉમેદવારી કરીને જીતેલા લુણાવાડાના ધારાસભ્ય રતનસિંહ પણ કમલમ પહોંચ્યા હતા. તેઓ પહેલાથી જ ભાજપને બિનશરતી સમર્થન આપવાની વાત કરી ચુક્યા છે.

## કાંકરીયા કાર્નિવલને...

અનુસંધાન ૨ નુ ચાલુ..

કેમકે આ પ્રેઝન્ટેશનમાં ઓડિયો અને વિડિયો એમ બંને પ્રકારની અમદાવાદ શહેરને લગતી તમામ માહિતીઓ આપવામાં આવી છે.આ પ્રેઝન્ટેશનમાં કુલ મળીને ૧૨૫ જેટલા કલાકારો દ્વારા તેમનું પર્ફોર્મન્સ આપવામાં આવ્યું છે.આ ઉપરાંત ૨૯ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધીના સમયગાળામાં કાંકરીયા નગીનાવાડી અને ફૂટબોલ ગ્રાઉન્ડ એમ બે સ્થળોએ એરો મોડેલિંગની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે ખાસ શો લોકો સમક્ષ કરવામાં આવનાર છે જેમાં હેલીકોપ્ટર,ગ્લાઈડર,પાવર એરોપ્લેન,વગેરેની મદદથી હેરતઅંગેઝ પ્રદર્શન પણ કરવામાં આવનાર છે. શહેરમાં આ વર્ષે સૌ પ્રથમ વખત ભદ્રપ્લાઝા અને રીવરફ્રંટ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.જેમાં ગીત,ગઝલ અને સુફી સંગીત જેવા કાર્યક્રમોનો પણ સમાવેશ થાય છે.

## વાવના ગંભીરપુરા...

પાના નં .૮ ચાલુ

એફ.આઈ.આર પણ નોંધાવી છે અને ૮ હત્યારાઓના નામ જોગ ફરિયાદ આપી છે. તેમ છતાં પોલીસે આજદિન સુધી હત્યારાઓની ધરપકડ ન કરતાં જિ.પો.વડાને લેખિતમાં અરજી આપી ન્યાયની માંગ કરી છે અને જણાવ્યું છે કે મારા પુત્રની હત્યા કરનારા હત્યારાઓ બિન્દાસ ફરી રહ્યા છે. અને મારા પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી રહ્યા છે તેમ છતાં વાવ પોલીસની પક્કડથી હત્યારા દૂર કેમ ? તેવા આક્ષેપો કર્યા હતા વિશેષમાં મૃતક લાલાભાઈના પિતાએ મોહનભાઈ જગમાલ ભાઈ માળી (ઉ.વર્ષ ૬૦) એ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે મારા પુત્રની હત્યા કર્યાને આજે ૧૫ દિવસ વિતવા છતાં હત્યારા પોલીસ પક્કડથી દૂર છે. વાવ પોલીસને હત્યારાઓના નામોની યાદી અપાઈ છે તેમજ કુહાડી વડે તીક્ષ્ણ ઘાથી હત્યા કરાઈ તે કુહાડી પણ અપાઈ છે તેમ છતાં પોલીસ હવામાં તીર મારી રહી છે. જિ.પો.વડાને પણ આ બાબતે લેખિત અરજી આપી જાણ કરવામાં આવી છે. તેમ છતાં મારા પુત્રના હત્યારાઓ બિન્દાસ ફરી રહ્યા છે અને મારા પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી રહ્યા છે. જો મારા પુત્રના હત્યારાઓ નહી પકડાય તો હું આત્મ વિલોપન કરી દઈશ તેવી વાવ પોલીસને પણ લેખિત અરજી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મૃતકના પિતાએ ૮ હત્યારાઓના નામોની પાદી અને પુરાવાઓ રજુ કરવા છતાં પોલીસ હત્યારાઓને પકડવામાં કેમ રસ દાખવતી નથી ? તે પ્રશ્ન તાલુકાભરમાં ઉઠયો છે ત્યારે સત્વરે પોલીસ તાત્કાલિક કોઈ અઘટિત ઘટના સમર્થને પુર્વે હત્યા પ્રકરણના ૮ આરોપીને પકડી જેલ હવાલે કરી કાયદાનું ભાન કરાવે તેવો જનમત પ્રવર્તે છે.

## થરાદની નર્મદા...

પાના નં .૮ ચાલુ

રહેલા એક ખેડુતે તેને નહી જોતાં શંકા થતાં સામે કિનારે આવીને જોતાં નહેરના કિનારે યુવકના કપડાં ,મોબાઈલ અને પાકીટ મળી આવ્યું હતું.જેમાં રહેલા આધારકાર્ડમાં રમેશભાઇ મોતીભાઇ રાઠોડ નામ લખેલ હતું.આ વખતે ફોન રણકતાં તેમણે રિસીવ કરીને ઘટનાની હકીકતની જાણ કરતાં યુવકના પરિજનો નહેર પર દોડી આવ્યાં હતાં.જેમણે પાલિકાના તરવૈયા સુલતાનમીરને જાણ કરતાં દોડી આવેલા સુલતાને બપોરના એક વાગ્યાથી શોધખોળ હાથ ધરી હતી.દરમ્યાન સાંજના સાડાછ વાગ્યાના સુમારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો.જેને તેના પરિવારજનો તરત લઈને રવાના થઇ ગયા હતા. આ બનાવની પોલીસ દફતરે કોઇ નોંધ થવા પામી ન હતી.બનાવથી પંથકમાં ભારે ચકચાર મચવા પામી હતી.

## ડીસાના માલગઢના...

પાના નં .૮ ચાલુ

તેઓએ કોલ ડિટેલ કઢાવતા તેમાં શૈલેશનું નામ નીકળતા ગામના ચાર ઈસમો તેને રસ્તામાં અટકાવી તું કેમ વારંવાર ફોન કરે છે તેમ કહી ઉઠાવી લઈ ગયા હતા અને બાઈક થી ઘસડી મૂઢમાર મારી અર્ધમુંડન કરી મોડીરાત્રે ઘર પાસે ફેંકી ગયાં હતાં.

યુવકને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. પરિવારજનોએ ફરિયાદ નોંધવાની કામગીરી હાથ ધરી છે.

## બનાસ મેડિકલ...

પાના નં .૮ ચાલુ

એટલે કે બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટયુટ માટે દાન આપવા માટે અવિરત પ્રવાહ ચાલુ છે. દૂધ ઉત્પાદકોનું અંગતપણે એવું માનવું છે કે એક સમય હતો કે બનાસકાંઠા જિલ્લામાં કોઈ પણ માણસ બિમાર પડે ત્યારે દૂર શહેર સુધી જવું પડતું હતું પરંતુ હવે ઘરના આંગણે તમામ પ્રકારની સુવિધાવાળી હોસ્પિટલ તૈયાર થવા જઈ રહી છે તેથી દૂર શહેર સુધી જવું નહી પડે. બનાસ ડેરીના કોઈ પણ દૂધ ઉત્પાદક સભ્ય બિમાર પડશે તેને ખૂબ સારી રીતે સેવા મળશે. બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકો બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટયુટમાં ધર્માદા ફંડ આપીને ગલબાકાકાની જન્મ શતાબ્દી ઉજવણીમાં પણ પોતાનો સહયોગ આપી રહ્યા છે.

બનાસ ડેરીના માનનીય ચેરમેન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગલબાભાઈ નાનજીભાઈ પટેલની જન્મ શતાબ્દીના અવસરે અનેક પરોપકારી કાર્ય થાય તે માટે ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને કર્મચારી આરોગ્ય કેન્દ્ર સંચાલન, ગ્રામ્ય કક્ષાએ માનવ આરોગ્ય માટે જાગૃતિના કાર્યક્રમો કરવા સાથે લેખો પ્રસિદ્ધ કરવા, જનરિક દવાના સ્ટોર ખોલવા વગેરેનો સમાવેશ થાય છે. બનાસકાંઠામાં આરોગ્યની સેવાઓ સરળતાથી ઉચ્ચ કક્ષાની અને સસ્તી મળી રહે તે માટે ટ્રસ્ટ દ્વારા હાલમાં બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટયુટની સ્થાપનાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે.

બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે બૃહદ બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકોએ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટયુટ માટે સહયોગ આપેલ છે તે આનંદદાયક છે. બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ જગતનો એક નવો અધ્યાય શરુ થયો છે. મને ચોક્કસ આશા છે કે બનાસકાંઠા જિલ્લો આગામી સમયમાં શૈક્ષણિક જગતમાં મોખરાનું સ્થાન મેળવશે અને તેના તમામ શ્રેય જિલ્લાના તમામ દૂધ ઉત્પાદકો મળશે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૭૩૦૦-૩૭૮૦૦**
રૂપુ કાચું ૩૭૫૦૦-૩૭૮૦૦
સોનુ તોલો ૨૯૩૦૦-૨૯૭૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૫૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૬૬૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૦૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
પલી. અંકુર સીંગતેલ ૫૧૦
**૧૫ લીટર સનફ્લાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦

ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦

મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૫૫૦-૩૬૫૦**
**ખાંડ એમ. ૩૬૫૦-૩૭૫૦**
ખાંડએલ. ૩૯૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦

વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૩૦૦-૪૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૦૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૩૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૪૦૦-૬૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૬૦૦-૮૦૦

# આદર્શ કૌભાંડ : કોંગ્રેસ નેતા અશોક ચવ્વાણને રાહત

મુંબઈ

ટુજી કૌભાંડમાં કોર્ટના ચુકાદાથી રાહતનો અનુભવ કરી રહેલી કોંગ્રેસ પાર્ટીને વધુ એક મોટી રાહત મળી ગઈ છે. હવે મુંબઈ હાઈકોર્ટ તરફથી રાહત મળી છે. હાઈકોર્ટે આદર્શ સોસાયટી કૌભાંડ મામલામાં કોંગ્રેસ નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્વાણ પણ કેસ ચલાવવાની મંજુરી આપવાના રાજ્યપાલના આદેશને ફગાવી દીધો છે. હાઈકોર્ટના ચુકાદા બાદ અશોક ચવ્વાણે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, રાજ્યપાલનો આ આદેશ સંપૂર્ણપણે રાજકીયરીતે પ્રેરિત અને પક્ષપાતપૂર્ણ હતો. તેઓએ ફરી એકવાર આને કમનસીબ તરીકે ગણાવ્યો છે. અશોક ચવ્વાણે કહ્યું છે કે, કોર્ટનો વિસ્તૃત આદેશ વાંચી લીધા બાદ જ તેઓ આ મામલામાં કોઈ વધુ ટિપ્પણી કરશે. અત્રે નોંધનીય છે કે, આ મંજુરી મહારાષ્ટ્રના રાજ્યપાલે સીબીઆઈને વર્ષ ૨૦૧૬માં આપી હતી. ચવ્વાણના વકીલે કોર્ટમાં કહ્યું હતું કે, ફેબ્રુઆરી ૨૦૧૬માં રાજ્યપાલ સી વિદ્યાસાગર રાવે પુરાવાના આધાર પર નહીં બલ્કે રાજકીય માહોલના કારણે આને મંજુરી આપી હતી. અશોક ચવ્વાણ પર આદર્શ સોસાયટીમાં પોતાના સંબંધીઓને બે ફ્લેટ આપવાના બદલામાં વધારાની ફ્લોર સ્પેશ ઈન્ડેક્સ આપવાનો આક્ષેપ મુકાયો હતો. તેમના ઉપર આક્ષેપ થયો હતો કે, જ્યારે તેઓ મહેસુલી મંત્રી હતા ત્યારે ગેરકાયદેરીતે સેના સાથે નહીં જોડાયેલા લોકોને પણ ૪૦ ટકાથી વધારે ફ્લેટની મંજુરી આપી હતી. સીબીઆઈની એફઆઈઆરમાં તેમના નામનો ઉલ્લેખ કરાયો હતો પરંતુ ડિસેમ્બર ૨૦૧૩માં એ વખતના રાજ્યપાલ શંકર નારાયણે ચવ્વાણ ઉપર ખટલો ચલાવવાની મંજુરી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. માર્ચ ૨૦૧૫માં હાઈકોર્ટે ચવ્વાણની માંગ સ્વીકારવા ઈન્કાર કર્યો હતો.

# વિજય રૂપાણી જુદા જુદા હોદ્દા પર કામ કરી ચુક્યા

અમદાવાદ

વિજય રૂપાણી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ફરી એકવાર સત્તા સંભાળવા જઈ રહ્યા છે. વિજય રૂપાણી પોતાની કારકીર્દી દરમિયાન અનેક જુદા જુદા હોદ્દાઓ ઉપર કામ કરી ચુક્યા છે. રંગુન શહેરમાં જન્મ થયા બાદ તેમના પરિવારના સભ્યો રાજકોટ આવી ગયા હતા. બીજી ઓગસ્ટ ૧૯૫૬ના દિવસે જન્મેલા વિજય રૂપાણી ૧૯૬૦માં પરિવાર સાથે રાજકોટ આવી ગયા હતા. ત્યારથી જ રાજકોટમાં રહે છે. તમામ લોકો જાણે છે કે, વિજય રૂપાણી વિદ્યાર્થી ગાળા દરમિયાનથી જ સામાજિકરીતે સક્રિય રહ્યા છે. બીએ એલએલબી સુધી અભ્યાસ કર્યો છે. રાજકીય સફરની વાત કરવામાં આવે તો વિજય રૂપાણીએ ૧૯૮૮થી ૧૯૯૫ના ગાળા દરમિયાન રાજકોટ મહાનગર પાલિકામાં સ્ટેન્ડિંગ ચેરમેન અને મેયર તરીકે રહ્યા હતા. ગુજરાત પ્રદેશ ભાજપમાં મહત્વની જવાબદારી તેઓ અનેક વખત અદા કરી ચુક્યા છે. ૨૦૦૬માં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ, ૨૦૦૬થી ૨૦૧૨ દરમિયાન રાજ્યસભાના સાંસદ તરીકે, ૨૦૧૩ના અંતમાં થોડાક સમય સુધી મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડમાં ચેરમેન તરીકે રહી ચુક્યા છે. સૌરાષ્ટ્ર સ્ટોક એક્સચેંજના ડિરેક્ટર તરીકે પણ રહી ચુક્યા છે. છેલ્લે હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં રાજકોટમાંથી ભવ્ય જીત મેળવી હતી. વડાપ્રધાન મોદીએ સૌથી પહેલા જ્યાંથી ચૂંટણી લડી હતી તે રાજકોટ સીટ ઉપર વિજય રૂપાણી લડ્યા હતા અને કેબિનેટ મંત્રી બન્યા હતા. તેમની પાસે પાણી પુરવઠા, વાહન વ્યવહાર અને શ્રમ અને રોજગારના વિભાગો હતા. તેમની ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ૭મી ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે રૂપાણીને મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.

રૂપાણીના ગાળા દરમિયાન સરકાર સામે શ્રેણીબદ્ધ પડકારો આવ્યા હતા જેમાં પાટીદાર અનામત આંદોલન, દલિતોના આંદોલન, આદિવાસીઓના વિરોધ, ખેડૂતોના વિરોધનો સમાવેશ થાય છે. આ ઉપરાંત છેલ્લા ૨૨ વર્ષથી ભાજપનું શાસન હોવાથી સત્તાવિરોધી લહેરની સ્થિતિ હતી. આ તમામ પડકારો હોવા છતાં વિજય રૂપાણીએ ખુબ જ સફળતાપૂર્વક કામગીરીને આગળ વધારી હતી અને ગુજરાતનો વિકાસ આગળ વધાર્યો હતો.

# ટ્વેન્ટી ક્રિકેટમાં રોહિતની હવે સૌથી ઝડપી સદી થઇ

ઈન્દોર

ભારતીય કેપ્ટન રોહિત શર્માએ આજે વધુ એક સિદ્ધિ હાસલ કરી હતી. રોહિત શર્મા ટ્વેન્ટી ક્રિકેટમાં પણ સૌથી ઝડપથી સદી કરવાના રેકોર્ડ સુધી પહોંચી ગયો છે. રોહિત શર્માએ દક્ષિણ આફ્રિકાના ડેવિડ મિલરના રેકોર્ડની બરોબરી કરી લીધી છે. રોહિત શર્માએ આજે માત્ર ૩૫ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૧૦ છગ્ગાની મદદથી આ રેકોર્ડ સિદ્ધિ હાસલ કરી હતી. ડેવિડ મિલરે પણ આ વર્ષે ૨૯મી ઓક્ટોબરના દિવસે બાંગ્લાદેશની સામે ૩૫ બોલમાં સદી ફટકારી હતી. ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમમાં રોહિત શર્માએ ચોગ્ગા છગ્ગાની રમઝટ બોલાવી હતી. આ મેચમાં રોહિતે ૧૨ ચોગ્ગા અને ૧૦ છગ્ગા સાથે ૧૧૮ રન ૪૩ બોલમાં બનાવ્યા હતા. જો કે, સદી ૩૫ બોલમાં પુરી કરી હતી. આ અગાઉ ટ્વેન્ટી ક્રિકેટમાં ભારત તરફથી સૌથી ઝડપી સદીનો રેકોર્ડ રાહુલના નામ ઉપર હતો. રાહુલે વિન્ડિઝ સામે લોન્ડરહિલ્સમાં ૪૬ બોલમાં સદી કરી હતી. ટ્વેન્ટી ક્રિકેટમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ ક્રિસ ગેઈલના નામ ઉપર છે. ગેઈલે ૩૦ બોલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમતા પુણે સામે સદી ફટકારી હતી.

# શેરબજારમાં તેજી : સેંસેક્સ ૧૮૪ પોઈન્ટ સુધરીને બંધ

મુંબઈ

શેરબજારમાં આજે આશાસ્પદ સ્થિતિ વચ્ચે તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૮૪ પોઈન્ટ સુધરીને ૩૩૯૪૦ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ હવે ૩૪૦૦૦ની દિશામાં આગળ વધી રહ્યો છે. ક્રિસમસ સુધી ૩૪૦૦૦ની સપાટી કુદાવે તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ નિફ્ટી ૫૩ પોઈન્ટ ઉછળીને ૧૦૪૯૩ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ અને નિફ્ટી બંને ઉંચી સપાટીએ બંધ રહેતા કોરાબારીઓ આજે ખુશખુશાલ દેખાયા હતા. ગઈકાલે શેરબજારમાં મંદી રહ્યા બાદ આજે ફરીવાર તેજીનો માહોલ જામ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની બે રાજ્યોમાં જીતથી કારોબારીઓ આશાવાદી દેખાઈ રહ્યા છે. હવે સંપૂર્ણ ધ્યાન બજેટ ઉપર કેન્દ્રિત કરી દેવામાં આવ્યું છે. એસ્ટ્રોન પેપરના આઈપીઓ દ્વારા ૭૦ કરોડ રૂપિયા ઉભા કરી લેવામાં આવ્યા છે. વોલ સ્ટ્રીટ શેરમાં તેજી રહી હતી. શેરબજારમાં પ્રવાહી સ્થિતી હાલમાં રહી શકે છે. આગામી દિવસોમાં અને સંસદના શિયાળુ સત્રમાં વધુ મજબૂતી સાથે સરકાર પોતાના મુદ્દા રજૂ કરી શકશે.હાલમાં શેરબજારમાં પ્રવાહી સ્થિતી રહેવાની શક્યતા છે. બજેટમાં કેટલાક લોકલક્ષી પગલા લેવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. સરકારને આર્થિક સુધારા, નોટબંધી, જીએસટીના મુદ્દે લોકોની નારાજગી હોવા છતાં ગુજરાત અને હિમાચલપ્રદેશમાં જીત મળી ગઈ છે. જેથી આગામી દિવસોમાં અને સંસદના શિયાળુ સત્રમાં વધુ મજબૂતી સાથે સરકાર પોતાના મુદ્દા રજૂ કરી શકશે.હાલમાં શેરબજારમાં પ્રવાહી સ્થિતી રહેવાની શક્યતા છે. બજેટમાં કેટલાક લોકલક્ષી પગલા લેવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. કારોબારના અંતે સેંસેક્સ ૨૧ પોઈન્ટ ઘટીને ૩૩૭૫૬ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ચાર પોઈન્ટ ઘટીને ૧૦૪૪૦ની નીચી સપાટી પર રહ્યો હતો.શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી શકે છે. બજારના કારોબાર પર તમામ લોકોની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. બજેટ પર હવે ખાસ ધ્યાન અપાઇ રહ્યુ છે. બેંચમાર્ક ઈન્ડેક્સ ઉંચી સપાટીએ બંધ રહ્યા હતા. કારોબારના છેલ્લા ચરણમાં નિફ્ટીએ ૧૦૫૦૦ની સપાટી હાંસલ કરી હતી પરંતુ આજે આ આંકડાથી આંશિક નીચે બંધ રહ્યો હતો.

બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઉંચી બંધ સપાટી રહી હતી. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં એક ટકાનો અને નિફ્ટી પીએસયુ બેંકમાં ૧.૫ ટકાનો ઉછાળો સેક્ટરલ ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. વિદેશી યુરોપિયન બજારમાં મંદી રહી હતી. ત્રીજા ત્રિમાસિક ગાળાના આંકડા જારી કરવામાં આવી ચુક્યા છે. આજે માર્કેટ બ્રીડ્થ મજબૂત રહી હતી. ૧૫૭૦ શેરમાં તેજી અને ૧૧૭૩ શેરમાં મંદી રહી હતી. ૧૭૮ શેરમાં યથાસ્થિતિ રહી હતી.

# બિટકોઇનમાં ૫ દિનમાં ૧ તૃતિયાંશ સુધી ઘટાડો

મુંબઈ

આ મહિનાની શરૂઆતમાં જોરદાર ઉછાળાની સાથે મૂડીરોકાણકારોને જંગી કમાણી કરી આપનાર બિટકોઈનની કિંમતમાં એકાએક મોટો ઘટાડો થયો છે. છેલ્લા પાંચ દિવસના ગાળામાં ઘટાડાનો દોર આજે શુક્રવારે ૧૩૦૦૦ ડોલર સુધી પહોંચી ગયો હતો. ગયા રવિવારના દિવસે ૨૦૦૦૦ ડોલર સુધીની કિંમત પર પહોંચી ગયા બાદ બિટકોઈનની કિંમતમાં એકાએક એક તૃતિયાંશ સુધીનો ઘટાડો નોંધાયો હતો. આ વર્ષની શરૂઆતમાં ૧૦૦૦ અમેરિકી ડોલરથી ઓછા સ્તર પર કારોબાર કરી રહેલા આ ક્રિપ્ટો કરન્સીની કિંમતમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. આ આં-કડો રવિવારના દિવસે ૧૯૬૬૦ ડોલર સુધી પહોંચી ગયો હતો.

# કાર્નિવલ દરમિયાન ૧૦૦ મહિલા પોલીસ ફરજ પર

અમદાવાદ

આગામી સોમવાર અને ૨૫મી ડિસેમ્બરથી શહેરના કાંરીયા ખાતે શરૂ થનારા સાત દિવસના કાર્નિવલને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.આ યોજનમાં ૧૦૦ જેટલા મહિલા પોલીસ કર્મીઓ જિન્સ અને ટી-શર્ટમાં ફરજ બજાવશે આ સાથે જ ૧૦૦ જેટલા સીસીટીવી કેમેરા સ્ટ્રેટેજીક લોકેશન ઉપર મુકવામા આવશે આ ઉપરાંત એન્ટી પીક પોકેટીંગ સ્કવોર્ડ પણ કાર્યરત કરવામાં આવ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ,સોમવારથી શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા કાંકરીયા ખાતે કાર્નિવલનો આરંભ કરવામા આવનાર છે આ અગાઉ અમદાવાદ શહેર પોલીસ દ્વારા સઘન સુરક્ષા બંદોબસ્તના ભાગરૂપે અત્યારથી જ તેને લગતી તમામ તડામાર તૈયારીઓ કરી લેવામાં આવી છે.આ વર્ષે સુરક્ષાને લઈને કરવામા આવેલા નિર્ણયોમાં ૧૦૦ જેટલા મહિલા પોલીસ કર્મચારીઓ તેમના ડ્રેસને બદલે જિન્સ અને ટી-શર્ટમાં ફરજ બજાવશે જેથી રોમીયોગીરી કરનારાઓને સરળતાથી પકડી લઈ શકાય.આ ઉપરાંત ૧૦ જેટલી એન્ટિ રોમીયો સ્કવોર્ડ પણ કાર્યરત કરવામાં આવનાર છે.કાંકરીયા કાર્નિવલ દરમિયાન ૧૦૦ જેટલા અલગ અલગ સ્ટ્રેટેજીક લોકેશનો ઉપર સીસીટીવી કેમેરા પણ કાર્યરત કરવામાં આવનાર છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :.......................... પતિ/પિતા :..........................
માતા : .........................જ.તા. ..................ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : .........................................................
મોકલનારની સહી : ..............................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## અંકલેશ્વર જીઆઈડીસીમાંથી જીપીસીબીને એસીડીક એફલુઅન્ટ મળી આવ્યું

પ્રતિ. અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી અક્ષર એસોસીએટસ પાસેથી જીપીસીબીને હાઈલી એસીડીક એફલુઅન્ટ મળી આવ્યું હતું. જીઆઈડીસીમાં કેટલાક ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાંથી એસીડીક નિયત માત્રા કરતાં વધુ માત્રામાં એમોનિયા અને સી.ઓ.ડી વાળું એફલુઅન્ટ આવતું હોવાનું તંત્રને ધ્યાને છે. વારંવાર સૂચના, દિશાનિર્દેશ આપવા છતાં પણ કેટલાક એકમો ને જીવનમંત્ર બનાવી ચુક્યા હોય તેમ વર્તી રહ્યા છે. અને બેરોકટોક પોતાના પાપ રૂપી પ્રદુષિત એફલુઅન્ટ વહાવી રહ્યા છે. સૂત્રો ધ્વારા મળતી માહિતી અનુસાર કેડીલા ફાર્મા યુનિટ-૨ પાસે આવેલ ચેમ્બરમાંથી પ્રદુષિત એફલુઅન્ટ મહદંશે અવિરત ઓવરફલો જોવા મળતું હોય છે. આ અંગે ખુદ વધુમાં આ એફલુઅન્ટમાં એમોનિયા અને સી.ઓ.ડો. ની માત્રા પણ વધુ આવતી હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. આવા ચેમ્બરો સાથે કનેકટેડ એકમોમાં યોગ્ય તપાસ થવી જોઈએ તેવી પણ લોકબુમ ઉઠવા પામી રહી છે. જયારે પ્લોટનં.સી૧બી/૩૯૦૨ પર આવેલ અક્ષર એસોસીએટસ કંપની પાસે પણ એસીડીક એફલુઅન્ટ વહેતુ હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી. આ અંગે જીપીસીબીની ટીમે ઘનિષ્ટ તપાસ આદરતા અક્ષર એસોસીએટસ કંપની પાસેથી હાઈલી એસીડીક એફલુઅન્ટ મળી આવ્યું હતું. જેના સેમ્પલ લઈ વડી કચેરી ખાતે જાણ કરવાના ચક્રો ગતિમાન હાથ ધરાયા છે. અલગ અલગ જગ્યાઓ પર પ્રદૂષિત એફલુઅન્ટ જીપીસીબી માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યું છે. એક તરફ જીપીસીબીમાં ઓછો સ્ટાફની બુમ જયારે બીજી તરફ કેટલાક ઉદ્યોગોની નીતિ અંકલેશ્વરના પર્યાવરણના ભવિષ્ય માટે ચિંતાનો વિષય બન્યો છે. આવનાર દિવસોમાં નવી સરકાર આ અંગે ગંભીરતાથી વિચારે તેવી લોકમાંગ પણ ચોક્કસ ઉઠશે તેમાં કોઈ બે મત નથી.

## રાધનપુરમાં રોટરી ક્લબનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

રાધનપુર

રાધનપુરમાં રોટરી ક્લબના નવા અને જુના રોટેરીયન મિત્રોને રોટરી ક્લબ વિષે વિસ્તૃત જાણકારી મળે એ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં આસી.ગવર્નર ધનરાજભાઈ ઠક્કરે ઉપસ્થિત રહીને રોટરી ક્લબની કામગીરી,તેના ઉદ્દેશો અને સેવાઓ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી,આ પ્રસંગે પ્રમુખ ડો.પ્રવીણ બી.ઓઝાએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે રસસભર માહિતી પુરી પાડી હતી, ચાર્ટર પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણી,પ્રેસિડન્ટ ઈલેક્ટ ડો.ડી.ડી.ઠક્કર,સેક્રેટરી ઈલેક્ટ પરાશરભાઈ હાલાણી સહીત સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા,આ પ્રસંગે ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે પ્રમુખ તરીકે કમલેશભાઈ તન્ના અને સેક્રેટરી તરીકે કલ્પેશભાઈ ઠક્કરના નામની જાહેરાત પણ કરવામાં આવી હતી,કાર્યક્રમનું સંચાલન ડો.કિશોરભાઈ ઠક્કરે કર્યું હતું.

## નવલપુરમાં પત્નીને ફાંસો આપી મારી નાખનાર પતિને જનમટીપ

હિમતનગર

હિંમતનગર તાલુકાના નવલપુર ગામના વ્યક્તિએ અઢી વર્ષ અગાઉ તેની પત્નીને દૂપટ્ટાથી ગળુ દબાવી મોતને ઘાટ ઉતારી પ્રાંતિજ તાલુકાના ગેડ ગામના કોતરોમાં ફેકી દેવાની ચકચારી ઘટનાનો કેસ ડીસ્ટ્રીક્ટ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં કોર્ટે આરોપીને આજીવન કેદ અને રૂ.૫ હજારનો દંડ ફટકારવાનો હૂકમ કરવામાં આવ્યો હતો. અઢી વર્ષ અગાઉ પત્નીની લાશ પ્રાંતિજના ગેડ ગામના કોતરામાં નાખી દીધી હતી સમગ્ર ચકચારી ઘટનાની વિગત એવી છે કે, હિંમતનગર તાલુકાના નવલપુર ગામના સલમાનભાઈ મહેબૂબભાઈ ધ્રાંગા સાથે લાલપુરના ઝકરીયાભાઈ અકબરભાઈ ડોડીયાની દીકરી નસરીનબાનુની સગાઈ થઈ હતી. તે સમયે સલમાનભાઈએ ઝકરીયાભાઈને જણાવેલ કે હું બીએસએફમાં નોકરી કરુ છું અને મારૂ પોસ્ટીંગ બરોડા થયું છે. મને રજાઓ મળતી નથી જેથી સગાઈના ત્રણ જ માસમાં નસરીનબાનુ સાથે લગ્ન કર્યા હતા. લગ્નજીવનના છ એક માસમાં જ નસરીનબાનુ પર મારઝૂડ સહિતનો ત્રાસ ગુજારતાં તેમણે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને કોર્ટમાં મુદતો દરમિયાન બંને વચ્ચે સમાધાન સધાઈ જતાં બંને કોર્ટમાંથી સાથે ગયા હતા.ત્રીજા જ દિવસે નસરીનબાનુની લાશ પ્રાંતિજ તાલુકાના ગેડ ગામની કોતરોમાંથી મળી આવી હતી પોલીસ ધ્વારા તપાસ હાથ ધરવામાં આવતા બનાવના દિવસે સલમાન ધ્રાંગા નસરીનબાનુને સાથે લઈને પ્રાંતિજ ગયો હતો અને જુન ૨૦૧૫ના દિવસે સાંજે છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | મગફળી | ૭૨૫-૮૪૦ |
| એરંડા | ૮૪૮-૮૬૧ | રાજગરો | ૭૫૦-૮૪૩ |
| રાયડો | ૬૫૭-૬૭૩ | | **લાખણી** |
| મગફળી | ૭૧૧-૭૮૦ | એરંડા | ૮૪૧-૮૫૧ |
| રાજગરો | ૭૭૦-૮૩૨ | રાયડો | ૬૫૭-૬૬૬ |
| ઘઉં | ૩૨૦-૩૨૭ | ગવાર | ૭૩૫-૭૪૭ |
| બાજરી | ૨૫૦-૩૦૦ | વરીયાળી | ૧૦૭૫-૧૧૦૨ |
| અડદા | ૭૦૧-૮૩૦ | બાજરી | ૨૬૫ |
| ગવાર | ૭૩૧-૭૭૧ | કપાસ | ૧૦૦૦-૧૦૨૪ |
| મગ | ૮૭૧-૧૨૦૧ | | **થરા** |
| કપાસ | ૧૦૦૦ | જીરૂ | ૩૮૦૦-૩૯૮૫ |
| | **પાલનપુર** | એરંડા | ૮૫૦-૮૭૦ |
| ઘઉં | ૩૩૨-૩૭૫ | રાયડો | ૬૪૮-૬૬૫ |
| જુવાર | ૬૨૫-૬૩૧ | વરીયાળી | ૧૦૦૦-૧૪૦૦ |
| બાજરી | ૨૪૦-૨૫૫ | ગવાર | ૭૧૫-૭૫૦ |
| મગ | ૯૦૦-૯૨૨ | ઘઉ | ૩૧૭-૩૬૦ |
| અડદ | ૭૦૦-૮૩૫ | બાજરી | ૨૪૨-૨૬૯ |
| ગવાર | ૭૪૫-૭૫૮ | અડદ | ૭૮૦-૮૪૫ |
| એરંડા | ૮૬૦-૮૬૬ | મગફળી | ૯૦૦-૯૦૦ |
| રાયડો | ૬૭૯-૬૮૨ | | |

## વિસનગરના ધારાસભ્યને મંત્રી મંડળમાં સ્થાન મળે તેવી ચર્ચા

મહેસાણા

પાટીદાર અનામત આંદોલનના એ.પી.સેન્ટર વિસનગર સીટમાં ભાજપ કયારેય પરિણામ મેળવી શકશે નહી તેવી ચર્ચાઓ અને વીરોધ વચ્ચે ધારાસભ્ય ઋષિકેશ પટેલે હેટ્રીક સર્જતાં ધારાસભ્ય મંત્રી મંડળમાં સ્થાન માટે હક્કદાર બન્યા છે.

પાટીદાર અનામત આંદોલનનો ભડકો વિસનગરથી વધ્યો હતો. વિસનગરમાં રેલી બાદ ધારાસભ્યના કાર્યાલયમાં તોડફોડ કરતાં અને જીએમસીડી ગ્રાઉન્ડની રેલી બાદ તોફાનોમાં ફરીથી ધારાસભ્ય કાર્યાલય તેમજ તેમના નેચરલપાર્કમાં આગ લગાવી નૂકશાન કરતાં ઋષિભાઈને આશરે પાંચ કરોડનું નૂકશાન થયું હતું આટલું ઓછું હતું ત્યાં વળી ધારાસભ્યના નિવાસ સ્થાનને આગ લગાડવા ટોળું તેમના ઘરે પહોચ્યું હતું. આવા સંજોગોમાં પાટીદારો ધારાસભ્યથી નારાજ હતા. ભાજપ વિરોધી પાટી દારોનું માનવું હતું કે ઋષિભાઈ પટેલ ભાજપમાંથી ટિકીટ લાવશે તો જંગી મતોથી હારશે. ત્યારે ભાજપે ઋષિભાઈને ત્રીજી વખત રિપીટ કર્યા અને વિકાસવાદના કારણે લોકોએ તેઓને વીજયી બનાવ્યા હવે ધારાસભ્યને મંત્રી પદ મળે તેવી લોક માંગ ઉઠી છે.

## હારિજમાં પાલિકાના પૂર્વ પ્રમુખના પૌત્ર પર હુમલો : ચાર વિરૂધ્ધ ફરિયાદ

હારિજ

હારિજ પાલિકાના પૂર્વ પ્રમુખના પૌત્રને સામાન્ય બોલાચાલી બાદ ધોકા વડે માર મારતાં બને હાથે ફેકચર કરનારા ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવામાં આવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર હારિજના પૂર્વ પાલિકા પ્રમુખ મયુરજી ઠાકોરના પૌત્ર સંજય અરવીંદજી ઠાકોર શહેરની અંબિકા સોસાયટીમાંથી નીકળતા હતા ત્યારે સામાન્ય બાબતે ભરવાડ જયેશ સાથે બોલાચાલી થઈ હતી તે બાબતની અદાવત રાખી સંજય રામજી મંદિર પાસે ઉભો હતો ત્યારે ચાર ઈસમોએ ધોકા લાકડીઓ લઈ આવી માર મારી બંને હાથે ફેકચર કરી નાસી ગયા હતા. બાદમાં સંજયને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બાબતે હારિજના ભરવાડવાસમાં રહેતા કનુ ભરવાડ, સકતાભાઈ ભરવાડ, નવીન ભરવાડ અને રમેશ ભરવાડ સામે હારિજ પોલીસમાં ફરીયાદ નોંધાવામાં આવી છે.

## લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ખાતે 'સ્પોર્ટસ્-ડે' યોજાયો

પાટણ

દિનાંક ૧૬ થી ૨૦ ડિસેમ્બરની વચ્ચે લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ પાટણનાં વિવિધ વિભાગોમાં 'સ્પોર્ટસ્ ડે' ઉજવવામાં આવ્યો. આ દિવસે બાળકોએ વિવિધ રમતોમાં ભાગ લઈ પોતાનું રમત-રમતક્ષેત્રે રહેલું કૌશલ્ય પ્રદર્શિત કર્યુ હતું.વિવિધ રમતોમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરવા બદલ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ તથા પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામા આવ્યાં. સાંધિક રમતોમાં પણ ચેમ્પીયન તથા રનર્સઅપ બનેલ ટીમને પ્રમાણપત્ર મેડલ અર્પણ કરી સન્માનિત કરાયાં. સમગ 'સ્પોર્ટસ્ ડે' નું આયોજન શાળાનાં રમતગમત શિક્ષકો બળદેવભાઈ જોષી ભરતભાઈ પટેલ, મેહુલભાઈ ગોસાઈ અને ચિરાગભાઈ મોદીએ કર્યું હતું. શાળાનાં તમામ સ્ટાફમિત્રો આ કાર્યક્રમમાં સહભાગી બની કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શાળાના બંને વિભાગના આચાર્ય તથા ટ્રસ્ટીગણે વિજેતા બનેલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતાં.

## હુમલાઓની ઘટનાથી વેપારીઓમાં ડર: પેટ્રોલિંગ સઘન બનાવવા માંગ

**પાટણના વેપારીઓ પર થઈ રહેલા હુમલાઓથી વેપારીઓ ડર અનુભવે છે : વેપારી મંડળના પ્રમુખ**

પાટણ

પાટણના વેપારીઓ પર હુમલો કરીને લૂંટના પ્રયાસની ઘટનાઓ વારંવાર બનતા વેપારીઓ ભયની લાગણી અનુભવા લાગ્યા છે અને શહેર ચોરી બનાવો રોજ બરોજ ધ્યાને આવી રહ્યા છે. તેથી ત્રષ્ટ બનેલા વેપારી મહામંડળ હોદ્દેદારો સાથે વેપારીઓ ગુરુવારે એસપી કચેરી દોડી આવ્યા હતા. ત્યાં એલસીબી શાખામાં પીઆઈને રજૂઆત કરતા જણાવ્યુ કે અંધારૂં થતા ઘરે જવું પણ મુશ્કેલ બન્યું છે. પાટણ સીટી પેટ્રોલિંગ સઘન બનાવા માંગ કરી હતી.

૨૯ નવેમ્બરના રોજ જીઆઈડીસીમાંથી તેલના વેપારી રાજુભાઈ મોદી તેઓની દુકાન વધાવીને ઘરે આવી રહ્યા હતા ત્યારે તેઓની પર હિચકારો હુમલો કરીને લૂંટનો પ્રયાસ કર્યો હતો. અને ૧૨ ડિસેમ્બરે જુના ગંજના ઉદય ટ્રેડીંગ કંપની દુકાન બંધ કરીને જગદીશભાઈ ઠક્કર અને તેમનો પુત્ર ઘરે જઈ રહ્યા હતા તેમની પર હુમલો કરીને લૂંટના પ્રયાસ કર્યો હતો. અને વારંવાર ચોરીના બનાવો સહિત ત્રષ્ટ બનેલા વેપારીઓ ગુરુવારે વેપારી મહા મંડળ હોદ્દેદારો સાથે વેપારીઓ એસપી કચેરી દોડી આવ્યા હતા. પરંતુ એસપી હાજર ન હોય તેઓએ પાટણ એલસીબી શાખામાં ઈન્ચાર્જ પીઆઈ આર.બી. ભટોરને મૌખિક રજૂઆતમાં જણાવ્યુ કે વેપારીઓ ડરની લાગણી અનુભવી રહ્યા છે. કારણ કે અંધારૂં થતા વેપારી દુકાનો બંધ કરીને ઘરે જઈ રહ્યા હોય ત્યારે તેમની પર હિચકારી હુમલાઓ થાય છે. આ ચોર શખસોને ઝડપી પાડવા માંગ કરી હતી. ત્યારે પોલીસે વેપારીઓને વિશ્વાસ આપતા કહ્યું કે પેટ્રોલિંગ સઘન બનાવી આવી તસ્કરી ટોળકીને ઝડપી લાવા માટે પેસ્ટલી ટીમ કામ કરી રહી છે. આ રજૂઆતમાં હાજર વેપારીઓ વેપારી મહા મંડળના પ્રમુખ માસુખલાલ મોદી, સુરેશભાઈ પટેલ, હેમંત તન્ના સહિતના વેપારીઓ હાજર રહ્યા હતા.

## રાધનપુર કોલેજમાં વ્યસનમુક્તિ અંગે વક્તૃત્વસ્પર્ધા યોજાઈ

રાધનપુર

રાધનપુરમાં આર્ટસ & કોમર્સ કોલેજમાં એન.એસ.એસ.વિભાગ દ્વારા તથા તાલુકા હેલ્થ કચેરીના સહયોગથી યુવાનો વ્યસનમુક્ત બને તે હેતુથી પ્રિન્સિપાલ ડો.સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં બ્લોક હેલ્થ ઓફિસર ડો.કે.કે.પંચાલ, ડો.દિલીપભાઈ પ્રજાપતિ, ડો.રીના ઠક્કર, ડો.પ્રકાશભાઈ પ્રજાપતિ, ડો.નરેશભાઈ ડાભી સહિતે પોતાના પ્રવચનમાં વ્યસનમુક્તિ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જયારે આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડો.સી.વી.રાવલ, ડો.



ફરહાનાબાનું દીવાન,પ્રા સુરેશભાઈ પટેલે ભૂમિકા ભજવી હતી.

જેમાં ૧૮ સ્પર્ધકોમાંથી પ્રથમ નંબરે જાનકી પ્રજાપતિ, બીજા નંબરે અનીશા નાગોરી,અને ત્રીજા નંબરે પ્રિયંકા સુથાર રહ્યા હતા, તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા,આ કાર્યક્રમમાં વ્યસનમુક્તિ અંગેના સંકલ્પપત્રો ભરવામાં આવ્યા હતા.

## રાધનપુરમાં ભૂગર્ભ ગટરના કામમાં મોટાપાયે ગેરરીતિના આક્ષેપ

**મુદત ઉપરાંત ત્રણ વર્ષ વધુ જવા છતાંય ભૂગર્ભ ગટરની કામગીરીનું કોઈ ઠેકાણું નથી**

રાધનપુર

રાધનપુર નગરપાલિકા હદમાં શહેરના લોકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે માટે ગંદા પાણીના નિકાલ માટે મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૦૧૨ ના જાન્યુઆરી મહિનામાં ભૂગર્ભ ગટરની યોજનાને મંજૂરી આપવામાં આવી હતી અને જે અંગેનું ટેન્ડર રૂ.૩૫.૫૩ કરોડનું બહાર પડયું હતું, જેની સામે રૂ.૩૩.૩૭ કરોડમાં ૬.૦૮૨ ટકા નીચા ભાવે રાજકોટની ફેનીક્સ પ્રાઈવેટ લી. કંપનીએ ૧૮ મહિનામાં કામ પૂર્ણ કરવાની શરતે રાખ્યું હતું,અને કામ પૂર્ણ કરવાની મુદત ૧૭ જાન્યુઆરી ૨૦૧૪ રાખવામાં આવી હતી,આ કંપનીએ ૨૦૧૫ અને ૨૦૧૬ માં એમ બે વખત કામની મુદતમાં વધારાની માંગણી કરતા મુદત વધારી આપવામાં આવી હતી,પરંતુ આજે મુદત ઉપરાંત ત્રણ વર્ષ વધુ થવા છતાંય ભૂગર્ભ ગટરનો લાભ રાધનપુર શહેરની જનતાને ક્યારે મળશે તેનું કઈ ઠેકાણું નથી,આ બાબતે પાલિકાના સક્રિય સદસ્ય રમેશભાઈ મુળજીભાઈ ગોકલાણીએ પાણી પુરવઠા વિભાગને લેખિતમાં રજુઆત કરીને ભૂગર્ભ ગટરનું કામ કરતી કંપની પાંચ-પાંચ વર્ષથી લોકોને ઉલ્લૂ બનાવતી હોવાથી તાત્કાલિક કામ પૂર્ણ કરવા જણાવ્યું છે, જો તેમ કરવામાં નહિ આવે તો નામદાર હાઈકોર્ટનો આશરો લેવો પડશે તેવી પણ ચીમકી ઉચ્ચારવામા આવી છે. પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરને કરાયેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ રાજકોટની આ કંપનીને ૮૯.૧૮ કિલોમીટરની કામગીરી અને નવા સર્વે મુજબ ૧૧૫ કિલોમીટરની કામગીરી કરવાની હતી, શહેરના ત્રણ ઝોનમાં પમ્પીંગ સ્ટેશનો સ્ટેન્ડબાય મશીનરી સાથે પમ્પીંગ-મશીનરી જુદી-જુદી ક્ષમતાથી સૂચિત કરેલ છે, ટેન્ડરની શરતો મુજબ સીવર કલેક્ટિંગ સિસ્ટમ અને રાઈઝિંગ મેઈન પાઈપોનો નિયમ પ્રમાણે ઉપયોગ કરવામાં આવ્યો નથી,આ ભૂગર્ભ ગટર લાઈનનું કામ થયું તે બિલકુલ ભંગાર અને હલકી કક્ષાનું કરવામાં આવ્યું છે, જે યોજના શરુ થશે કે કેમ એ જ એક સવાલ છે,અને શરુ થશે તો સફળ થશે કે નહિ એ બાબતે શંકાઓ છે.

### ગેરરીતિના આક્ષેપ કરાયા

**આ રજુઆતમાં જણાવ્યા મુજબ ભૂગર્ભ ગટર યોજનાના કોન્ટ્રાક્ટર દ્વારા પાણીપુરવઠાના અધિકારીઓ અને ઉચ્ચ સત્તાધીશો સાથે મળીને મોટાપાયે ભ્રષ્ટાચાર કરાયો હોવાથી , ના તો અધિકારીઓ કોઈ જવાબદારી લે છે કે ના સત્તાધીશો જવાબ આપે છે,કોન્ટ્રાક્ટરના માણસને ફોન કરીને માહિતી માંગવામાં આવી તો ઉદ્ધતાઈભર્યો જવાબ મળ્યાની અને તમારાથી થાય તેમ કરી લો એવો જવાબ મળ્યો હોવાનું હાલમાં પણ કામગીરી ઠપ્પ હોવાનું રમેશભાઈ ગોકલાણીએ જણાવ્યું હતું.**

## રાજસ્થાનના સાગવાડાથી મહુડી જતાં પગપાળા સંઘના ૩ ઊંટ મોતને ભેટ્યા

**મોડાસાના વોલ્વો ગામ પાસે બનેલો બનાવ**

મોડાસા

રાજસ્થાનથી સાગવાડાથી જૈન શ્રાવકો મહેસાણાના મહુડી જૈન તિર્થના દર્શને પગપાળા હાથી, બળદગાડાં અને ઊંટલારી સાથે નિકળેલો સંઘ મોડાસાના વોલ્વા પાસે પહોંચ્યો ત્યારે સંઘ અચાનક એક પછી એક ત્રણ ઊંટોના મોત થતાં જૈન શ્રાવકોમાં અને જીવદયા પ્રેમીઓમાં દુઃખની લાગણી ફેલાઈ હતી. સાગવાડાથી મહુડી પગપાળા માનતાં પૂર્ણ કરવા ૨૫૦ જેટલા પદયાત્રીઓ હાથી બળદગાડાં અને ઊંટલારી સાથેની શોભાયાત્રા સાથે નિકળ્યા છે. ત્યારે આ જૈન શ્રાવકોનો કાફલો મોડાસાના વોલ્વા ગામ પાસેથી પસાર થતો હતો. તે દરમિયાન અચાનક શોભા યાત્રામાં જોડાયેલ ઊંટલારીના ત્રણ ઊંટની તબીયત અચાનક લથડી જતાં બે ઉંટ સ્થળ પર જ તરફડીયા મારી મોતને ભેટ્યા હતા. અન્ય એક ઊંટને સારવાર આપવામાં આવી હતી. પરંતુ તેને પણ બચાવી શકાયું ન હતું. ઊંટનું ક્યાં કારણોસર મોત નિપજ્યું તે જાણી શકાયુ ન હતું. ત્યારે અચાનક મોતને ભેટેલા ઉંટોની બુધવારે સાંજે દફનવિધિ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## રાધનપુરમાં હિંમતવિદ્યાનગર કેમ્પસમાં એચ.આઈ.વી.અંગે વ્યાખ્યાન યોજાયું

રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યા નગર કેમ્પસમાં આર્ટસ & કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં રોટરી ક્લબ દ્વારા એચ.આઈ.વી. જાગૃતિ અંગે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું,જેમાં રોટરી ક્લબના પ્રમુખ ડો.પ્રવીણ બી.ઓઝાએ એ ચ . આ ઈ . વી . અં ગે ઊંડાણપૂર્વક સમાજ આપીને તેનાથી બચવા માટે કયાં ઉપાય



કરવા તે અંગે માર્ગદર્શન પૂરું પડ્યું હતું,કોલેજના પ્રિન્સિપાલ ડો.સી.એમ ઠક્કર તેમજ સંસ્થાના પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણીએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## પાટણ જિલ્લાનું ઈકો-ટુરીઝમનું સર્વપ્રિય ક્ષેત્રઃ કોડધાનું વાડીલાલ તળાવ

પાટણ

અત્યારની વધતી જતી માનવ વસ્તીની સાથે કોંક્રેટના જંગલોનો પણ વધારો થઈ રહ્યો છે. જેની સામે કુદરીતી જંગલો તથા પ્રર્યાવરણનો નાશ થવા લાગ્યો છે. આ સાથે લોકો પણ કુદરતી વાતાવરણથી દૂર થવા લાગ્યા છે. જેના કારણે તેઓ કુદરતી સંપત્તિઓનું મહત્વ પણ સમજણમાં ઓછુ કરવા લાગ્યા છે. જેના કારણે પર્યાવરણ તેમજ જંગલોનો નાશ થઈ રહ્યો છે. આ બાબતને ગંભીરતા પૂર્વક ધ્યાને લઈ ભારત સરકાર તેમજ આપણી ગુજરાત સરકારે પણ લોકોને નેચર પ્રત્યે લગાવ વધે તેમજ લોકોને નેચર સાથે પ્રત્યક્ષ રીતે જોડી તેનું લાંબા સમય સુધી સરંક્ષણ થાય તે હેતુંથી ઈકો ટુરીઝમની શરૂઆત કરવામાં આવેલ છે. જેથી લોકોને કુદરતી સાંનિધ્યમાં રાખી તેની માટે લાગણી ઉદ્ભવ કરાવી કુદરતી સંપતી તેમજ પર્યાવરણનું સંરક્ષણ કરવામાં લોક ભાગીદારી મેળવી શકાય.

ગુજરાતમાં ૪૦ થી પણ વધારે ઈકો ટુરીઝમ થઈ શકે તેવા સ્થળો આવેલ છે. જેમાનું એક કચ્છનું નાનું રણ પણ છે. આ કચ્છના નાના રણનો કેટલોક ભાગ આપણા પાટણ જિલ્લામાં વન વિભાગ, પાટણમાં આવે છે. જેનાથી મોટા ભાગના લોકો અજાણ છે. પાટણ જિલ્લાની સમી તાલુકાનાં કોડધા ગામ પાસે વન વિભાગ પાટણ દ્વારા "કોડધા ઈકો ટુરીઝમ સેન્ટર" ઘણા વર્ષોથી બનાવવામાં આવેલ છે. આ જગ્યાએ વન વિભાગ દ્વારા દર વર્ષે શિયાળામાં શાળાના બાળકો માટે પ્રકૃતિ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

અત્યારે શિયાળાની મોસમ શરૂ થઈ ગઈ છે અને શિયાળો એટલે રણ માટેની સારામાં સારી સીઝન પણ કહેવાય. આપણા રણ વિસ્તારમાં સારા એવા આકર્ષણના સ્થળો આવેલા છે ઉપરાંત શિયાળામાં આયાવર વિદેશી પક્ષીઓનું પણ આગમન થાય છે. "કોડધા ઈકો ટુરીઝમ સેન્ટર" ના બહોળા પ્રચાર-પ્રસાર, ત્યાના સ્થાનિક લોકોની આવકમાં વધારો થાય તેમજ પર્યટકોની રણમાં ફરવાની ઈચ્છા પાટણ જિલ્લામાં નજીકમાં જ ઓછા ખર્ચમાં જ પુરી કરી શકાય તે હેતુંથી ચાલુ સાલથી "કોડધા ઈકો ટુરીઝમ સેન્ટર" ખાતે "રણ દર્શન ૨૦૧૭-૧૮" નું આયોજન વન વિભાગ, પાટણનાં સહકારથી ટુરીસ્ટ વેન્યુ, પાટણ દ્વાર તા.૨૫/૧૨/૨૦૧૭ થી ૨૬/૦૧/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ છે. જે પાટણ જિલ્લામાં પ્રથમ વખત થઈ રહેલ છે. જેનો લાભ લેવા તમામને હાર્દિક લાભ લેવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વાડીલાલ સંકુલમાં પર્યટકોને રાત્રિ રોકાણ માટે ટેન્ટની સુવિધા છે.

**ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

# બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઇન્સ્ટિટયુટ માટે દૂધ ઉત્પાદકો સહભાગી બન્યા



પાલનપુર

બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ.ગલબાકાકાની સ્મૃતિ અખંડ રહે અને તેમનો સેવા કરવાનો ગુણ સદાય ચાલતો રહે તે હેતુથી બનાસ ડેરીએ તેમની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. આ ટ્રસ્ટ થકી બનાસકાંઠા જિલ્લામાં અનેકવિધ સેવાલક્ષી પ્રવૃત્તિની શરૂઆત કરી છે અને તેનો અનેક લોકોને લાભ મળી રહ્યો છે.

દેશમાં પહેલી વખત એવી ઘટના બનવા જઈ રહી છે કે ખેડૂતો – દૂધ ઉત્પાદકોના સહયોગથી મેડિકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટયુટની શરૂઆત થઈ હોય. બનાસકાંઠાના વડા મથક પાલનપુરના મોરિયા ખાતે મેડિકલ કોલેજની શરુઆત કરવા માટે જઈ રહ્યા છીએ ત્યારે બૃહદ બનાસકાંઠા જિલ્લાના ૪ લાખ, ૨૨ હજાર દૂધ ઉત્પાદકો ધર્માદા ફંડ આપીને સહભાગી બન્યા છે.

સામાજિક કલ્યાણ થાય, સમાજ સેવા થયા તે હેતુ માટે જિલ્લાની દરેક દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ધર્માદા ફંડ જમા થયેલ હોય છે, તે માટે જિલ્લા સહકારી સંઘની મંજૂરી લઈને વાપરી શકાય છે. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટમાં ધર્માદા ફંડ

અનુસંધાન પાના નં.૬

# થરાદની નર્મદા નહેરમાં ખેંગારપુરાના યુવકની મોતની છલાંગ

(વિષ્ણુ દવે)



**નગરપાલિકાના તરવૈયાએ છ કલાકની શોધખોળ કરી મૃતદેહ બહાર કાઢ્યો**

થરાદ

પંથકમાં અરેરાટી મચાવ નાર બનાવની વિગતો મુજબ થરાદની નર્મદા નહેર પર શુક્રવારની બપોરના બારેક વાગ્યાના સુમારે તાલુકાના ખેંગારપુરા ગામના એક યુવકે પોતાનો મોબાઈલ અને કપડાં નહેરના કિનારા પર મુકીને અગમ્ય કારણોસર નહેરમાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. જો કે યુવકને નહેર પર ઉભેલો જોયા બાદ થોડીવાર માટે ધ્યાનભંગ થતાં સામે

અનુસંધાન પાના નં.૬

**હત્યા થયાને ૧૫ દિવસ થવા છતાં**

# વાવના ગંભીરપુરા ગામે હત્યારા ન પકડાતા પીડીત પરિવારની આત્મવિલોપનની ચીમકી

**ખેતરમાં ઊંઘેલા યુવકને કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હતો**

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના ગંભીરપુરા ગામે તા.૧૦/૧૨/૧૭ ના રોજ મધ્યરાત્રીએ ખેતરમાં મીઠી નીંદર માણી રહેલા લાલાભાઈ મોહનભાઈ માળીની ગામના જ આઠ શખ્સો એ સાથે મળી કુહાડીના ઘા વડે હત્યા કરી ફરાર થઈ ગયા હતા જો કે મૃતક લાલાભાઈના પિતા મોહન ભાઈ જગમાલભાઈ માળીએ વાવ પોલીસ સ્ટેશનમાં તા.૧૧/૧૨/૧૭ ના રોજ

અનુસંધાન પાના નં.૬

વિષ્ણુ પરમાર



## હત્યારાઓની યાદી

માળી ભૂરાભાઈ વાઘાભાઈ
માળી અંબારામભાઈ માનસેંગભાઈ
માળી ભાવાભાઈ માનસેંગભાઈ
માળી અમરતભાઈ લખમણભાઈ
માળી બાબુભાઈ લખમણભાઈ
માળી સુરેશભાઈ ભૂરાભાઈ
માળી વિક્રમભાઈ પબાભાઈ
માળી પબાભાઈ પ્રભુભાઈ

## હત્યારાઓને પકડવામાં પોલીસને રસ કેમ નથી ?

૧૫ દિવસ અગાઉ વાવના ગંભીરપુરા ગામની સીમમાં કુહાડીના તીક્ષ્ણ ઘા વડે હત્યા થયેલી જે કુહાડી પણ ગત તા.૨૧/૧૨/૧૭ ના રોજ પોલીસને મળી આવી છે તેમજ હત્યાને અંજામ આપનાર તત્વોની ફોન યાદી અને વિગતો પણ મળી છે. મૃતકના પરિવારજનોએ જિ.પો.વડાને લેખિત અરજી કરી છે તેમજ યોગ્ય ન્યાય નહી મળે તો આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારી છે છતાં વાવ પોલીસની ઉંઘ કેમ ઉડતી નથી ? હત્યારા કેમ પકડાતા નથી ? તેવા સવાલો સમગ્ર વાવ પંથકમાં ચર્ચાના ચગડોળે ચડવા પામ્યા છે.

# સાતમા ધોરણમાં ભણતી કિશોરીની જાતિય સતામણી કરનાર શખ્સને ત્રણ વર્ષની કેદ

**ધાનેરાના પેગીયા ગામે આધેડ વયની ઉંમરના શખ્શે આબરૂ લેવાની કોશિશ કરી હતી : ડીસા કોર્ટે આપેલો ચૂકાદો**

ડીસા

ધાનેરા તાલુકાના પેગિયા ગામે અઢી વર્ષ અગાઉ કુદરતી હાજતે ગયેલી સગીર વય ની કિશોરી પર બળાત્કાર કરવાની કોશિશ કરનાર શખ્સને ડીસાના સ્પેશિયલ પોક્સો જજ દ્વારા ત્રણ વર્ષની સજા ફટકારવાનો આદેશ કરાયો હતો. આ અંગેની વિગત એવી છેકે ધાનેરા તાલુકાના પેગીયા ગામે રહેતા પરિવારની ધોરણ સાતમાં અભ્યાસ કરતી કિશોરી ગત તારીખ ૧૬ /૮ /૨૦૧૫ના રોજ પોતાના ઘરની પાછળ



કુદરતી હાજતે ગઈ હતી. ત્યારે ગામમાં રહેતો જુમશાં કરીમશા ફકીર ઉંમર વર્ષ ૫૦ નામનો શખ્સ ત્યાં આવી કિશોરીની શારીરિક છેડતી કરી બળાત્કાર કરવાની કોશિશ કરી હતી.જો કે કિશોરીએ બૂમાબૂમ કરતાં આજુબાજુના લોકો દોડી આવતા જુમશાં ફકીર ત્યાંથી નાસી ગયો હતો.

આ બનાવ અંગે કિશોરીના પરિવારજનોએ ધાનેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તેના વિરુદ્ધ છેડતી અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તારીખ ૧૭/ ૮ /૨૦૧૫ ના રોજ તેની ધરપકડ કરી હતી.

જે કેસ ડીસા કોર્ટમાં ચાલી જતાં ડીસાના સ્પેશ્યલ પોક્સો જજ ડી. બી.બારોટે આરોપીને ઈ.પી.કો.કલમ ૩૫૪(બી) અને પોક્સો કલમ ૭ /૮ માં ત્રણ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આ કેસમાં સરકારી વકીલ નિલમબેન બ્રહ્મભટ્ટ દ્વારા બાળકોને રક્ષણ માટે કાયદાની જોગવાઈઓ ને લઈને આરોપીને વધુમાં વધુ સજા કરવા દલીલ કરી હતી .

# થરાદની નર્મદા નહેરમાં પાણી બંધ કરવામાં આવશે તો આંદોલન છેડાશે : આવેદનપત્ર અપાયું

**થરાદ વાવ તાલુકાના રાજકીય અગ્રણીઓનું સમારકામ થોડું મોડુ કરાવવા તંત્રને રજુઆત**

થરાદ

સરહદી થરાદ વાવ તાલુકામાંથી પસાર થતી જીવાદોરી નર્મદાની મુખ્ય નહેરમાં આગામી ૨૫ ડીસેંબરથી ૫ જાન્યુઆરી દરમ્યાન પાણી બંધ રહેવાનો પરિપત્ર સરદાર સરોવર નર્મદા નિગમની કચેરી ગાંધીનગર દ્વારા કરવામાં આવતાં થરાદ વાવ તાલુકાના સરહદી ગામો અને થરાદ શહેર સહિતના વિસ્તારોમાં પીવાના પાણીની તથા રવિ સિઝનમાં પિયત માટે પાણી નહી મળી શકવાના કારણે પાક પર અસર થવાની દહેશતથી ખેડુતોમાં ચિંતાની લાગણી ફેલાવા પામી છે.

વિષ્ણુ દવે



આ અંગે વાવના નવનિર્વાચિત ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, વાવ તાલુકા પંચાયત પ્રમુખના પતિ અમીરામભાઈ જોષી તથા થરાદના તાજેતરના વિધાન સભાના કૉંગ્રેસના ઉમેદવાર અને અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલે થરાદના નર્મદા વિભાગ, નાયબ કલેક્ટર તથા રાજ્યના સચિવને આવેદનપત્ર અને પત્ર સ્વરૂપે કરી હતી. જેમાં સરહદી થરાદ વાવ અને સુઈગામ તાલુકાના ખેડુતોની રવિ સિઝનના પિયતને અનુલક્ષીને નહેરનું સમારકામ એકાદ મહીનો મોડું કરવાની માંગણી કરવામાં આવી હતી.તેમ છતાં પણ જો નહેરમાં ખેડુતોને મળતું પાણી બંધ કરવામાં આવશે તો ગાંધીચિંધ્યા રાહે આંદોલનની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.વિભાગ દ્વારા આગેવાનોની માંગણી સરકારમાં મોકલી આપવાની ખાત્રી આપવામાં આવી હતી.

# ડીસાના માલગઢના યુવકનું અપહરણ કરી મારમારી અર્ધ મુંડન કર્યું

**રૉંગ નંબર પર ફોન કરવાનો મામલો : યુવકને પાલનપુર સિવિલમાં સારવાર હેઠળ રખાયો**

ડીસા

ડીસા તાલુકાના માલગઢ ગામના યુવકનું ગામના ત્રણ ચાર શખ્સો દ્વારા અપહરણ કરી મુઢમાર મારી અર્ધમુંડન કરવામાં આવ્યું હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. યુવકને સારવાર અર્થે પાલનપુર હોસ્પિટલ લઈ જવાયો છે.ફોન પર બેથી ત્રણ વખત રોન્ગ નંબર કરવાના કારણે બનાવ બન્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. યુવકના પરિવારજનોએ પોલીસ ફરિયાદ આપવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ડીસા તાલુકાના માલગઢ ગામે મોટી ઢાણી ખાતે રહેતા શૈલેષગિરી સરદારગીરી ગોસ્વામીએ ગામના કોઈ વ્યક્તિને બે-ત્રણ વખત રૉન્ગ નંબર ડાયલ કર્યો હશે. જેથી

અનુસંધાન પાના નં.૬




હાર્દિક અભિનંદન

આપ થરાદ વિધાનસભાની ચૂંટણીમાં વિજયી થયા તે બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપ ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન સર કરો એવી શુભેચ્છા.

શ્રી પરબતભાઈ પટેલ
નવનિયુક્ત ધારાસભ્ય,
થરાદ વિધાનસભા

લિ.
ઠાકોર રાણાજી સોમાજી




